RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 05-07-2026 I VOL : 12 I Issue : 110 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જે થાય છે તે સારા માટે જ થાય છે. સારા શબ્દો દિલ જીતી લે છે.

3  ડભોઇ નગરપાલિકાનું પાપ ધોવાયું : સામાન્ય વરસાદમાં મહુડી ભાગોળથી પરબડી સુધીનો રોડ બિસ્માર

4  રામમંદિરમાં મહાચોરીનો વિસ્ફોટ: બજરંગદળના સ્થાપક વિનય કટિયારનો સનસનાટીપૂર્ણ દાવો

6  બોલિવૂડમાં મહિલાઓ સાથે અન્યાય? રવીના ટંડને કર્યો એવો ખુલાસો કે ફેન્સ ચોંકી ગયા!

7  ઈન્ડિયા-Aનું બીજા દિવસે કમબેક, 247/1 રન બનાવ્યા, શ્રીલંકા-Aથી 119 રન પાછળ

## એક નજર...

### ત્રિશા કૃષ્ણન ZARA પર ભડકી : ઓનલાઇન મંગાવેલા કપડાંમાંથી પરસેવાની દુર્ગંધ આવતી હોવાનો આરોપ



સાઉથ સ્ટાર ત્રિશા કૃષ્ણન હાલમાં તમિલનાડુના મુખ્યમંત્રી અને સાઉથ સુપરસ્ટાર થલાપતિ વિજય સાથેના સંબંધને લઈને ચર્ચામાં છે. તેવામાં એક્ટ્રેસે એપેરલ બ્રાન્ડ ZARAની હોમ ડિલિવરી સર્વિસ પર નારાજગી વ્યક્ત કરી છે. તેણે દાવો કર્યો કે, સતત ત્રીજી વખત તેને એવા કપડાં મળ્યાં, જેમાંથી પરસેવાની દુર્ગંધ આવતી હતી.

## NEWS TRACK

### અમેરિકા-ઈરાન વચ્ચે ડીલ બાદ મિડલ ઈસ્ટમાં ખેલ, હોર્મુઝમાંથી માઈન્સ હટાવવા આ દેશો મેદાને

વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની ખાડીમાં જહાજોની સુરક્ષિત અવરજવર પુનઃસ્થાપિત કરવા માટે ફ્રાન્સે પશ્ચિમ એશિયામાં પોતાના માઈન કાઉન્ટરમેઝર્સ (બારૂદી સુરંગ હટાવનારા) જહાજો, ફ્રિગેટ્સ અને પેટ્રોલિંગ વિમાનો તૈનાત કર્યા છે. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X) પર આ અંગે સત્તાવાર માહિતી આપી છે. આ સાથે જ બ્રિટન અને ફ્રાન્સે સંયુક્ત રીતે જાહેરાત કરી છે કે તેઓ ઓમાન સાથે મળીને આ દરિયાઈ માર્ગની સુરક્ષા સુનિશ્ચિત કરશે.

રાષ્ટ્રપ્રમુખ મેક્રોનના જણાવ્યા અનુસાર, 17 જૂનના રોજ અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલો કરાર પ્રાદેશિક સ્થિરતા માટે એક મોટું પગલું સાબિત થયો છે, કારણ કે તેનાથી હોર્મુઝમાં પરિવહનની સ્વતંત્રતા ફરી મજબૂત થઈ છે. ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક અલ સઈદ સાથે થયેલી ચર્ચા બાદ ફ્રાન્સે પોતાની સૈન્ય વ્યૂહરચનામાં ફેરફાર કર્યો છે.

### બ્રિટનમાં હિન્દુઓને મોટો ઝટકો : ચર્ચ-મસ્જિદને જમીન ફાળવાઈ પણ મંદિરને કંઈ ના મળ્યું

બ્રિટનના કેમ્બ્રિજશાયરમાં વસતા હિન્દુ સમુદાયને મોટો આંચકો લાગ્યો છે, કારણ કે આ વિસ્તારમાં પ્રથમ હિન્દુ મંદિર બનાવવાનું તેમનું વર્ષો જૂનું સપનું હાલ પૂરતું અધૂરું રહી ગયું છે. સ્થાનિક કાઉન્સિલે ધાર્મિક પ્રવૃત્તિઓ માટે અનામત રાખેલી જમીન હિન્દુ સંગઠનને આપવાને બદલે એક ચર્ચ નેટવર્કને ૯૯૯ વર્ષની લાંબી લીઝ પર સોંપવાનો નિર્ણય કર્યો છે. આ પ્રોજેક્ટમાં એક મુસ્લિમ સંગઠન પણ ભાગીદાર બનશે, જેને નમાજ પઢવા તેમજ ધાર્મિક શિક્ષણ આપવા માટે અલગ જગ્યા ફાળવવામાં આવશે.

આ વિવાદ નોર્થસ્ટો શહેરનો છે, જ્યાં વસ્તી ખૂબ જ ઝડપથી વધી રહી છે. સાઉથ કેમ્બ્રિજશાયર ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલે આશરે 0.25 હેક્ટર જમીન નોર્થસ્ટો ચર્ચ નેટવર્ક (NCN)ને અત્યંત મામૂલી ભાડા પર ૯૯૯ વર્ષની લીઝ પર આપવાનું નક્કી કર્યું છે. સ્થાનિક હિન્દુ પરિવારોના સંગઠન 'હિન્દુ સમાજ નોર્થસ્ટો' (HSN) દ્વારા પણ આ જમીન માટે દાવો કરવામાં આવ્યો હતો.

### અફવાઓ વચ્ચે 40 દેશોમાંથી મેળવ્યું ઇંધણ

# મોટા મોટા દેશો ઓઈલ સંકટમાં ફસાયા પણ ભારત નહીં, જનતાને બચાવવા સરકારે નુકસાન વેઠ્યું: મોદી

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજસ્થાનની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે રાજ્યના બાલોતરા જિલ્લામાં દેશના સૌપ્રથમ 'ગ્રીનફિલ્ડ ઈન્ટીગ્રેટેડ રિફાઈનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ' ને રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. આ સાથે જ તેમણે જોધપુર એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. રાજસ્થાનથી એક વિશાળ સભાને સંબોધિત કરતા પીએમ મોદીએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને વૈશ્વિક ઉર્જા સંકટને લઈને ભારતના સાહસિક નિર્ણયો અને કૂટનીતિક તાકાતનો મોટો ખુલાસો કર્યો હતો.

પીએમ મોદીએ જણાવ્યું કે, પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે વેપાર માર્ગ પ્રભાવિત થયો છે. ભારત પોતાની એલપીજી જરૂરિયાતો માટે 60% સુધી આયાત પર નિર્ભર છે. યુદ્ધ દરમિયાન જ્યારે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની ખાડી બંધ થઈ ગઈ, ત્યારે ભારત એક ખૂબ જ મોટા સંકટ તરફ આગળ વધી રહ્યું



હતું. પરંતુ ભારત સરકારે સમય રહેતા સંકટનું આકલન કર્યું, યોગ્ય વ્યૂહરચના બનાવી અને પોતાની આંતરરાષ્ટ્રીય કૂટનીતિક તાકાતનો સકારાત્મક ઉપયોગ કરીને દેશને આ મુશ્કેલીમાંથી બહાર કાઢ્યો. રાજસ્થાનની ધરતીએ પણ આ સંકટમાંથી બહાર આવવામાં મોટી મદદ કરી છે.

## ગૃહ મંત્રાલયે જૈશ, લશ્કર એ તૈયબા અને અલ કાયદા સંબંધિત 23 પાકિસ્તાનીને આતંકી જાહેર કર્યા

નવી દિલ્હી

પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ વિરુદ્ધ કડક વલણ અપનાવતા ભારત સરકારના ગૃહ મંત્રાલયે એક મોટી કાર્યવાહી કરી છે. પાકિસ્તાનમાં આશ્રય લઈ રહેલા અને ત્યાંથી ભારત વિરોધી ગતિવિધિઓ ચલાવતા 23 વ્યક્તિઓને ગેરકાનૂની પ્રવૃત્તિઓ પ્રતિબંધક અધિનિયમ (UAPA) હેઠળ સત્તાવાર રીતે 'આતંકવાદી' જાહેર કરવામાં આવ્યા છે. સરકારના આદેશ અનુસાર, આ તમામ વ્યક્તિઓ લશ્કર-એ-તૈયબા (LeT), જૈશ-એ-મોહમ્મદ (JeM) અને અન્ય પ્રતિબંધિત આતંકી સંગઠનો સાથે સીધા જોડાયેલા છે. ગૃહ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ, આ 23 આતંકવાદીઓ જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓની ભરતી કરવા, સરહદ પારથી ઘૂસણખોરી કરાવવા, હથિયારોની હેરાફેરી કરવા અને ડ્રોન મારફતે હથિયારો મોકલવાના કાવતરામાં સામેલ છે. આ યાદીમાં સામેલ ત્રણ આતંકીઓ 2016 ના નગરટોટા આર્મી કેમ્પ હુમલામાં અને બે આતંકીઓ 2018 ના સુંજવાન મિલિટરી સ્ટેશન પર થયેલા આતંકી હુમલામાં વોન્ટેડ છે.

### પાઈરસી મુદ્દે ટેલિગ્રામને સરકારની નોટિસ

# ફિલ્મો-વેબ સીરિઝની ચોરી રોકવા 15 દિવસનું અલ્ટિમેટમ

નવી દિલ્હી

ભારત સરકારે લોકપ્રિય મેસેજિંગ પ્લેટફોર્મ ટેલિગ્રામને એક કડક નોટિસ ફટકારી છે. પ્લેટફોર્મ પર મોટા પાયે થઈ રહેલી ફિલ્મો, OTT કન્ટેન્ટ અને અન્ય ઓડિયો-વિઝ્યુઅલ મટીરિયલની પાઈરસીને રોકવા માટે સરકારે ટેલિગ્રામને 15 દિવસનો સમય આપ્યો છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય (I&B Ministry) દ્વારા શનિવારે જાહેર કરાયેલી આ નોટિસમાં સ્પષ્ટ કહેવાયું છે કે, પ્લેટફોર્મે પાઈરેટેડ કન્ટેન્ટને શોધવા, બ્લોક કરવા અને તેને હટાવવા માટે પોતાની સિસ્ટમને વધુ મજબૂત કરવી પડશે.

માત્ર ચેનલ બ્લોક કરવાથી નહીં ચાલે, એકાઉન્ટેબિલિટી નક્કી થઈ

સરકારની આ એક્શનનો હેતુ ભારતીય ક્રિએટર ઈકોનોમી, ફિલ્મ ઈન્ડસ્ટ્રી, બ્રોડકાસ્ટર્સ, OTT પ્લેટફોર્મ્સ અને ડિસ્ટ્રિબ્યુટર્સના હિતોનું રક્ષણ કરવાનો છે. આ અગાઉ સરકારે પાઈરેટેડ કન્ટેન્ટ ચલાવતી



૩,૦૦૦ થી વધુ ટેલિગ્રામ ચેનલો પર પ્રતિબંધ મૂક્યો હતો. જોકે, મંત્રાલયે હવે સ્પષ્ટ કર્યું છે કે ટેલિગ્રામ માત્ર સરકારના આદેશની રાહ જોઈને બેસી ન શકે. આઈટી એક્ટ 2000 અને આઈટી રૂલ્સ 2021 હેઠળ ટેલિગ્રામ એક મધ્યસ્થી (Intermediary) છે, તેથી તેણે પોતે જ સક્રિય થઈને પાઈરસી રોકવી પડશે. માત્ર એક-એક ચેનલ બંધ કરવાના વલણથી હવે નહીં ચાલે.

# કરજણનો કાળો કારોબાર : ફતેપુરમાં નેતાજીના આશીર્વાદથી રેતી માફિયાઓનું તાંડવ, કુદરતી સંપત્તિની નગ્ન લૂંટ અને સત્તાધીશોના મોઢે 'નોટોના ડૂચા'!

કરજણ

ગુજરાત સરકાર એક તરફ ભ્રષ્ટાચાર મુક્ત શાસનના બણગાં ફૂંકે છે, ત્યારે બીજી તરફ કરજણ તાલુકાના ફતેપુર ગ્રામ પંચાયતમાં આચરાયેલા કરોડો રૂપિયાના રેતી ખનન મહાકૌભાંડની ગુંજ ગાંધીનગરના સત્તાના ગલિયારાઓને ધ્રુજાવી રહી છે. સૂત્રો પાસેથી મળતી કાળજું કંપાવી દે તેવી વિગતો મુજબ, ફતેપુર ગ્રામ પંચાયતમાં લોકશાહીનું સરેઆમ વસ્ત્રાહરણ કરીને પંચાયતનો વહીવટ કાયદેસરના ચૂંટાયેલા સત્તાધીશોને બદલે તેમના દબંગ પતિદેવ ચલાવી રહ્યા છે અને સરકારી તિજોરીને કરોડો રૂપિયાનો ચૂનો લગાડી રહ્યા છે.

### પત્ની સરપંચ, પતિ સર્વેસર્વા : 20217થી ચાલે છે બકુલ પટેલનું એકહથ્થુ શાસન

ફતેપુર ગ્રામ પંચાયતમાં હાલમાં હર્ષાબેન બકુલ પટેલ સરપંચ પદનું મહોરું બનીને બિરાજમાન છે, પરંતુ ગામનો અસલી કાળો વહીવટ બકુલ પટેલ નામનો શખ્સ પોતાની આંગળીના ઈશારે ચલાવી રહ્યો છે. આ કોઈ નવો મામલો નથી. આ અગાઉ જ્યારે બકુલ પટેલના ભાઈ જયેશ ભોગીલાલ પટેલના પત્ની નીમાબેન પટેલ ઉપસરપંચ હતા, ત્યારે પણ સત્તાની અસલી દોરી સંચાર આ જ બકુલ પટેલના હાથમાં હતો. વર્ષ ૨૦૧૭થી ગ્રામ પંચાયતના વહીવટમાં સરેઆમ દખલગીરી કરીને, ગામના સીધા-સાદા લોકોને ધાકધમકી આપીને ખોટા ઠરાવો ઊભા કરવામાં આવ્યા હોવાના સળગતા આક્ષેપો ઉઠ્યા છે. આ બોગસ ઠરાવોના જોરે ગેરકાયદેસર રીતે રેતી ખનન માફિયાઓને કરોડોની લીઝ લહાણીમાં આપી દેવામાં આવી અને કુદરતી સંપત્તિનો સોદો કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, વર્ષ ૨૦૨૧થી ગાયોના ચરિયાણ માટેની પવિત્ર ગોચર જમીનમાં પણ રેતી ખનન માફિયાઓને રસ્તા પેટે ખોટા ઠરાવો કરી આપીને કુદરતી અસ્કયામતોની બેફામ લૂંટ ચલાવવામાં આવી છે.

### ગામનો વિકાસ શૂન્ય, નેતાજીની મિલકતો કરોડોમાં!

નર્મદા નદીના પટમાંથી નીકળતી રેતી અને કંકરની કરોડો રૂપિયાની રોયલ્ટી અને ગ્રાન્ટ ફતેપુર ગામના વિકાસ માટે વાપરવાની હોય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ફતેપુર ગામમાં વિકાસના નામે માત્ર મીંડું છે અને વિનાશનો નગ્ન નાચ થઈ રહ્યો છે. ગામની ગ્રાન્ટ ક્યાં સગેવગે થઈ ગઈ તે એક મોટો સવાલ છે. પંચાયતના ભ્રષ્ટ તલાટી અને સરપંચની મેલી મિલીભગતથી આચરાયેલા આ ભ્રષ્ટાચારને કારણે વહીવટદાર બકુલ




પટેલે ટૂંક સમયમાં કરોડો રૂપિયાની બેનામી મિલકતોનું સામ્રાજ્ય ઊભું કરી લીધું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

TDO અને DDO દ્વારા આ મામલે તપાસ પણ કરવામાં આવી હતી, જેમાં ગ્રામ પંચાયતના રોજમેળ ખાતામાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનો સત્તાવાર રિપોર્ટ સામે આવ્યો હતો. આ આખું કૌભાંડ છેક સ્ટેટ વિજિલન્સ (તકેદારી વિભાગ)ના ટેબલ સુધી પહોંચ્યું હોવા છતાં, કયા રાજકીય દબાણ હેઠળ આજ દિન સુધી આ ભ્રષ્ટાચારીઓ ખુલ્લા ફરે છે અને તેમની સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી?

### તંત્રની ઘોર બેદરકારી: મામલતદારથી લઈને મુખ્યમંત્રી સુધી રજૂઆતો છતાં પરિણામ શૂન્ય

વર્ષ ૨૦૧૩થી કરજણ તાલુકામાં બેફામ રેતી અને માટી ખનનનું પાપ ચાલી રહ્યું છે. વડોદરા ખાણ ખનીજ વિભાગને આ અંગે વારંવાર લેખિત અને મૌખિક જાણ કરવામાં આવી છે, પરંતુ અધિકારીઓ કાનમાં આંગળા અને આંખે પાટા બાંધીને બેઠા છે. કરજણના મામલતદાર અને એસડીએમ શિવમ બારીયાને પણ સ્થાનિકો દ્વારા ઉગ્ર આક્રોશ સાથે રજૂઆતો કરવામાં આવી હતી, છતાં તંત્ર હજુ સુધી કુંભકર્ણની નિદ્રામાંથી જાગવા તૈયાર નથી. ગાંધીનગર ખાણ ખનીજ વિભાગ કે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુધી ફરિયાદો પહોંચી હોવા છતાં ખનન માફિયાઓ પર કાયદાનો કોઈ ખોફ દેખાતો નથી. રાત્રિના અંધારામાં નર્મદા નદીના કાળજાને ચીરીને પ્રતિબંધિત બાજ મશીનો ઉતારીને ખુલ્લેઆમ કુદરતી સંપત્તિની ચોરી કરવામાં આવી રહી છે.

### ધારાસભ્ય અક્ષય પટેલ સામે સવાલો: રક્ષક જ ભક્ષક?

આ સમગ્ર કાળા કારોબાર પાછળ કરજણ વિધાનસભાના ધારાસભ્ય અક્ષય પટેલનો હાથ હોવાના ગંભીર અને સનસનાટીપૂર્ણ આક્ષેપો સૂત્રો દ્વારા લગાવવામાં આવી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે બકુલ પટેલના અસલી ગોડફાધર ખુદ ધારાસભ્ય અક્ષય પટેલ છે. આ મામલે ધારાસભ્યને રજૂઆત કરવા છતાં તેમણે મૌન સેવી લીધું, જેનાથી એ સાબિત થાય છે કે તેઓ પોતે પણ ખનન માફિયાઓ સાથે સીધા સંકળાયેલા છે.

ચૂંટણી ટાણે આયાતી ઉમેદવાર તરીકે આવેલા અક્ષય પટેલ ભાજપમાં જોડાયા ખરા, પણ ભાજપ પક્ષને કે કરજણની ભોળી જનતાને આનાથી કોઈ ફાયદો થયો નથી. ફાયદો થયો છે તો માત્ર અક્ષય પટેલને, જેમની તિજોરીઓમાં રાતોરાત કરોડો રૂપિયાનો વધારો થઈ ગયો છે. જે ધારાસભ્ય પોતે જ ભ્રષ્ટાચારીઓ અને ખનન માફિયાઓનો પાલનહાર હોય, તે કરજણ વિધાનસભાનો શું ખાખ વિકાસ કરશે? તેવો વેધક અને આક્રોશભર્યો સવાલ હવે જનતા પૂછી રહી છે. જો કે, ધારાસભ્ય તરીકે તેમના સત્તાવાર રેકોર્ડ પર કોઈ સક્રિય ગુનાહિત કેસ સાબિત થયા નથી, પણ તેમની આસપાસ વિવાદોનો કાળો મધપૂડો સતત ઘેરાયેલો રહે છે.

### ધારાસભ્યના પરિવારનો વિવાદાસ્પદ ઇતિહાસ: પુત્ર ઋષિ પટેલના કાળા કારનામાં અને આતંક!

ધારાસભ્ય અક્ષય પટેલ ભલે દૂધે ધોયેલા હોવાના દાવા કરે, પરંતુ તેમના જ પરિવાર અને પુત્ર ઋષિ પટેલ સામે નોંધાયેલા લોહીયાળ અને ગંભીર ગુનાઓ કંઈક અલગ જ ભયાનક વાર્તા બયાન કરે છે.

- **1. મે 2026: પુત્ર ઋષિ પટેલ સામે એટ્રોસિટી અને અત્યાચારનો ઘાતક કેસ**

કરજણના નારેશ્વર અને લીલોડ વિસ્તારમાં રેતીની લીઝના કાળા ધંધા સાથે સંકળાયેલા ધારાસભ્યના પુત્ર ઋષિ પટેલે રેતીના ડમ્પર ચલાવતા બે ગરીબ આદિવાસી ડ્રાઈવરો (નટવર વસાવા અને ગિરીશ વસાવા) પર ડીઝલ ચોરીનો આક્ષેપ મૂક્યો હતો. ૧૫ મે ૨૦૨૬ના રોજ આ ડ્રાઈવરોને બકાપુર સ્થિત પોતાની ઓફિસે બંધક બનાવી, કાયદો હાથમાં લઈને લોખંડની પાઈપથી બેરહેમીપૂર્વક માર મારવામાં આવ્યો હતો. ફરિયાદ અનુસાર, પીડિતોને દોરડા વડે ઊંધા લટકાવી પ્લાસ્ટિકની પાઈપથી લોહીલુહાણ થાય ત્યાં સુધી ઢોર માર મારવામાં આવ્યો અને જાતિસૂચક અપમાનજનક શબ્દો ઉચ્ચારીને માનવતાને શરમાવે તેવું કૃત્ય આચરવામાં આવ્યું હતું.

આ ઘટના બાદ આદિવાસી સમાજમાં વિસ્ફોટક રોષ ફાટી નીકળ્યો હતો. સોશિયલ મીડિયા પર ભારે હોબાળો થતાં અને પોલીસ સ્ટેશનના ઘેરાવની ચીમકી બાદ છેક ગાંધીનગરથી હુકમ છૂટતા, ૨૨ મે ૨૦૨૬ના રોજ કરજણના વલણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ફરિયાદ નોંધાયાના ચોથા દિવસે આતંકનો પર્યાય બનેલો ઋષિ પટેલ સહિત પાંચેય આરોપીઓ (જયદતસિંહ રાજ, શાહિલ પટેલ, જાવિદખાન પઠાણ અને વિજયસિંહ રાજપૂત) પોલીસ સમક્ષ હાજર થતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં અનુસૂચિત જાતિ-જનજાતિ અત્યાચાર નિવારણ ધારો (Atrocities Act) અને ગંભીર ઈજા પહોંચાડવાની કલમ BNS ૧૧૭(૨) (મહાવ્યથા પહોંચાડવી, જેમાં ૭ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે) હેઠળ ગુનો નોંધી આગળની તપાસ DySPને સોંપી છે.

- **2. 2021: હિટ એન્ડ રન – પૂરપાટ ઝડપે માસૂમનો જીવ લીધો**

આ સિવાય એપ્રિલ ૨૦૨૧માં પણ ધારાસભ્યના પુત્ર ઋષિ પટેલ સામે વધુ એક કાળી ફરિયાદ નોંધાઈ હતી. કરજણના મેથી ગામે પૂરપાટ ઝડપે જતી ઋષિ પટેલની મોતના લાયસન્સ જેવી કારની ટક્કરથી નાગજીભાઈ પટેલ નામના એક આશાસ્પદ આધેડ વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ મામલે કરજણ પોલીસ સ્ટેશનમાં અકસ્માત અને બેદરકારીથી વાહન ચલાવી મૃત્યુ નીપજાવવા અંગે ગુનો દાખલ કરાયો હતો. સત્તાના નશામાં ચૂર થઈને ગરીબોના જીવ કચડવા એ આ પરિવારની ફિતરત બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે.

- **3. વ્યાજખોરી અને ધમકીના સનસનાટીપૂર્ણ આક્ષેપો**

ધારાસભ્ય અક્ષય પટેલ અને તેમનો પરિવાર અવારનવાર કાયદાને ખિસ્સામાં લઈને ફરતો હોય તેવા વિવાદોમાં રહ્યો છે. વર્ષ ૨૦૨૧માં કરજણના લીલોડ ગામનો એક યુવક રહસ્યમય રીતે ગુમ થતાં તેના લાચાર પરિવારે ધારાસભ્ય અને તેમના પુત્ર પર વ્યાજખોરીના ત્રાસનો ગંભીર આક્ષેપ કર્યો હતો. તેમજ વર્ષ ૨૦૨૨માં અન્ય એક સ્થાનિક ખેડૂતે ધારાસભ્ય દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવા બાબતે કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરી ન્યાયની ભીખ માંગવી પડી હતી.

### 'પાક્કો ગુજરાત' નો વજઘાત સવાલ

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર પંચાયતથી લઈને સચિવાલય સુધી એસી કેબિનોમાં બેઠેલા તમામ જવાબદારોને પકડીને પૂછે છે કે, આ કરોડોના રેતી કૌભાંડના કાળા આકાઓ સામે ક્યારે કાયદાનો કોરડો વિંઝાશે? સત્તાના જોરે ગરીબો અને આદિવાસીઓ પર પશુઓ જેવો અત્યાચાર ગુજારતા નેતાપુત્રો સામે ક્યારે સખત કાર્યવાહી થશે? શું જનતાના ટેક્સના પૈસા અને કુદરતી સંપત્તિ આમ જ આ કાળા માફિયાઓ અને વહીવટદારોના ગજવા ભરવામાં લૂંટાતી રહેશે? જનતા હવે આ કાળા ખેલનો જવાબ માંગે છે!

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## નડીયાદમાં 'પાક્કો ગુજરાત'નો સપાટો

# પોલીસ સ્ટેશન સામે ચાલતા દારૂના અડ્ડા પર SMC ત્રાટકી, લાખોનો વહીવટ કરતા LCBના ભ્રષ્ટાચારીઓ ઉઘાડા પડ્યા!




**SMCની આ આકસ્મિક રેડ દરમિયાન ઘટનાસ્થળેથી ત્રણ આરોપીઓને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. નડીયાદના કુખ્યાત અને મોસ્ટ વોન્ટેડ બુટલેગર ઇકબાલ પઠાણનો રૂપિયા 1,52,543 ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. સવાલ એ થાય છે કે જે દારૂ પકડવા માટે ગાંધીનગરથી સ્પેશિયલ ટીમો મોકલવી પડે છે, તે દારૂ પોલીસ સ્ટેશનની સામે વેચાતો હોવા છતાં સ્થાનિક નડીયાદ પોલીસને કેમ દેખાતો નહોતો? શું પોલીસ ખાખીના નામે બુટલેગરોની ચોકીદારી કરી રહી છે?**

**નડીયાદ/ખેડા**

ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતો એક એવો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેણે સ્થાનિક પોલીસની આબરૂના ધજાગરા ઉડાવી દીધા છે. નડીયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશનની બિલકુલ સામે, નાકની નીચે જ ખુલ્લેઆમ ચાલી રહેલા વિદેશી દારૂના અડ્ડા પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે મોડી રાત્રે ગુપ્ત દરોડો પાડીને આખા પંથકમાં ખળભળાટ મચાવી દીધો છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ દ્વારા આ ગેરકાયદેસર કાળા કારોબાર અંગે SMC ને સચોટ પુરાવા સાથે ફરિયાદ કરવામાં આવી હતી, જેના પગલે આ મોટી રેડ પડી છે.

પોલીસ સ્ટેશન સામે જ દારૂની મહેફિલ, ૩ નબીરા ઝડપાયા, ઈકબાલ પઠાણનો માલ પકડાયો

SMC ની આ આકસ્મિક રેડ દરમિયાન ઘટનાસ્થળેથી ત્રણ આરોપીઓને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. નડીયાદના કુખ્યાત અને મોસ્ટ વોન્ટેડ બુટલેગર ઈકબાલ પઠાણનો રૂપિયા ૧,૫૨,૫૪૩ ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. સવાલ એ થાય છે કે જે દારૂ પકડવા માટે ગાંધીનગરથી સ્પેશિયલ ટીમો મોકલવી પડે છે, તે દારૂ પોલીસ સ્ટેશનની સામે વેચાતો હોવા છતાં સ્થાનિક નડીયાદ પોલીસને કેમ દેખાતો નહોતો? શું પોલીસ ખાખીના નામે બુટલેગરોની ચોકીદારી કરી રહી છે?

LCB પીઆઈ કેવલ અને વહીવટદાર જયેશ રબારીનો કરોડોનો ખેલ? એસપીએ કેમ મીંચી આંખો?

આ આખા કૌભાંડના તાર છેક ખેડા એલસીબી (LCB) સુધી જોડાયેલા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. ચર્ચા તો એવી છે કે ખેડા એલસીબીના પી. આઈ. કેવલ અને તેમના ખાસ વહીવટદાર જયેશ રબારીના આશીર્વાદ વગર જિલ્લામાં પાંદડું પણ હલતું નથી. આ બંને મહાશયો બુટલેગરો અને જુગારના અડ્ડાવાળાઓ પાસેથી મહિને લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવીને ગેરકાયદેસર ધંધા ચલાવવાની ખુલ્લી છૂટ આપે છે. આટલું ઓછું હોય તેમ, ખેડા જિલ્લાના એસ.પી. (SP) પણ આખા જિલ્લામાં ધમધમી રહેલી દેશી-વિદેશી દારૂની ભઠ્ઠીઓ અને જુગારના અડ્ડાઓ સામે આંખ આડા કાન કરીને બેઠા છે, જેથી આ ભ્રષ્ટાચારની ગંગોત્રી ક્યાં સુધી પહોંચે છે તે સમજવું અઘરું નથી.

સૌથી મોટો ધમાકો: જે જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવવાની જવાબદારી LCB અને SP ની છે, ત્યાં 'પાક્કો ગુજરાત' ન્યૂઝે જનતાના હિતમાં આગળ આવીને SMC ને જગાડવી પડી અને દરોડા પડાવવા પડ્યા!

'પાક્કો ગુજરાત' ના વેધક સવાલો:

પોલીસ સ્ટેશનની સામે જ દારૂ વેચવાની હિંમત બુટલેગર ઈકબાલ પઠાણમાં ક્યાંથી આવી? તેને કયા મોટા માથાનું પીઠબળ છે?

મહિનાના લાખો રૂપિયાનો વહીવટ કરનારા LCB પી.આઈ. કેવલ અને વહીવટદાર જયેશ રબારી સામે ગૃહ વિભાગ ક્યારે કડક પગલાં ભરશે?

આખા ખેડા જિલ્લાને દારૂ અને જુગારના અડ્ડામાં ફેરવી નાખનારા ભ્રષ્ટ અધિકારીઓને સસ્પેન્ડ કરીને જેલ ભેગા ક્યારે કરાશે?

'પાક્કો ગુજરાત' ની આ આક્રમક રજૂઆત બાદ હવે જોવાનું એ રહેશે કે ગાંધીનગર બેઠેલા ઉચ્ચ અધિકારીઓ આ હપ્તાખોર ટોળકી સામે લાલ આંખ કરે છે કે પછી મામલો દબાવી દેવાય છે. અમે જનતાના હક માટે અને ગુજરાતને નશામુક્ત કરવા માટે આવા ભ્રષ્ટાચારીઓનો પર્દાફાશ કરતા જ રહીશું.

## વિકાસના 'ગપગોળા' અને રસ્તા પર 'ખાડાનું સામ્રાજ્ય': શું આપણે માત્ર ખાડામાં જીવવા માટે જ ટેક્સ ભરીએ છીએ?

**અમદાવાદ**

દર ચોમાસે એક જ ફિલ્મ, એક જ સ્ટોરી અને એક જ કરુણ અંત! આકાશમાંથી વરસાદ પડે અને રસ્તાઓ પરથી ડામર ગાયબ થઈ જાય. જે રસ્તાઓ પર કરોડોનો ખર્ચ થયો હોય, તે માત્ર બે દિવસના વરસાદમાં ભ્રષ્ટાચારની ગટરમાં વહી જાય છે. શું આ જ છે આપણું 'સ્માર્ટ સિટી'? શું આ જ છે વિકાસની પરાકાષ્ઠા? નાગરિક તરીકે આપણે જ્યારે જીએસટી (GST) અને પ્રોપર્ટી ટેક્સના નામે સરકારને એક-એક રૂપિયો ચૂકવીએ છીએ, ત્યારે બદલામાં આપણને મળે છે માત્ર ખાડા, કાદવ અને અકસ્માતનું આમંત્રણ!

આ દુર્ભાગ્યપૂર્ણ સત્ય છે કે જ્યારે ચૂંટણીઓ આવે ત્યારે રાજકીય મંચો પરથી 'વિકાસ' અને 'કમળ' ની વાતોના વડા કરવામાં આવે છે. પરંતુ જેવું ચોમાસું બેસે, ત્યારે ખરા અર્થમાં 'ગ્રાઉન્ડ લેવલ' પર શું છે તે ખુલ્લું પડે છે. શું ચૂંટણી વખતે રસ્તાઓ પર દેખાતું કમળ ચોમાસામાં ખાડામાં કેમ ફેરવાઈ જાય છે? નેતાઓની ગેરહાજરીમાં રસ્તાઓનું ધોવાણ થાય છે કે પછી તેમના વહીવટમાં જ કાણું છે? જનતા હવે આ બેવડી નીતિ અને રાજકીય ઢોંગથી કંટાળી ગઈ છે.

એન્જિનિયરોની આંખ આડા કાન: કોન્ટ્રાક્ટરોને ટેન્ડર આપતી વખતે જે ગુણવત્તાના સપના બતાવાય છે, તે મટીરિયલ ક્યાં ગયું?

શું રસ્તા પર ખાડામાં પડીને જીવ ગુમાવનાર કે ઈજાગ્રસ્ત થનાર નાગરિકો માટે તંત્ર ક્યારેય જવાબદારી લેશે?

જો સામાન્ય માણસ પોતાના ઘરના ટેક્સમાં એક રૂપિયો પણ બાકી રાખે, તો તંત્ર તેના ઘરે જપ્તી માટે પહોંચી જાય છે. તો, કરોડોના ટેક્સના પૈસામાંથી બનાવેલા રસ્તાઓ ૧૫ દિવસ પણ ન ટકે, તો તે ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલકત જપ્તીના આદેશ ક્યારે થશે?

શું હવે ટેક્સ ભરવાને બદલે આપણે સીધા ખાડા જ ભરવાનું કામ કરવું પડશે?

## નમો લક્ષ્મી યોજના: ગુજરાતની દીકરીઓના શિક્ષણ અને સશક્તિકરણનો મહાસંકલ્પ; ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધતું રાજ્ય!

**ગાંધીનગર**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યની દીકરીઓના શિક્ષણ સ્તરને ઊંચું લાવવા અને ડ્રોપ-આઉટ રેશિયો ઘટાડવા માટે એક ઐતિહાસિક અને ક્રાંતિકારી કદમ ઉઠાવવામાં આવ્યું છે. 'નમો લક્ષ્મી યોજના' (Namo Lakshmi Yojana) ના માધ્યમથી સરકાર દીકરીઓના શિક્ષણ, સ્વાસ્થ્ય અને સશક્તિકરણને વેગ આપીને તેમના ઉજ્જવળ ભવિષ્યના સંકલ્પને સાકાર કરી રહી છે. આ યોજનાના અમલીકરણથી રાજ્યની લાખો મધ્યમવર્ગીય અને ગરીબ પરિવારની દીકરીઓ માટે ઉચ્ચ શિક્ષણના દ્વાર ખુલ્યા છે.

અત્યાર સુધી આર્થિક તંગી અથવા કૌટુંબિક પરિસ્થિતિના કારણે ધોરણ ૮ પછી ઘણી દીકરીઓ અભ્યાસ છોડી દેતી હતી. આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ તરીકે આ યોજના અંતર્ગત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (ધોરણ ૯ થી ૧૨) માં અભ્યાસ કરતી કન્યાઓને આર્થિક પ્રોત્સાહન પૂરું પાડવામાં આવી રહ્યું છે. યોજના હેઠળ લાયક વિદ્યાર્થીનીઓને ચાર વર્ષના અભ્યાસ દરમિયાન સીધા તેમના બેંક ખાતામાં (DBT દ્વારા) સહાયની રકમ ચૂકવવામાં આવે છે, જેથી તેઓ કોઈપણ આર્થિક ચિંતા વગર પોતાનો અભ્યાસ પૂરો કરી શકે. આ યોજના માત્ર નાણાકીય સહાય પૂરતી સીમિત નથી, પરંતુ દીકરીઓના સર્વાંગી વિકાસ સાથે જોડાયેલી છે. શિક્ષણની સાથે-સાથે દીકરીઓના સ્વાસ્થ્ય અને પોષણ સ્તરમાં સુધારો થાય તે પણ આ યોજનાનો મુખ્ય હેતુ છે.

## વીજ ટાવર વળતરની જાહેરાત પાછળ અસલી ખેલ: ભાજપ સરકારની જાહેરાતમાં ખેડૂતહિત નહીં, માત્ર 'વોટબેંક'નું હિત

**અમદાવાદ**

ગુજરાત સરકારના પ્રવક્તા દ્વારા તાજેતરમાં વીજ ટાવર અને લાઈનના વળતર અંગે કરવામાં આવેલી મોટી-મોટી જાહેરાતો પાછળનું અસલી સત્ય હવે સામે આવી ગયું છે. સરકાર ભલે આ નિર્ણયને ઐતિહાસિક અને ખેડૂતલક્ષી ગણાવીને પીઠ થાબડી રહી હોય, પણ વાસ્તવિકતા એ છે કે ભાજપ સરકારે આ નિર્ણય કોઈ ઉદારતાથી નહીં, પરંતુ ગુજરાતના ખેડૂતોનો ઉગતો મિજાજ અને આક્રોશ પારખીને મજબૂરીમાં લેવો પડ્યો છે. આ જાહેરાતમાં ખેડૂતો પ્રત્યેની સંવેદના ઓછી અને આગામી રાજકીય ફાયદાની ગણતરીઓ વધારે દેખાઈ રહી છે.

સૌથી મોટો અને સંવેદનશીલ સવાલ એ છે કે, આ જ વીજ કંપનીઓએ પોતાના ટાવરો ઊભા કરવા માટે ભૂતકાળમાં ગુજરાતના અનેક વિસ્તારોમાં ખેડૂતોની જમીનો પર બળજબરી કરી હતી. સરકારની ભાડૂતી પોલીસને આગળ ધરીને પોતાના જ ખેતરમાં ન્યાય માંગતા અન્નદાતાઓ પર દમન ગુજારવામાં આવ્યો હતો, ખેડૂતો પર જુલમો ઢાંકવામાં આવ્યા હતા. આ આખી જાહેરાત દરમિયાન સરકારી પ્રવક્તાના મોઢેથી એ પીડિત ખેડૂતો માટે અફસોસ કે ક્ષમાના બે શબ્દો પણ કેમ ન નીકળ્યા? શું સત્તાના નશામાં ખેડૂતોના આંસુની કોઈ કિંમત નથી?

સળગતો આક્રોશ: જો ખેડૂતોએ લાંબા સમય સુધી આંદોલનો ન કર્યા હોત અને કોર્ટના દરવાજા ન ખખડાવ્યા હોત, તો શું આ સરકાર પોતાની મેળે બમણું વળતર આપવા તૈયાર થાત ખરી?

## વડોદરામાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા: ગોત્રી-ભાયલી ફાયરિંગ કેસમાં હચમચાવનારો ખુલાસો; દારૂની મહેફિલમાં બબાલ બાદ નબીરાઓએ ઝીંક્યા રાઉન્ડ!

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરાના પોશ ગણાતા ગોત્રી-ભાયલી રોડ પર આવેલા બે ફ્લેટ પર થયેલા રહસ્યમય ફાયરિંગના મામલે આખરે સીસીટીવી (CCTV) ની મદદથી એક અત્યંત ચોંકાવનારો અને ઘાતક ખુલાસો સામે આવ્યો છે.

ડ્રાય સ્ટેટ ગુજરાતમાં દારૂબંધીના નામે કેવો મોટો મજાક ચાલી રહ્યો છે અને અમીરજાદાઓ કાયદાને કેવો પોતાના ખિસ્સામાં લઈને ફરે છે, તેનો આ જીવતો-જાગતો પુરાવો છે. પોશ વિસ્તારમાં દારૂની મહેફિલ જમાવીને બેઠેલા નબીરાઓ વચ્ચે અંદરોઅંદર બબાલ થતાં જ તેમણે તમંચા કાઢીને સરેઆમ બે રાઉન્ડ ફાયરિંગ કરી દીધું હતું!

પોલીસ તપાસ અને સીસીટીવી ફૂટેજમાં સામે આવેલી વિગતો મુજબ, ગોત્રી-ભાયલી વિસ્તારની એક હાઈરાઈઝ બિલ્ડિંગમાં નબીરાઓ દારૂની મહેફિલ માણી રહ્યા હતા. નશાની હાલતમાં કોઈ વાતે ડખો થતાં જ આવેશમાં આવીને બિલ્ડિંગની ગેલેરીમાંથી જ અંધાધૂંધ ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

બિલ્ડિંગમાંથી છૂટેલી આ ગોળીઓ બરાબર સામે આવેલી અન્ય એક સોસાયટીના બે ફ્લેટની કાચની બારીઓ તોડીને સીધી ઘરની અંદર ઘૂસી ગઈ હતી! ફાયરિંગ પોઈન્ટથી આ ફ્લેટનું અંતર આશરે ૨૦૦ મીટર જેટલું દૂર હોવાનું સામે આવ્યું છે. સદનસીબે જે તે સમયે ફ્લેટના રૂમમાં કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી છે, બાકી નિર્દોષ નાગરિકોનો જીવ જઈ શકત.

### ખેડૂત આંદોલનના નામે કરોડોનો ખેલ

## હકાભા ગઢવીનો સનસનાટીપૂર્ણ ધમાકો: "આગેવાન નિલેશ એરવડિયાએ આંદોલન સમેટવા 2 કરોડ માંગ્યા!"

**જેતપુર/રાજકોટ**

ગુજરાતમાં ખેડૂતોના હક અને ન્યાય માટે થતા આંદોલનોની આડમાં કેવો મોટો આર્થિક ખેલ ખેલાય છે, તેનો એક અત્યંત ચોંકાવનારો અને ઘાતક પર્દાફાશ થયો છે. જેતપુર ખેડૂત આંદોલનના અગ્રણી હકાભા ગઢવીએ આંદોલનના જ અન્ય એક મોટા આગેવાન નિલેશ એરવડિયા પર ખેડૂતોની પીઠમાં છરો ભોંકવાનો અને ગદ્દારી કરવાનો સનસનાટીપૂર્ણ આક્ષેપ લગાવ્યો છે.

હકાભા ગઢવીએ પુરાવા સાથે દાવો કર્યો છે કે, ભોળા ખેડૂતોને માત્ર વ્યાપારી હથિયાર બનાવીને કેટલાક લેભાગુ આગેવાનો પોતાના રાજકીય અને આર્થિક રોટલા શેકી રહ્યા છે.

આ આખા વિવાદમાં હકાભા ગઢવીએ માત્ર આક્ષેપો નથી કર્યા, પણ નિલેશ એરવડિયાની અસલી દાનત ખુલ્લી પાડતી એક કથિત ઓડિયો રેકોર્ડિંગ પણ જાહેર કરી દીધી છે. હકાભાના જણાવ્યા અનુસાર, નિલેશ એરવડિયાએ ખેડૂતોનું આંદોલન સમેટવા માટે તેમની પાસે કથિત રીતે કરોડો રૂપિયાની માંગણી કરી હતી. એટલું જ નહીં, નિલેશે હકાભા ગઢવી પર એવું દબાણ પણ કર્યું હતું કે તેઓ સરકાર પાસે જાય અને આંદોલન પાછું ખેંચવાના બદલામાં સરકારના ઉચ્ચ સ્તરેથી ૨ કરોડ રૂપિયાની મોટી રકમની માંગણી કરે! સરકાર સાથે મિટિંગ કરાવવા અને આખા મામલા પર પડદો પાડવા માટે ૨ કરોડ રૂપિયાની ડીલ કરવાનો આ ચોંકાવનારો ખુલાસો થતાં જ આખા ગુજરાતના ખેડૂત સંગઠનોમાં ભૂકંપ આવી ગયો છે.

હકાભા ગઢવીએ ભારે આક્રોશ સાથે જણાવ્યું છે કે, જે ખેડૂતો પોતાના હક માટે કાળી મજૂરી છોડીને રસ્તા પર ઉતરે છે, તેમના જ નામે આવા ગદ્દાર આગેવાનો અંદરખાને કરોડો રૂપિયાના સોદા કરે છે. આ ઘટના બાદ હકાભાએ ગુજરાતના તમામ ખેડૂતો અને સંગઠનોને ખુલ્લી અપીલ કરી છે કે, ભવિષ્યમાં કોઈપણ આવા જનહિતના કે ખેડૂત આંદોલનમાં નિલેશ એરવડિયા જેવા ગદ્દાર અને લાલચુ આગેવાનોને ક્યારેય ન જોડવા, નહીં તો અન્નદાતાઓનો વિશ્વાસ હંમેશા માટે તૂટી જશે.

## ગુજરાતની કૃષિ યુનિ.ઓ ભ્રષ્ટાચારનો અડ્ડો? હવે 'ખાસ માણસ'ના હાથમાં કમાન!

**ગાંધીનગર/દાંતીવાડા**

ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા કથિત ભ્રષ્ટાચારના ખેલ વચ્ચે વધુ એક મોટો ધમાકો થયો છે. સરદાર કૃષિનગર (SKnagar) દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ પદે હિમાચલ પ્રદેશના ડો. ચંદેલની નિમણૂક કરવામાં આવી છે.

ચર્ચા તો એવી છે કે ડો. ચંદેલ મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અત્યંત ખાસ અને વિશ્વાસુ પાત્ર છે. પરંતુ સવાલ એ થાય છે કે, શું આ નિમણૂકથી યુનિવર્સિટીઓનો ઉદ્ધાર થશે કે પછી વિવાદોનો નવો અધ્યાય શરૂ થશે? લાખો ખેડૂતો અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલી ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓ અત્યારે ભ્રષ્ટાચારના આક્ષેપોથી ખદબદી રહી છે. નવાઈની વાત એ છે કે, આ આખા ખેલ પર સરકાર મૌન ધારણ કરીને બેઠી છે. શિક્ષણ અને કૃષિ ક્ષેત્રે પારદર્શિતાના દાવા કરતી સરકાર આ બાબતે કેમ કંઈ બોલવા તૈયાર નથી? યુનિવર્સિટીઓમાં ચાલતી ગેરરીતિઓ સામે આંખ આડા કાન કરવા પાછળનું અસલી કારણ શું?

### રામ નામના બણગા ફૂંકનારા શાસકોના રાજમાં આ શું થવા બેઠું છે?

## પ્રભુના ધામને પણ ન છોડ્યું..! : જામનગરમાં વીજ કંપનીની પાપલીલા

**જામનગર**

વિનાશકાળે વિપરીત બુદ્ધિ! જામનગરમાં સરકારી અને ખાનગી વીજ કંપનીઓની દાદાગીરી અને અંધેર નગરી જેવો વહીવટ હવે હદ વટાવી ચૂક્યો છે. કમાણીના નશામાં અંધ બનેલા વીજ તંત્રએ હવે કાયદા અને માનવતાના તમામ લીરેલીરા ઉડાવીને ખુદ ભગવાનના ઘર એટલે કે મંદિરને પણ પોતાનો શિકાર બનાવ્યું છે. જામનગરમાં વીજ કંપની દ્વારા પવિત્ર મંદિરનું કનેક્શન કાપી નાખવામાં આવ્યું હોવાની હૃદયદ્રાવક અને આક્રોશજનક ઘટના સામે આવી છે. એક તરફ આખું દેશ અને રાજ્ય 'રામ રાજ્ય' અને સનાતન ધર્મના નામે મતો મેળવવા દોડી રહ્યું છે, ત્યારે બીજી તરફ પ્રભુના જ ધામમાં અંધકાર પટ પથરાઈ જાય તેવી હરકત કરનારા આ કળિયુગી અધિકારીઓ સામે જનતામાં જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. જામનગર પંથકના એક વર્ષો જૂના અને લોકોની આસ્થાના કેન્દ્ર સમાન મંદિર પર વીજ કંપનીના કર્મચારીઓ ત્રાટક્યા હતા અને કોઈ પણ જાતની ધાર્મિક સંવેદના રાખ્યા વગર મંદિરનું વીજ કનેક્શન કાપી નાખ્યું હતું. સવાલ એ થાય છે કે જે મંદિરો લોકફાળો, ભક્તોના દાન અને સેવા પ્રવૃત્તિઓથી ચાલતા હોય, જ્યાં સવાર-સાંજ પ્રભુની આરતી અને ભજન થતા હોય, ત્યાં માત્ર થોડા રૂપિયાના બિલના વાંકે આટલી ઘાતક કાર્યવાહી કરતા આ અધિકારીઓના હાથ કેમ ન ધ્રુજ્યા? ચૂંટણીઓ આવે એટલે નેતાઓ સ્ટેજ પરથી ગળા ફાડી-ફાડીને રામ નામની માળા જપે છે, હિન્દુત્વના મોટા-મોટા બણગા ફૂંકે છે અને સનાતનની રક્ષાના વાયદા કરે છે. પરંતુ આજે જામનગરની ધરતી પર ખુદ ભગવાનના મંદિરમાં અંધારું થઈ ગયું, છતાં સત્તાધારી પક્ષના એક પણ નેતા કે મંત્રીના પેટનું પાણી કેમ ન હલ્યું? કેમ કોઈ નેતાએ વીજ કંપનીના કાન ન આમળ્યા? આ ઘટના સાબિત કરે છે કે નેતાઓ માટે 'રામ' માત્ર વોટ મેળવવાનું સાધન છે, બાકી વાસ્તવિકતામાં તેમને ધર્મ કે આસ્થા સાથે કોઈ લેવાદેવા નથી!

જનતાનો સળગતો સવાલ: જે મોટા-મોટા ઉદ્યોગપતિઓ અને લાગવગ ધરાવતા બુટલેગરોના લાખો-કરોડો રૂપિયાના વીજ બિલ બાકી હોય છે, ત્યાં આ વીજ કંપનીના લાઈનમેનો પાણી ભરી જાય છે, તો પછી મંદિર સામે આટલો પાવર કેમ?

## જંગલેશ્વરના 27 લાખના વિવાદાસ્પદ ખર્ચ મુદ્દે ભ્રષ્ટાચાર ઉપર ઢાંકપિછોડો : જનતાના ટેક્સના પૈસાનું આંધણ..!

**રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા (RMC) માં ચાલતા કથિત ભ્રષ્ટાચાર અને વહીવટી લોચાઓ વચ્ચે એક ચોંકાવનારો ઘાતક કિસ્સો સામે આવ્યો છે. જંગલેશ્વર ડિમોલિશનના ૨૭ લાખ રૂપિયાના વિવાદાસ્પદ ખર્ચના મામલે ખુદ રાજકોટના પ્રથમ નાગરિક એટલે કે મેયરે માત્ર ૨૪ કલાકની અંદર જ ગરગડીની જેમ આખી પલટી મારી દીધી છે! મેયરના આ યુ-ટર્ન નિવેદન બાદ હવે વિપક્ષ અને સામાન્ય જનતામાં એક જ ચર્ચા છે કે, શું કરોડો રૂપિયાના ટેક્સ ભરતી જનતાની આંખમાં ધૂળ નાખવા માટે આ આખો ખેલ ખેલાઈ રહ્યો છે? સમગ્ર મામલાની વિગત એવી છે કે જંગલેશ્વરમાં થયેલી તોડી પાડવાની કામગીરી (Demolition) ના નામે ૨૭ લાખ રૂપિયાનો મસમોટો ખર્ચો ઉધારી દેવામાં આવ્યો હતો, જેની સામે ભારે વિરોધ ઊભો થયો હતો. પહેલા ૨૪ કલાક: જ્યારે મીડિયા અને જનતાએ સવાલો પૂછ્યા ત્યારે મેયરે સિંહ જેવી ગર્જના કરતા મોટું નિવેદન આપ્યું હતું કે, 'જો આ કામગીરીમાં ખોટી રીતે નાણાં ચૂકવાયા હશે તો તપાસ કરીને એક-એક રૂપિયો રિકવર (વસૂલ) કરાશે!' પછીના ૨૪ કલાક: આ નિવેદનની શાહી હજુ સુકાઈ નથી ત્યાં જ મેયર સાહેબના સૂર બદલાઈ ગયા! ૨૪ કલાકમાં જ યુ-ટર્ન લેતા મેયરે બચાવના મૂડમાં કહી દીધું કે, 'રેટ કોન્ટ્રાક્ટ મુજબ થયેલી ચૂકવણીમાં હવે કંઈ ન થઈ શકે!'

### સ્માર્ટ સિટીના નામે જનતા હેરાન!

## વડોદરામાં પ્રિ-મોન્સૂન પ્લાનનું સુરસુરિયું : જેતલપુર બ્રિજ પાસે સ્વિમિંગ પૂલ જેવી સ્થિતિ

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરાને 'સ્માર્ટ સિટી' બનાવવાના દાવા કરતું કોર્પોરેશનનું તંત્ર વરસાદના પહેલા જ રાઉન્ડમાં ફરી એકવાર ધોવાઈ ગયું છે. વડોદરા શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા જેતલપુર બ્રિજ પાસે વરસાદી પાણી ભરાઈ જતાં વાહનચાલકોની હાલત કફોડી બની ગઈ છે. કરોડો રૂપિયાના ખર્ચે રોડ-રસ્તા અને ઓવરબ્રિજ બનાવતી પાલિકા પાસે આ પાણીના નિકાલની કોઈ કાયમી વ્યવસ્થા ન હોવાથી કરોડો રૂપિયાનો ધુમાડો ક્યાં થયો, તેવા સવાલો હવે જનતા પૂછી રહી છે.

જેતલપુર બ્રિજની બિલકુલ બાજુમાં જ ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં આખો રસ્તો



બંધ જેવી સ્થિતિમાં આવી ગયો છે. આ મુખ્ય માર્ગ પરથી પસાર થતા હજારો નોકરિયાતો, ધંધાર્થીઓ અને વાહનચાલકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણીમાં વાહનો બંધ પડી જવાના કારણે લોકો કલાકો સુધી અટવાયા છે. વડોદરા કોર્પોરેશનના એન્જિનિયરોની નબળી કામગીરીને કારણે આજે શહેરના નાગરિકોને નર્ક જેવી સ્થિતિ ભોગવવાનો વારો આવ્યો છે.

ચોમાસું શરૂ થાય તે પહેલાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરીના નામે કરોડો રૂપિયાના આંધણ કરવામાં આવે છે. લાઈનો સાફ કરવાના અને કન્સલ્ટન્ટો રાખવાના મોટા-મોટા બિલ પાસ થઈ જાય છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે સામાન્ય વરસાદ પડતાં જ આખો દાવો પોકળ સાબિત થાય છે. જેતલપુર બ્રિજ પાસે ભરાયેલા આ પાણીએ સાબિત કરી દીધું છે કે વડોદરાનું તંત્ર માત્ર કાગળ પર જ ચોમાસાની તૈયારીઓ કરે છે.

મોટો સવાલ: જો ચોમાસાની શરૂઆતમાં જ જેતલપુર જેવા વીઆઈપી વિસ્તારની આ હાલત હોય, તો આગામી દિવસોમાં ભારે વરસાદ દરમિયાન આખું વડોદરા પાણીમાં ડૂબશે તો તેનો જવાબદાર કોણ?

'પાક્કો ગુજરાત' ના વેધક સવાલો:

દર વર્ષે પ્રિ-મોન્સૂન કામગીરીના નામે કરોડો રૂપિયા ઓળવી જનારા કોન્ટ્રાક્ટરો અને ભ્રષ્ટ અધિકારીઓ સામે કમિશનર ક્યારે લાલ આંખ કરશે?

બ્રિજની આસપાસ પાણી ભરાવવાની આ જૂની સમસ્યા હોવા છતાં તેનું કાયમી ગટર આયોજન કેમ કરવામાં ન આવ્યું?

# સુરતમાં એક્સપ્રેસ-વે પર 85 લાખનો દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

## વડોદરાના કિંગપિન નીરવ પટેલ અને નિલેશ સિંધીનું નામ ખુલ્યું!



**સુરત/કામરેજ**

ગુજરાતમાં દારૂબંધીના કાયદાની ઐતિહાસિક ધજ્જિયાં ઉડાવતું વધુ એક મહાકૌભાંડ સામે આવ્યું છે. સ્ટેટ વિજિલન્સ (SMC) ની ટીમે બાતમીના આધારે કામરેજના દીગસ ગામ પાસેથી એક્સપ્રેસ-વે ૪ પર એક આખી ટ્રકને આંતરીને અત્યાર સુધીનો સૌથી મોટો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. લોખંડી સુરક્ષા વચ્ચે આટલી મોટી માત્રામાં દારૂ ગુજરાતની સરહદમાં ઘુસી જતાં સ્થાનિક પોલીસની પેટ્રોલિંગ વ્યવસ્થા અને તેની નિયત સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

સ્ટેટ વિજિલન્સની ટીમે જ્યારે એક્સપ્રેસ-વે પર શંકાસ્પદ ટ્રકની તલાશી લીધી, ત્યારે અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. ટ્રકની અંદર ચોરખાના અને ગુપ્ત આયોજન કરીને છુપાવેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત ૮૫ લાખ રૂપિયાથી વધુ હોવાનું સામે આવ્યું છે. પોલીસે દારૂના જથ્થા સહિત આખી ટ્રક મળીને કુલ ૧ કરોડ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદાનો આકરો કોરડો વીંઝ્યો છે. આ સાથે જ પોલીસે ટ્રકના ચાલકની સ્થળ પરથી જ ધરપકડ કરી લીધી છે.

ટ્રક ચાલકની આકરી પૂછપરછમાં જે નામો સામે આવ્યા છે, તેણે પોલીસ બેડામાં પણ ખળભળાટ મચાવી દીધો છે. આ કરોડોની કિંમતનો દારૂ બીજું કોઈ નહીં, પણ વડોદરાના કુખ્યાત બુટલેગર નીરવ પટેલ અને નિલેશ સિંધીએ મંગાવ્યો હોવાનો ઘટસ્ફોટ થયો છે. વડોદરા બેઠા-બેઠા આખા ગુજરાતમાં નશાનું જાળું ફેલાવનારા આ કિંગપિન સમાન બુટલેગરોએ સુરત થઈને વડોદરા માલ પહોંચાડવાનું મોટું નેટવર્ક ગોઠવ્યું હતું, પરંતુ ગાંધીનગરની સ્ટેટ વિજિલન્સની ટીમે તેમના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે.

સૌથી મોટો સવાલ: હાઈટેક સીસીટીવી અને પોલીસ ચોકીઓથી સજ્જ એક્સપ્રેસ-વે પર ૧ કરોડનો દારૂ ભરેલી ટ્રક કામરેજ સુધી પહોંચી ગઈ, ત્યાં સુધી સ્થાનિક પોલીસ કેમ ઘસઘસાટ ઊંઘતી રહી? શું હપ્તાખોરીનો ખેલ ચાલતો હતો?

વડોદરાના નીરવ પટેલ અને નિલેશ સિંધી જેવા રીઢા ગુનેગારો પોલીસ પકડથી ક્યાં સુધી દૂર રહેશે? તેમને કયા મોટા રાજકીય આકાઓનું પીઠબળ છે?

સ્ટેટ વિજિલન્સે તો સપાટો બોલાવી દીધો, પણ આ રૂટ પર આવતા સ્થાનિક પોલીસ સ્ટેશનોના જવાબદાર અધિકારીઓ સામે ક્યારે સસ્પેન્શનના પગલાં ભરાશે?

ગુજરાતને નશામુક્ત કરવાના દાવા કરતી સરકાર આ દારૂ માફિયાઓની આખી મિલકતો જપ્ત કરીને ક્યારે દાખલો બેસાડશે?

રાજ્યની સ્ટેટ વિજિલન્સ ટીમે આ દરોડો પાડીને સ્થાનિક પોલીસની પોકળ સુરક્ષાને ઉઘાડી પાડી દીધી છે. 'પાક્કો ગુજરાત' આ કાળા કારોબારના મૂળ સુધી પહોંચવા અને વડોદરાના આ અસલી આકાઓ જેલ ભેગા ન થાય ત્યાં સુધી જનતા સમક્ષ આ મુદ્દાને લડતું રહેશે.

# અન્નદાતાઓનો આક્રોશ આસમાને, 'ચલો જેતપર' ના નારા સાથે ખેડૂતોનું મહાઆંદોલન!

**જેતપર/રાજકોટ**

'જય જવાન, જય કિસાન' ના ગગનભેદી નારા સાથે સૌરાષ્ટ્રની ધરતી પર ફરી એકવાર ખેડૂત આંદોલનનો શંખનાદ ફૂંકાઈ ગયો છે. લાંબા સમયથી પોતાના હક, ન્યાય અને પડતર માંગણીઓ સામે લડી રહેલા ધરતીપુત્રોએ હવે આરપારની લડાઈનું એલાન કરી દીધું છે. સમગ્ર પંથકમાં અત્યારે માત્ર એક જ વાત ગુંજી રહી છે– 'ચાલો આજે જેતપર!'. સત્તાધીશોની નીતિઓ અને વચેટિયાઓની ગદ્દારી સામે પોતાના લોહી-પરસેવાની કમાણીનો હક માંગવા માટે હજારો ખેડૂતોએ જેતપર તરફ કૂચ શરૂ કરી દીધી છે. ચોમાસાની સીઝન વચ્ચે પણ પોતાના ખેતરો છોડીને રસ્તા પર ઉતરવા મજબૂર બનેલા ખેડૂતોનો મૂડ આ વખતે બિલકુલ બદલાયેલો છે. જેતપર ખાતે યોજાનારા આ મહાસંમેલન માટે ગામડે-ગામડેથી ટ્રેક્ટરો અને વાહનોના કાફલા રવાના થઈ ચૂક્યા છે. ખેડૂત આગેવાનોની એક જ હાકલ પર આખું સૌરાષ્ટ્ર એકતાના તાંતણે બંધાયું છે. ખેડૂતોનું કહેવું છે કે, હવે માત્ર આશ્વાસનોથી કામ નહીં ચાલે, સરકારે જમીન સ્તરે આવીને અન્નદાતાઓની પીડા સાંભળવી જ પડશે. આંદોલનનો સિંહનાદ: ભલે ગમે તેટલા અવરોધો આવે કે વચેટિયાઓ આંદોલનને તોડવાનો પ્રયાસ કરે, પણ સાચો ખેડૂત હવે પાછો હટવાનો નથી. જેતપરની પાવન ભૂમિ પરથી આજે ન્યાયની નવી કથા લખાશે.

પોતાની કાળી મજૂરી મૂકીને ખેડૂતોને વારંવાર રસ્તા પર કેમ ઉતરવું પડે છે? શાસકો તેમની સંવેદના કેમ સમજી શકતા નથી?

ખેડૂતોના નામે રોટલા શેકતા તત્વોને બાજુ પર મૂકીને, સાચા ધરતીપુત્રોના અવાજને સાંભળવા માટે વહીવટી તંત્ર ક્યારે આગળ આવશે?

જેતપર ખાતે એકઠા થઈ રહેલા આ જનમેદનીના ઘોડાપૂર પર આખા ગુજરાતની નજર મંડાયેલી છે. 'પાક્કો ગુજરાત' ખેડૂતોના આ આંદોલન, તેમની માંગણીઓ અને જમીની હકીકતનો પળેપળનો અહેવાલ જનતા સુધી પહોંચાડતું રહેશે.

# ડભોઇ નગરપાલિકાનું પાપ ધોવાયું : સામાન્ય વરસાદમાં મહુડી ભાગોળથી પરબડી સુધીનો રોડ બિસ્માર

**ડભોઇ**

ચોમાસાની હજુ તો ગણતરીના દિવસોમાં જ શરૂઆત થઈ છે ત્યાં જ ડભોઇ નગરપાલિકાના પ્રી-મોન્સૂન પ્લાનિંગના ધજાગરા ઉડી ગયા છે. ભ્રષ્ટાચારના કાદવમાં ખૂંપેલા તંત્રની પોકળ કામગીરી માત્ર થોડાક જ વરસાદમાં ખુલ્લી પડી ગઈ છે. ડભોઇના અત્યંત વ્યસ્ત ગણાતા મહુડી ભાગોળથી લઈને પરબડી સુધીનો મુખ્ય માર્ગ પહેલા જ વરસાદમાં સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે. કરોડો રૂપિયાના રોડ-રસ્તાના બિલ પાસ કરાવીને એસી ચેમ્બરમાં બેસતા સત્તાધીશોના પાપે આજે સ્થાનિક રહીશો, વાહનચાલકો અને રાહદારીઓ નર્ક જેવી યાતના ભોગવવા મજબૂર બન્યા છે.



સૌથી વધુ આશ્ચર્ય અને આક્રોશની વાત તો એ છે કે, જે વિસ્તારમાં આ ગંભીર સમસ્યા સર્જાઈ છે, તે વોર્ડ નંબર ૪ ના કાઉન્સિલર અને નગરપાલિકાના ઉપપ્રમુખ પોતે પણ આ જ વિસ્તારના વતની છે! સત્તાના નશામાં ચૂર શાસકો પોતાના જ ઘર આંગણે સર્જાયેલી આ ભયાનક દુર્દશા જોઈ શકતા નથી. સ્થાનિક લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે તંત્રને માત્ર વાતોના વડા કરવામાં અને નેતાઓને સરકારી કાર્યક્રમો કરીને 'ફોટા પડાવવામાં' જ રસ છે, જનતાના વિકાસમાં નહીં. પોતાના જ વિસ્તારના લોકોને ખાડામાં ધકેલીને કયા મોઢે આ નેતાઓ મતો માંગવા નીકળે છે તે જ મોટો સવાલ છે.

આ આખો માર્ગ એટલી હદે બિસ્માર બની ગયો છે કે વાહનચાલકોને મહુડી ભાગોળ તરફ આવવું હોય તો પણ જીવ તાળવે ચોંટી જાય છે. રસ્તા પર પડેલા મસમોટા ખાડાઓના કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે અને વાહનોના કચ્ચરઘાણ નીકળી રહ્યા છે.

ડભોઇ નગરપાલિકાના શાસકો જાણે કોઈ માસૂમનો જીવ જાય કે કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈને બેઠા હોય તેમ તમાશો જોઈ રહ્યા છે. જ્યારે પણ કોઈ મોટી હોનારત થાય, ત્યારે જ તંત્ર દોડતું થાય છે તેવી સરકારી નીતિ સામે જનતાનો પિત્તો ગયો છે.

લોકોની ઉગ્ર માંગ: મહુડી ભાગોળથી પરબડી સુધીના આ જીવલેણ ખાડાઓનું વહેલી તકે યુદ્ધના ધોરણે મેટલિંગ કામ કરીને પુરાણ કરવામાં આવે.

# TET ફરજિયાતનાં નિર્ણયનાં વિરોધમાં ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાનો ધરણાં કાર્યક્રમ યોજાશે

**ગાંધીનગર**

તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણય અનુસાર ૨૦૧૦ પહેલાં નિમણૂક પામેલા સેવારત શિક્ષકો માટે તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૮ સુધીમાં TET ફરજિયાત પાસ કરવાનાં નિર્ણયનાં વિરોધમાં અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ AIPTF દ્વારા રાજ્યવ્યાપી આંદોલનની હાકલ કરવામાં આવી છે. આ આંદોલનનાં ભાગરૂપે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તા. ૧૧/૦૭/૨૦૨૬ ને શનિવારનાં રોજ બપોરે ૨:૦૦ થી ૫:૦૦ કલાક દરમિયાન સત્યાગ્રહ છાવણી, સેક્ટર-૬, ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાનો ધરણાં કાર્યક્રમ યોજવામાં આવશે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા રાજ્યનાં તમામ જિલ્લાઓને આ કાર્યક્રમમાં વધુમાં વધુ સંખ્યામાં શિક્ષક ભાઈ-બહેનોને ઉપસ્થિત રાખવા અપીલ કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ અને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘનાં નિર્ણયને અનુસરીને ગુજરાતનાં સેવારત શિક્ષકો પોતાનાં હક માટે એકજૂટ થઈને આ આંદોલનમાં જોડાશે.

# સુરતમાં ભ્રષ્ટાચારનો હાઈટેક નમૂનો : 16 દિવસમાં 5 રસ્તા કડડભૂસ! 10થી 41 વર્ષનો અનુભવ ધરાવતી કંપનીઓ ધોવાઈ

## અહીંના રોડ ધોવાયા, પણ મેડમ એજન્સી હવે અમેરિકામાં પ્રોજેક્ટ શરૂ કરશે!

**સુરત**

ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે– આ કહેવત સુરત મહાનગરપાલિકાના ભ્રષ્ટ એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરોની જુગલબંધી પર બિલકુલ સચોટ બેસે છે. ડાયમંડ સિટી સુરતમાં વિકાસના નામે કેવો મોટો આર્થિક કાદવ ખદબદી રહ્યો છે, તેનો એક અત્યંત ચોંકાવનારો પર્દાફાશ થયો છે. ચોમાસાની શરૂઆતના માત્ર ૧૬ જ દિવસમાં સુરતના એક-બે નહીં, પણ પૂરેપૂરા ૫ મુખ્ય રસ્તાઓ કડડભૂસ થઈને જમીનદોસ્ત થઈ ગયા છે! આ આખી ઘટના બાદ ભ્રષ્ટાચાર છુપાવવા માટે તંત્રએ ૫ મોટી એજન્સીઓને નોટિસ ફટકારીને સંતોષ માની લીધો છે. સૌથી વધુ આશ્ચર્ય અને આક્રોશની વાત તો એ છે કે જે ૫ એજન્સીઓને આ રસ્તાઓ બનાવવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો, તેમની પાસે ૧૦ વર્ષથી લઈને છેક ૪૧ વર્ષ સુધીનો મસમોટો અનુભવ છે! આટલો લાંબો અને જૂનો અનુભવ ધરાવતી મલ્ટી-કરોડ કંપનીઓ સુરતની જનતાને એક એવો રસ્તો ન આપી શકી જે પહેલા જ વરસાદના પાણીને ઝીલી શકે. રસ્તાઓ ધોવાઈ જતાં ઠેર-ઠેર મસમોટા ભુવાઓ પડી ગયા છે, જેના કારણે નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ પોતાના જીવ જોખમમાં મૂકીને પસાર થવા મજબૂર બન્યા છે. વાહ રે ભ્રષ્ટાચારના ખેલાડીઓ! સુરતમાં જે એજન્સીએ બનાવેલો રોડ ૧૬ દિવસ પણ ટકી શક્યો નથી, તે એજન્સીના માલિકો હવે અમેરિકા (USA) માં નવો રોડ પ્રોજેક્ટ શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છે! સવાલ એ થાય છે કે જે કંપનીઓ પોતાના દેશમાં, પોતાના રાજ્યમાં પ્રમાણિકતાથી ક્વોલિટીવાળું કામ નથી કરી શકતી, તે વિદેશમાં કયો મોટો ઝંડો રોપવાની છે? શું ગુજરાતની જનતાના લોહી-પરસેવાના ટેક્સના પૈસાથી આ કંપનીઓ વિદેશમાં પોતાની સલ્તનત ઊભી કરી રહી છે?

સૌથી મોટો ધમાકો: સુરત પાલિકા માત્ર નોટિસોના કાગળિયા ફાડીને ક્યાં સુધી ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોને બચાવતી રહેશે? શું આ બ્લેકલિસ્ટ થવા લાયક કંપનીઓ પર ક્યારેય કાયદાનો આકરો કોરડો વીંઝાશે ખરો?

૧૬ દિવસમાં ૫ રસ્તાઓ ધોવાઈ ગયા, તો રોડ મટીરિયલ પાસ કરનારા સુરત પાલિકાના કયા કમિશનબાજ અધિકારીઓએ પોતાની આંખો મીંચી રાખી હતી?

૪૧ વર્ષનો અનુભવ ધરાવતી કંપનીઓ સામે માત્ર 'નોટિસ' નું નાટક કેમ? આ કંપનીઓ પાસેથી જનતાના નુકસાનની એક-એક રૂપિયાની રિકવરી ક્યારે કરાશે?

અમેરિકામાં પ્રોજેક્ટ શરૂ કરનારી આ મહાશય કંપનીના સુરતના તમામ ચાલુ પ્રોજેક્ટ સસ્પેન્ડ કરીને તેની હાઈ-લેવલ તપાસ કેમ નથી કરાતી?

### નેશનલ હાઈવે ઓથોરિટી દોડતી થઇ

# જૂનાગઢમાં મેઘતાંડવ: સોમનાથ-દ્વારકા હાઈવે ધોવાયો : કલાકોથી ટ્રાફિક જામની ભયાનક સ્થિતિ

**જૂનાગઢ/વેરાવળ**

જૂનાગઢમાં વરસેલા ભારે વરસાદે તંત્રના પ્રિ-મોન્સૂન પ્લાનની ધજ્જિયાં ઉડાવી દીધી છે. સૌરાષ્ટ્રના બે સૌથી મોટા ધાર્મિક સ્થળોને જોડતો સોમનાથ-દ્વારકા નેશનલ હાઈવે ભારે વરસાદના કારણે મગરની પીઠ જેવો બની ગયો છે. હાઈવે પર ઠેર-ઠેર એવા ભયાનક ગાબડાં પડ્યાં છે કે રસ્તો છે કે ખાડો તે ઓળખવું મુશ્કેલ બન્યું છે. ગઈકાલે મોડી રાતથી આ હાઈવે પર કિલોમીટરો લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે, જેમાં હજારો વાહનચાલકો અને યાત્રાળુઓ મધરાતથી ભૂખ્યા-તરસ્યા ફસાયા છે. આ કુદરતી આફત અને તંત્રની લાપરવાહીની અસલી તસવીર ત્યારે સામે આવી જ્યારે સમગ્ર પરિસ્થિતિના ડ્રોન



કેમેરાથી લેવાયેલા ચોંકાવનારા શોટ્સ સામે આવ્યા. ડ્રોન ફૂટેજમાં સાફ જોઈ શકાય છે કે આખો નેશનલ હાઈવે વાહનોની લાંબી કતારોથી ખીચોખીચ ભરાયેલો છે. રસ્તા પર પડેલા મોટા-મોટા ગાબડાં જોઈને એવું લાગે જાણે કોઈ યુદ્ધના મેદાનમાં બોમ્બમારો થયો હોય! કરોડોના ખર્ચે બનેલા હાઈવેની આવી દુર્દશા જોઈને લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

ભારે હોબાળો મચ્યા બાદ અને મીડિયામાં અહેવાલો ચમક્યા પછી આખરે નેશનલ હાઈવે ઓથોરિટી કુંભકર્ણની ઊંઘમાંથી જાગી છે. રસ્તા પર સર્જાયેલી આ ગંભીર પરિસ્થિતિને થાળે પાડવા માટે હાલમાં યુદ્ધના ધોરણે ગાબડાં પૂરવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. જેસીબી અને મજૂરોની ફોજ ઉતારીને રસ્તો રિપેર કરવાના ફાંફા મારવામાં આવી રહ્યા છે, જેથી કરીને કલાકોથી અટકેલા ટ્રાફિકને વહેલી તકે હળવો કરી શકાય.

દર વર્ષે કરોડો રૂપિયા ટોલ ટેક્સ ઉઘરાવતી કંપનીઓ વરસાદના પહેલા જ રાઉન્ડમાં કેમ લાચાર સાબિત થાય છે?

'પાક્કો ગુજરાત' ના વેધક સવાલો:

નેશનલ હાઈવેના નિર્માણમાં એવું કેવું મટીરિયલ વાપરવામાં આવ્યું કે સામાન્ય વરસાદમાં જ હાઈવે ધોવાઈ ગયો?

ચોમાસા પહેલા મોટી-મોટી વાતો કરતું હાઈવે ઓથોરિટીનું તંત્ર ગઈકાલે રાત્રે ક્યાં ગાયબ હતું?

મધરાતથી હેરાન થતા નાના બાળકો અને પરિવાર સાથેના મુસાફરોની હાલાકીનો જવાબદાર કોણ?

રસ્તા પર થીગડાં મારીને તત્કાલિન રાહત તો આપી દેવાશે, પણ સવાલ એ છે કે શું આ રસ્તાઓ આગામી વરસાદ ઝીલી શકશે ખરા? 'પાક્કો ગુજરાત' જનતાના હક માટે સત્તાધીશોને આવા જ ધારદાર સવાલો પૂછતું રહેશે.

# ડભોઇ પોલીસ બેડામાં એકસાથે 41 પોલીસકર્મીઓની બદલી, ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં અપાઈ ભાવભીની વિદાય..!

## આ પ્રસંગે ડભોઇના DySP આકાશ પટેલ તેમજ ડભોઇ પોલીસ સ્ટેશનના પી.આઇ. (PI) એ. ડી. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા

**ડભોઇ/વડોદરા**

વડોદરા જિલ્લાના ડભોઇ પોલીસ સ્ટેશનમાં વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે એકસાથે મોટા પાયે બદલીઓનો ગંજીપો ચીપકાવવામાં આવતા સમગ્ર પોલીસ બેડા સહિત રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા જાગી છે. ડભોઇ પોલીસ સ્ટેશનમાં લાંબા સમયથી ફરજ બજાવતા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સંભાળતા કુલ ૪૧ જેટલા પોલીસ કર્મચારીઓની એકસાથે બદલીના આદેશો છૂટતા સન્નાટો મચી ગયો છે. જો કે, આ વ્યાપક બદલીઓ બાદ તાકીદે બદલી પામેલા સ્ટાફ માટે પોલીસ સ્ટેશન ખાતે જ એક ભવ્ય અને ભાવનાત્મક વિદાય સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.



એક તરફ બદલીના કડક વહીવટી આદેશો હતા, તો બીજી તરફ ડભોઇ પોલીસ પરિવારમાં વર્ષોથી સાથે કામ કરવાનો એક અનોખો સ્નેહભાવ પણ જોવા મળ્યો હતો. બદલી પામેલા ૪૧ કર્મચારીઓ માટે ડભોઇ પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલા વિશેષ વિદાય સન્માન સમારંભમાં ભારે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. આ પ્રસંગે ડભોઈના ડીવાયએસપી (DySP) આકાશ પટેલ તેમજ ડભોઇ પોલીસ સ્ટેશનના પી.આઈ. (PI) એ. ડી. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બંને ઉચ્ચ અધિકારીઓએ બદલી પામેલા તમામ કર્મચારીઓની ડભોઇ ખાતેની પ્રશંસનીય ફરજ અને ગુનેગારો પર લગામ કસવામાં તેમના યોગદાનને ખુલ્લા દિલથી બિરદાવ્યું હતું.

વિદાય સમારંભ દરમિયાન પરંપરાગત રીતે, તમામ ૪૧ પોલીસ કર્મચારીઓને સન્માનપૂર્વક શ્રીફળ (નાળિયેર) અને પુષ્પગુચ્છ આપીને આંખમાં હરખના આંસુ સાથે ભાવભીની વિદાય આપવામાં આવી હતી. ઉચ્ચ અધિકારીઓએ કર્મચારીઓને તેમના નવા કાર્યસ્થળે પણ આવી જ નિષ્ઠાપૂર્વક અને નીડરતાથી ફરજ બજાવવા માટેની શુભેચ્છાઓ પાઠવી હતી.

# ડભોઇના કરનેટ ગામે નર્મદા કેનાલમાં ખાબકેલી ગાયને ભારે જહેમત બાદ સહી-સલામત બહાર કઢાઇ

**ડભોઇ**

ડભોઈ ચોમાસાની ઋતુમાં અવારનવાર પશુઓ લપસી જવાના બનાવો બનતા હોય છે, ત્યારે ડભોઈ તાલુકાના કરનેટ ગામેથી એક માનવતાની મહેક પ્રસરાવતી ઘટના સામે આવી છે. કરનેટ ગામમાંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલ નજીક ચરી રહેલી એક ગાયનો પગ વરસાદના કારણે અચાનક લપસી જતાં તે ઊંડી કેનાલના ધસમસતા પાણીમાં ખાબકી હતી. ઉપ્ર સરપંચની ટીમ અને ગ્રામજનોની તાત્કાલિક કામગીરી ગાય કેનાલમાં પડી હોવાની જાણ વસાહતના સ્થાનિક મિત્રો દ્વારા તાત્કાલિક કરનેટ ગામના ઉપ્ર સરપંચ અજયભાઈ ભાટિયાને કરવામાં આવી હતી. અજયભાઈ અને તેમની ટીમે સમય સૂચકતા વાપરીને તુરંત જ નર્મદા નિગમ અને ફોરેસ્ટ વિભાગનો સંપર્ક કર્યો હતો. જો કે, સરકારી તંત્ર તરફથી મદદ પહોંચવામાં વિલંબ થાય તેમ હોવાથી, ગાય માતાનો જીવ જોખમમાં મૂકાયો હતો સરકારી તંત્રની રાહ જોવામાં મોડું થાય તેમ હોવાથી ગાયનો જીવ બચાવવો એ અમારી પહેલી પ્રાથમિકતા હતી અજયભાઈ ભાટિયા ઉપ સરપંચ, કરનેટ ખાનગી ક્રેન બોલાવીને કરાયું દિલધડક



રેસ્ક્યુ ગાય માતાનો જીવ બચાવવા માટે ઉપ સરપંચ અજયભાઈએ જરાય વિલંબ કર્યા વિના પોતાના ખર્ચે તાત્કાલિક એક ખાનગી ક્રેન (હાઈડ્રા) મશીન ઘટનાસ્થળે બોલાવી લીધું હતું. ત્યારબાદ તેમની ટીમ અને વસાહતના સ્થાનિક યુવાનોએ ભારે જહેમત ઉઠાવી, જીવના જોખમે કેનાલમાંથી ગાયને ક્રેન ઓપરેટ કરીને સહી-સલામત બહાર કાઢી હતી માનવતાનું સાચું ઉદાહરણ પૂરું પાડ્યું કેનાલમાંથી બહાર કાઢ્યા બાદ ગાય માતા સ્વસ્થ હોવાથી તેને મુક્ત કરવામાં આવી હતી. સરકારી તંત્રની રાહ જોયા વિના, પોતાની સૂઝબૂઝ અને લોકભાગીદારીથી અબોલ જીવનો જીવ બચાવીને ઉપ્ર સરપંચ અજયભાઈ ભાટિયા અને તેમની સમગ્ર ટીમે સમાજ સામે માનવતા અને જીવદયાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### મુખ્ય સૂત્રધાર ઉત્પલ પટેલ ક્યાં છુપાયો : પોલીસના હાથ હજુ ખાલી!

# ગિફ્ટસિટી મહાકૌભાંડ: શૂટ સ્પેસ ડિજિટલ સ્કેમમાં 12 હજાર રોકાણકારો બરબાદ, કૌભાંડી ઉત્પલ પટેલ હજુ ફરાર!

**ગાંધીનગર/અમદાવાદ**

ગુજરાતના ગૌરવ સમાન ગિફ્ટસિટી (GIFT City)ના નામે આચરાયેલા 'શૂટ સ્પેસ ડિજિટલ' મહાકૌભાંડમાં રોજ નવા અને ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. નિર્દોષ રોકાણકારોને રાતોરાત અમીર બનવાના સપના બતાવી કરોડો રૂપિયા ઓળવી જનારા આ સ્કેમમાં હવે ડિજિટલ લૂંટનો આખો આંકડો સામે આવ્યો છે. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, કૌભાંડીઓએ એક-બે નહીં પણ ૧૨,૦૦૦થી વધુ સામાન્ય રોકાણકારોના પાનકાર્ડ (PAN Card)નો ગેરકાયદેસર અને દુરુપયોગ કરીને કરોડો રૂપિયાની હેરાફેરી કરી નાખી છે. આ કૌભાંડ એટલું વ્યવસ્થિત અને આયોજનબદ્ધ રીતે આચરવામાં આવ્યું છે કે તેની કડીઓ ઉકેલવા માટે તપાસ એજન્સીઓએ હવે એક્સપર્ટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CA)ની આખી ફોજ મેદાને ઉતારવી પડી છે. નિષ્ણાંત સીએની મદદથી આ કૌભાંડના આર્થિક ટ્રાન્ઝેક્શનના તાર ક્યાં-ક્યાં જોડાયેલા છે તેની બારીકાઈથી તપાસ થઈ રહી છે. ચોંકાવનારી વાત એ છે કે, જે ૧૨ હજાર લોકોના પાનકાર્ડનો દુરુપયોગ થયો છે, તેમને ભવિષ્યમાં ઈન્કમટેક્સ વિભાગની મોટી નોટિસો ફટકારાય તેવી પૂરેપૂરી સંભાવના છે. એટલે કે, રોકાણકારોના અસલી રૂપિયા તો ડૂબ્યા જ, સાથે હવે કાયદાકીય કનડગતનો સામનો કરવાનો વારો આવ્યો છે! હજારો પરિવારોના ઘરમાં અંધારું કરી, કરોડો રૂપિયાનું આંધણ કરી જનારો આ મહાકૌભાંડનો અસલી માસ્ટરમાઈન્ડ ઉત્પલ પટેલ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. કૌભાંડ આચરીને ઉત્પલ પટેલ કાયદાના હાથમાંથી બચીને ફરાર થઈ ગયો છે. હાઈટેક અને ડિજિટલ પોલીસિંગના દાવા કરતી એજન્સીઓ હજુ સુધી આ આર્થિક ગઠિયાના સગડ મેળવી શકી નથી, જેને લઈને ભોગ બનનારા રોકાણકારોમાં ભારે રોષ અને અજંપો જોવા મળી રહ્યો છે.

સૌથી મોટો સવાલ: આટલું મોટું ડિજિટલ કૌભાંડ ગિફ્ટસિટી જેવા હાઈ-સિક્યોરિટી અને રેગ્યુલેટેડ ઝોન ના નામે આચરી દેવાયું, છતાં તંત્રને કાનોકાન ખબર કેમ ન પડી?

'પાક્કો ગુજરાત' ના વેધક સવાલો:

૧૨ હજારથી વધુ લોકોના પાનકાર્ડનો દુરુપયોગ થઈ ગયો, તો દેશની હાઈટેક સાયબર સેલ અને બેંકિંગ સિસ્ટમ અત્યાર સુધી કેમ ઘસઘસાટ ઊંઘતી રહી?

કરોડો રૂપિયા લઈને રફુચક્કર થઈ ગયેલો ઉત્પલ પટેલ કોઈ મોટા માથાઓના છત્રછાયા હેઠળ તો નથી છુપાયો ને?

### ભાવનગરમાં LCB નો સપાટો

# વિદેશી દારૂની 576 બોટલો સાથે લાખોનો મુદ્દામાલ ઝડપાયો, બુટલેગરોના નેટવર્ક પર પોલીસ ત્રાટકી!

**ભાવનગર**

ગુજરાતમાં નશાબંધીના કાયદાની કડક અમલવારી વચ્ચે ભાવનગર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ કાળા કારોબારીઓ સામે વધુ એક મોટી અને સફળ કાર્યવાહી કરી છે. ભાવનગર એસ.પી.ની સૂચના અને એલસીબી પી.આઈ.ના માર્ગદર્શન હેઠળ પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ સફળ ઓપરેશનથી ભાવનગર પંથકના બુટલેગરો અને નશાના સોદાગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.





મળતી સચોટ વિગતો મુજબ, ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે જિલ્લાના એક ચોક્કસ વિસ્તારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતારવામાં આવ્યો છે અને તેને ક્યાંક સગેવગે કરવાની પેરવી ચાલી રહી છે. એલસીબીના સ્ટાફે તાત્કાલિક વોચ ગોઠવીને દરોડો પાડતા ઘટનાસ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી કુલ ૫૭૬ નંગ બોટલો મળી આવી હતી. પોલીસે દારૂના આ જથ્થા સહિત કુલ રૂપિયા ૧,૦૭,૭૬૦/- નો મુદ્દામાલ કાયદેસર રીતે જપ્ત કરીને કાયદાનો ધોકો પછાડ્યો છે. મુખ્યમંત્રી કાર્યાલય (CMO Gujarat) અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી (Harsh Sanghavi) દ્વારા ગુજરાત પોલીસને નશામુક્ત ગુજરાતના સંકલ્પ સાથે બુટલેગરો સામે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવાની કડક સૂચના આપવામાં આવી છે. જેના ભાગરૂપે આઈજીપી ભાવનગર રેન્જ (Igp Bhavnagar Range) અને ભાવનગર પોલીસની ટીમો સતત એક્શન મોડમાં જોવા મળી રહી છે.

## તંત્રી લેખ...

# ખેડૂતો સાથે ઐતિહાસિક છેતરપિંડી! સરકારે અદાણી-અંબાણી જેવા ઉદ્યોગપતિઓ વતી ખેડૂતોને લોલીપોપ આપી

ગુજરાતના ધરતીપુત્રોના લોહી-પરસેવાની જમીનો પર ઉદ્યોગપતિઓના વીજ ટાવરો ઊભા કરવા માટે સરકારે વધુ એક મોટો અને કથિત 'ઐતિહાસિક' ખેલ ખેલ્યો છે. જેતપુરમાં સતત ૧૯ દિવસથી ચાલી રહેલા ખેડૂતોના ઉગ્ર ઉપવાસ આંદોલનથી ગભરાયેલી સરકારે હવે અન્નદાતાઓની આંખમાં ધૂળ નાખવા માટે એક ખામીયુક્ત અને પોકળ પ્લાન જાહેર કર્યો છે. ૩ જુલાઈ ૨૦૨૬ના રોજ કૃષિમંત્રી જીતુ વાઘાણીએ મોટી-મોટી પ્રેસ કોન્ફરન્સ કરીને



જાહેરાત કરી કે, ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈન અને ટાવર માટે ખેડૂતોને જમીનના બજાર ભાવ (માર્કેટ રેટ) ના બમણા દરે વળતર અપાશે.

પરંતુ, 'પાક્કો ગુજરાત' ના ગ્રાઉન્ડ રિપોર્ટમાં સામે આવ્યું છે કે, આ કોઈ ઐતિહાસિક નિર્ણય નથી, પરંતુ ખેડૂતોના આંદોલનને સમેટવા અને કોર્પોરેટ કંપનીઓને ફાયદો કરાવવા માટે સરકારે ફેંકેલો માત્ર કાગળનો ટુકડો છે!

સરકારની આ જાહેરાત થતાં જ જેતપર ગામના મંત્રી કાંતિ અમૃતિયા અને સરકારના તળિયા ચાટતા 'ગોદી પત્રકારો' એ આ નિર્ણયને ઐતિહાસિક કહીને મહીમાગાન શરૂ કરી દીધું છે. પરંતુ આ સરકારી પોપટો એ નથી જોઈ રહ્યા કે આ નિર્ણયની આડમાં ખેડૂતોનું કેવું મોટું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે.

'પાક્કો ગુજરાત' જનતા સામે લાવે છે આ કથિત પોલિસીની ૫ મોટી ઘાતક ખામીઓ:

૧. ૪ ગણા વળતરની માંગણી ગાયબ, સરકાર તો માત્ર 'દલાલી' કરે છે!

ખેડૂતોની સ્પષ્ટ માંગણી માર્કેટ ભાવથી ચાર ગણા વળતરની છે, અથવા પોલ દીઠ ૨ કરોડ રૂપિયા અથવા દર મહિને ૫૦,૦૦૦/- રૂપિયા ભાડું મળવું જોઈએ. સરકારે આ મુખ્ય માંગણીને સદંતર નકારી દીધી છે. સૌથી મોટી મજાની વાત એ છે કે, આ વળતરના પૈસા સરકારે પોતાના ખિસ્સામાંથી નથી આપવાના, આ પૈસા તો 'અદાણી' જેવી ખાનગી કંપનીઓએ ચૂકવવાના છે! સરકાર તો માત્ર અદાણી વતી વચેટિયા બનીને ખેડૂતોની જમીનો આંચકી રહી છે.

૨. ૩૦ વર્ષ સુધી જમીન બંજર બનશે, તેનું નુકસાન કોણ ભોગવશે?

ખેતરમાં એકવાર મસમોટો વીજ ટાવર કે હાઈટેશન લાઈન નંખાઈ જાય, એટલે આગામી ૩૦ વર્ષ સુધી તે જમીનની બજાર કિંમત કોડીની થઈ જાય છે. આ જમીનની કિંમતમાં થનારા કાયમી ઘટાડા (Devaluation) અંગે સરકારે આખી પોલિસીમાં કોઈ જ સ્પષ્ટતા કરી નથી.

૩. શોર્ટ સર્કિટ, વાવાઝોડા કે પશુ-માણસના મોત પર વીમાનું શું?

વરસાદ કે વાવાઝોડાના કારણે જો આ હાઈટેન્શન લાઈન તૂટે, ઊભો પાક બળીને ખાખ થઈ જાય, અથવા કોઈ ખેડૂત કે પશુનું વીજ કરંટથી મોત થાય, તો તેની જવાબદારી કોની? વીજ કંપનીઓ કેટલો વીમો આપશે? આ બાબતે સરકારી ઠરાવમાં ઘોર અંધારું છે.

૪. MRC કમિટી એટલે ખેડૂતોને દબાવવાનું નવું હથિયાર!

સરકારે બજાર કિંમત નક્કી કરવા માટે જે 'માર્કેટ રેટ કમિટી' (MRC) બનાવવાની જાહેરાત કરી છે, તેમાં કલેક્ટર, વીજ કંપની/GETCO ના પ્રતિનિધિઓ અને સરકારી વેલ્યુઅરો બેસશે. આ સરકારી અધિકારીઓ અને કંપનીના માણસો વચ્ચે એકલદોકલ ખેડૂત પ્રતિનિધિનું સાંભળશે કોણ? વળી, ટાવર ઊભા કરવા માટે ક્રેનો, ટ્રકો લાવીને, ખાડા ખોદીને ઊભા પાકના જે છોતરાં કાઢી નાખવામાં આવે છે, તે નુકસાનીનો કોઈ હિસાબ જ ગણતરીમાં લેવાયો નથી.

આ આખા ખેલ પર પ્રહાર કરતા જાણીતા ખેડૂત અગ્રણી પાલભાઈ આંબલિયાએ જણાવ્યું છે કે, 'સરકારે હાલ જે જાહેરાત કરી છે તે કંઈ નવું નથી, પરંતુ કેન્દ્ર સરકારની ૨૦૨૫ની SOP (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર) ની બેઠી કોપી પેસ્ટ છે. ગત ૧૨ માર્ચ ૨૦૨૬ના રોજ ઉર્જા મંત્રીએ કહ્યું હતું કે પોલિસી બને છે, તો છેલ્લા ત્રણ મહિનાથી સરકાર શું મંજીરા વગાડતી હતી? ખેડૂતોને મૂર્ખ બનાવવાનું બંધ કરો, અમારી લડત ચાલુ જ રહેશે.'

'પાક્કો ગુજરાત' ના વેધક સવાલો:

મંત્રી જીતુ વાઘાણી અને કાંતિ અમૃતિયા ખુલાસો કરે કે ખેડૂતોના ભોગે અદાણી-અંબાણી જેવા ઉદ્યોગપતિઓના ઘર ભરવાની આ પોલિસીને 'ઐતિહાસિક' કહેતા શરમ કેમ નથી આવતી?

જો સરકાર ખરેખર ખેડૂત હિતેચ્છુ હોય, તો ખેડૂતોની માંગણી મુજબ ટાવરનું દર મહિને ભાડું ચૂકવવાનો નિયમ કેમ ન બનાવ્યો? ૧૯ દિવસ સુધી ખેડૂતો ભૂખ્યા-તરસ્યા બેઠા રહ્યા ત્યારે ઊંઘતું તંત્ર, હવે ઉદ્યોગપતિઓના પ્રોજેક્ટ અટકે નહીં તે માટે ઉતાવળે આવી ખામીયુક્ત જાહેરાતો કેમ કરી રહ્યું છે?

- ગ્રુપ એડિટર પવન માકન

# અમરનાથ યાત્રા પર ગંભીર હુમલાની શક્યતા

**એજન્સીઓનું કહેવું છે કે, પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર, ખૈબર પખ્તૂનખ્ખા અને બલુચીસ્તાનમાં બગડી રહેલી પરિસ્થિતિને કારણે પાકિસ્તાન ધ્યાન ભટકાવવા માંગે છે. લોકોનું ધ્યાન બીજે ખેંચવા માટે પાકિસ્તાની જાસુસી સંસ્થા આઇએસઆઇ અમરનાથ યાત્રા વખતે મોટો આતંકવાદી હુમલો કરાવે એવી શક્યતા છે**

આગામી અમરનાથ યાત્રા બાબતે દેશની જાસૂસી સંસ્થાઓએ સુરક્ષા એલર્ટ જાહેર કર્યું છે. એજન્સીઓનું કહેવું છે કે, પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર, ખૈબર પખ્તૂનખ્ખા અને બલુચીસ્તાનમાં બગડી રહેલી પરિસ્થિતને કારણે પાકિસ્તાન ધ્યાન ભટકાવવા માંગે છે. લોકોનું ધ્યાન બીજે ખેંચવા માટે પાકિસ્તાની જાસુસી સંસ્થા આઈએસઆઈ અમરનાથ યાત્રા વખતે મોટો આતંકવાદી હુમલો કરાવે એવી શક્યતા છે. આ વર્ષે અમરનાથ યાત્રા ૩જી જુલાઈથી શરૂ થઈ રહી છે. ખાસ કરીને પીઓકેમાં પાકિસ્તાન વિરુદ્ધ ભારે દેખાવો થઈ રહ્યા છે અને ઈસ્લામાબાદ ચિંતામાં છે. અફઘાનિસ્તાન પર પાકિસ્તાને કરેલો હવાઈ હુમલો પણ અંદરના દબાણથી ધ્યાન બીજે હટાવવા માટે કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૩૫ વ્યક્તિઓના મૃત્યુ થયા હતા. આઈએસઆઈ પ્રેરિત આતંકવાદીઓ જમ્મુ-કાશ્મીરના જંગલમાં છુપાઈને સ્થાનિક સંપર્કોનો કોન્ટેક્ટ કરવાની કોશિષ કરે છે.



સરકાર લોકસભાની બેઠકો વધારવા માટે કેટલાક નવા ફોર્મ્યુલા વિચારી રહી છે. દક્ષિણના રાજ્યોની ચિંતા દુર કરવા માટે દરેક રાજ્યમાં લોકસભાની બેઠકોની સંખ્યા ૫૦ ટકા જેટલી વધારવાનો પ્રસ્તાવ રજૂ થઈ શકે. સરકાર મહિલા અનામત કાયદો લાગુ કરવા માટે નવું બીલ રજુ કરવાની તૈયારી કરી રહી છે. નવુ બીલ એ રીતે તૈયાર થઈ રહ્યું છે કે, દક્ષિણના રાજ્યોની ચિંતા ઓછી થાય. દક્ષિણના રાજ્યોને ચિંતા છે કે જો વસ્તીને આધારે સિમાંકનની પ્રક્રિયા નક્કી થાય તો લોકસભામાં એમની તાકાત ઓછી થઈ જશે. પહેલું બીલ ૧૭મી એપ્રિલે પસાર થઈ શક્યું નહોતું, કારણ કે સરકાર પાસે ૨/૩ બહુમતિ નહોતી. નવા ડ્રાફ્ટમાં ૨૦૧૧ની વસ્તી ગણતરીને આધારે રાજ્યોની બેઠકો નક્કી કરવામાં આવશે એવું વિચારાય રહ્યું છે.

અયોધ્યા રામ મંદિરમાં શ્રદ્ધાળુઓના ચઢાવાની થયેલી ચોરીના વિવાદ વચ્ચે વિશ્વ હિન્દુ પરિષદએ શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્રના ટ્રસ્ટ મહામંત્રી ચંપત રાયથી અલગ થવાનું નક્કી કર્યું છે. ચંપત રાયએ લીધેલા નિર્ણયો સાથે વિહિપને લાગતુ વળગતું ન હોવાનું કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત વિહિપએ સંપૂર્ણ કિસ્સાની ઉંડાણપૂર્વક તપાસ કરવા માંગણી કરી છે. વિહિપના આંતરરાષ્ટ્રીય પ્રમુખ આલોક કુમારએ કહ્યું છે કે, રામ મંદિરના નિર્માણ પછી ટ્રસ્ટે લીધેલા નિર્ણયોની જવાબદારી વિહિપની નથી. રામ જન્મભૂમિ આંદોલનનો ઉદ્દેશ પૂર્ણ થતા વિહિપની ભૂમિકા પુરી થઈ ગઈ હતી. આલોક કુમારએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, 'ચંપત રાયએ રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી તરીકે લીધેલા નિર્ણયોથી હું મારી જાતને અલગ કરૂં છું.'

શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ એવો દાવો કર્યો હતો કે, તેઓ દેવેન્દ્ર ફડણવીસના શુભચિંતક છે. જો ફડણવીસ વડાપ્રધાન બનવા માંગતા હોય તો તેઓ એમને ટેકો આપશે. ઠાકરેએ પત્રકારોને એમ પણ કહ્યું હતું કે, 'જો ફડણવીસ વિચારતા હોય કે હું એમનો દુશ્મન છું તો હું કહી દઉં કે હું એમનો શુભચિંતક છું. હું એમના મનની વાત કરી રહ્યો છું. એવું આયોજન થઈ રહ્યું છે કે ૨૦૨૯માં ફડણવીસ વડાપ્રધાનપદની રેસમાં સામેલ થઈ શકે નહીં. જો મહારાષ્ટ્રની કોઈ વ્યક્તિ વડાપ્રધાન બનતી હોય તો મારા પક્ષનો એમને ટેકો છે.' હકીકતમાં ઉદ્ધવ ઠાકરે ફડણવીસ પર કટાક્ષ કરવા માંગતા હતા. ત્યાર પછી એમણે તરત જ કહ્યું હતું કે જો ફડણવીસ વડાપ્રધાન બનવાની ઈચ્છા રાખતા હોય તો તેઓ પક્ષમાં ટકી શકે પણ નહીં. આવો વિચાર પણ એમને માટે રાજકીય આત્મહત્યા જેવો ગણાય. એસઆઈઆર અભિયાન બાબતે ઈન્ડિયા ગઠબંધન, ચૂંટણી કમિશન અને કેન્દ્ર સરકાર પર સતત પ્રહાર કરે છે. હવે ઈન્ડિયા ગઠબંધને આ મામલે મોટી કાર્યવાહી કરવાનું નક્કી કર્યું છે. એસઆઈઆર, 'મતની લૂંટ'નો આક્ષેપ અને ચૂંટણીમાં થયેલી ગરબડ બાબતે વિરોધ પક્ષોએ ચીફ જસ્ટીસ સૂર્યકાંતને પત્ર લખ્યો છે. કોંગ્રેસ સાંસદ જયરામ રમેશએ સોશ્યલ મીડિયા એક્સ પર આ બાબતે પોસ્ટ મૂકી છે. જયરામ રમેશએ લખ્યું છે કે, '૮ જૂન, ૨૦૨૬ને દિવસે ઈન્ડિયા ગઠબંધનની બેઠક મળી હતી, જેમાં ૨૧ રાજકીય પક્ષો અને ૧ અપક્ષ ઉમેદવારે ભાગ લીધો હતો. બેઠકમાં ચીફ જસ્ટીસને એક સંયુક્ત પત્ર મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# શબ્દોની ભીડમાં હૃદયના સંવાદની શોધ

## "કી હોગી ગુફ્તગૂ તુમ્ને કઈ દફા કઈ લોગો સે, પર જો દિલ પે લગેગી વો એક બાત હું"

પવન માકન (ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત)

મનુષ્યના જીવનમાં સંવાદનું બહુ મોટું મહત્વ છે. સવારથી સાંજ સુધી આપણે સેંકડો લોકો સાથે વાતચીત કરીએ છીએ, હજારો શબ્દો હવામાં ફેંકાય છે અને સોશિયલ મીડિયાના યુગમાં તો મેસેજોનો જાણે ધોધ વહી રહ્યો છે.

ઓફિસની ફોર્મલ વાતો, બજારના સોદાઓ, રાજકારણની ચર્ચાઓ અને દુનિયાભરની પંચાતો– આ બધું જ આપણે રોજ કરીએ છીએ. પરંતુ સવાલ એ થાય છે કે, આ આખી દોડધામ અને હજારો શબ્દોની ભીડ વચ્ચે કેટલી વાતો એવી હોય છે જે ખરેખર આપણા આત્માને સ્પર્શી જાય છે?

આ સવાલના જવાબમાં જ છુપાયેલું છે આ શાયરીનું ગૂઢ રહસ્ય. આપણે રોજ 'વાતો' તો ઘણી કરીએ છીએ, પણ 'સંવાદ' બહુ ઓછો થાય છે.

ઔપચારિક વાતોનો સમુદ્ર અને સાચી વાતની તરસ

આજે આપણી આસપાસ લોકોની કોઈ અછત નથી. સ્માર્ટફોન અને ઈન્ટરનેટે આપણને આખી દુનિયા સાથે જોડી દીધા છે. આપણે ધારીએ ત્યારે, ગમે તેની સાથે કલાકો સુધી 'ગુફ્તગૂ' (વાતચીત) કરી શકીએ છીએ. પરંતુ ક્યારેક એવું બને છે કે આખો દિવસ લોકોની વચ્ચે વિતાવ્યા પછી પણ, રાત્રે આંખ બંધ કરતી વખતે મન ખાલીપો અનુભવે છે.

આનું કારણ એ છે કે મોટાભાગની વાતચીત માત્ર મગજથી થતી હોય છે, હૃદયથી નહીં. એ વાતોમાં સ્વાર્થ હોય છે, ઔપચારિકતા (Formality) હોય છે અને ક્યારેક માત્ર દેખાવો હોય છે. પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ કોઈ અપેક્ષા વગર, માત્ર તમારી ચિંતામાં અથવા શુદ્ધ લાગણીથી તમારી સાથે બે શબ્દો બોલે છે, ત્યારે એ વાત સીધી હૃદયની આરપાર નીકળી જાય છે. એ જ છે 'દિલ પે લગને વાલી બાત'.

જ્યારે કોઈ વાત જિંદગી બદલી નાખે છે...

જીવનમાં આવી 'એક વાત' ની તાકાત બહુ મોટી હોય છે. કોઈ સાચા સ્નેહીજન, મિત્ર કે માર્ગદર્શક દ્વારા કહેવાયેલી એક જ લાઈન ક્યારેક તૂટી ગયેલા માણસને બેઠો કરી દે છે, તો ક્યારેક ભટકેલા માણસને સાચો રસ્તો બતાવી દે છે.

એ વાતમાં કોઈ આડંબર નથી હોતો.

એ વાતમાં માત્ર અને માત્ર સત્ય અને આત્મીયતાની સુગંધ હોય છે.

દુનિયાભરની લપછપ એકતરફ અને એ વ્યક્તિની એ સચોટ વાત એકતરફ!

જ્યારે કોઈ તમને હૃદયપૂર્વક સમજીને કહે કે, 'ચિંતા ન કર, હું તારી સાથે છું,' ત્યારે એ વાત ભલે ગમે તેટલી સાદી હોય, પણ કરોડો રૂપિયાના સામ્રાજ્ય કરતાં પણ વધુ માનસિક સુકૂન અને હિંમત આપી જાય છે.

આવો, હૃદયથી હૃદયનો તાર જોડીએ

આ વ્યસ્ત અને ભૌતિકવાદી જિંદગીમાં આપણને એવા માણસોની અને એવી વાતોની બહુ જરૂર છે, જે આપણા મનનો ભાર હળવો કરી શકે. શબ્દો તો કાન સુધી પહોંચીને અટકી જાય છે, પણ લાગણીઓ સીધી હૃદયમાં ઘર કરી જાય છે.

'પાક્કો ગુજરાત' નો અનોખો સંદેશ: જિંદગી ટૂંકી છે, માટે માત્ર વાતોના વડા કરવાનું કે સોશિયલ મીડિયા પર ફેક ફોરવર્ડ્સ મોકલવાનું બંધ કરીએ. કોઈકની સાથે એવી વાત કરો, કોઈકના સુખ-દુઃખમાં એવા સહભાગી બનો કે ભલે તમે તેની સાથે વર્ષોમાં એક જ વાર વાત કરી હોય, પણ તેના દિલ પર હંમેશાં તમારી એ વાત અંકિત રહી જાય. સાચો સંવાદ એ જ છે જે કાનથી નહીં, પણ હૃદયથી સંભળાય અને અનુભવાય!

# ભૌતિકતાના અંધકારમાં સાચા સુખની શોધ

## કોઈ સમૃદ્ધિ, સામ્રાજ્ય કે સાધનો સુખ આપતા નથી; સંગાથ અને સાંનિધ્યથી જ સુખ મળે છે!

પવન માકન (ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત)

આજના ૨૧મી સદીના હાઈટેક અને અતિ આધુનિક યુગમાં માણસ અવિરત દોડી રહ્યો છે. સવારથી સાંજ સુધીની તેની આ આંધળી દોટ પાછળ એક જ આકાંક્ષા છે– 'સુખ'. પરંતુ, આ દોડમાં માણસ એ ભૂલી ગયો છે કે તે જે સુખને વૈભવી બંગલાઓ, મોંઘી ગાડીઓ, કરોડોના બેંક બેલેન્સ અને સત્તાના સામ્રાજ્યમાં શોધી રહ્યો છે, તે સુખ ત્યાં ક્યારેય હતું જ નહીં! ઈતિહાસ સાક્ષી છે કે મોટા-મોટા સિકંદરો અને સામ્રાજ્યોના માલિકો પણ અંતે તો ખાલી હાથે અને અશાંત મને જ આ વિદાય લીધી છે. ભૌતિક સમૃદ્ધિ આપણી સગવડો વધારી શકે છે, પણ મનની શાંતિ કે સાચું સુખ ક્યારેય ખરીદી શકતી નથી. ત્યારે પ્રશ્ન એ થાય કે, આખરે સાચું સુખ છે ક્યાં? આ પ્રશ્નનો અત્યંત સરળ, સચોટ અને માર્મિક જવાબ છે: 'સુખ સાધનોમાં નહીં, પણ સાચા સંગાથ અને આત્મીય સાંનિધ્યમાં છુપાયેલું છે.



' આજે આપણી પાસે સુખ-સુવિધાના તમામ સાધનો ઉપલબ્ધ છે. એસી રૂમ, કિંમતી સ્માર્ટફોન અને વૈભવી ગાડીઓ છે, છતાં ડિપ્રેશન, માનસિક તણાવ અને એકલતાના કેસો રોજબરોજ વધી રહ્યા છે. આનું કારણ એ છે કે આપણે સાધનો તો વસાવી લીધા, પણ એ સાધનોનો જેની સાથે આનંદ માણવાનો હતો તે 'સંગાથ' ગુમાવી દીધો છે. સોશિયલ મીડિયા પર હજારો 'ફ્રેન્ડ્સ' હોવા છતાં, જ્યારે હૃદય હળવું કરવું હોય ત્યારે સાંભળનારું કોઈ રૂબરૂ હોતું નથી. યાદ રાખો કે, સોનાની થાળીમાં પીરસાયેલું પકવાન પણ જો એકલા બેસીને ખાવું પડે, તો તેનો કોઈ સ્વાદ નથી હોતો; પરંતુ પરિવાર અને સ્નેહીજનોના સંગાથમાં ખાધેલી રોટલી પણ અમૃત સમાન બની જાય છે. માનવી એક સામાજિક પ્રાણી છે. તેના અસ્તિત્વની સાર્થકતા જ પરસ્પરના પ્રેમ અને લાગણી પર ટકેલી છે. જ્યારે તમે કોઈ મુશ્કેલીમાં હોવ, ત્યારે કોઈ સાધન તમારી પડખે નથી ઊભું રહેતું, પણ એક સાચો મિત્ર કે પરિવારનો સંગાથ તમારી હિંમત બની જાય છે. પરિવારનું સાંનિધ્ય: દિવસભરના થાક પછી જ્યારે તમે ઘરે પાછા ફરો અને બાળકોની નિર્દોષ સ્માઈલ કે માતા-પિતાના આશીર્વાદયુક્ત વહાલનું સાંનિધ્ય મળે, ત્યારે દુનિયાભરનું ટેન્શન પળવારમાં ગાયબ થઈ જાય છે.

પ્રકૃતિ અને ઈશ્વરનું સાંનિધ્ય: ભૌતિક દોડધામથી દૂર જ્યારે આપણે પ્રકૃતિના ખોળે અથવા ઈશ્વરના ચરણોમાં બેસીએ છીએ, ત્યારે આત્માને જે પરમ શાંતિ મળે છે તે કોઈ સેવન-સ્ટાર હોટલના આતિથ્યમાં પણ નથી મળતી. સમય આવી ગયો છે કે આપણે આપણા સુખની વ્યાખ્યા બદલીએ.

સમૃદ્ધિ મેળવવી, પ્રગતિ કરવી એ બિલકુલ ખોટું નથી, પરંતુ સમૃદ્ધિની પાછળ અંધાધૂંધ દોડતી વખતે આપણી આસપાસના વહાલા માણસો છૂટી ન જાય તેનું ધ્યાન રાખવું બહુ જરૂરી છે. સામ્રાજ્યો તો આજે છે ને કાલે નથી, પરંતુ આપણી મુશ્કેલ પરિસ્થિતિમાં આપણો હાથ પનારી વ્યક્તિનો સંગાથ એ જ આપણી ખરી મૂડી છે.

'પાક્કો ગુજરાત' નો સંદેશ: આવો, આ ભૌતિકતાની આંધળી દોટને થોડી વિરામ આપીએ. સાધનો ભેગા કરવાની સાથે-સાથે સંગાથને મજબૂત કરીએ. જે લોકો આપણને પ્રેમ કરે છે, જેમનું સાંનિધ્ય આપણને ઉર્જા આપે છે, તેમની સાથે સમય વિતાવીએ. કારણ કે, અંતે તો એ જ સંબંધો અને સ્મરણો આપણી સાથે રહેવાના છે, જે આપણને જીવંત રાખે છે. સાચું સુખ વૈભવના પથ્થરોમાં નહીં, પણ લાગણીના ઝરણાંમાં વહે છે!

# પંજાબ કોંગ્રેસમાં ભયાનક ભંગાણના એંધાણ : ચન્નીના શક્તિપ્રદર્શનથી દિલ્હી સુધી કંપારી, વડિંગને હટાવવા હાઈકમાન્ડને અલ્ટીમેટમ!

દેશભરમાં પોતાની જમીન બચાવવા ફાંફા મારી રહેલી કોંગ્રેસ માટે વધુ એક રાજ્યમાંથી અત્યંત માઠા સમાચાર આવી રહ્યા છે. પંજાબ કોંગ્રેસમાં ગમે તે ઘડીએ મોટો વિસ્ફોટ થાય અને આખી પાર્ટી બે ભાગમાં વહેંચાઈ જાય તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે. પૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ બોલાવેલી એક ગુપ્ત મીટિંગમાં કોંગ્રેસના ૫૦થી વધુ દિગ્ગજ નેતાઓ ઉમટી પડતાં હાઈકમાન્ડના પગ નીચેથી જમીન સરકી ગઈ છે. આ નેતાઓએ એકસૂરે દિલ્હી દરબારને ચેતવણી આપી દીધી છે કે, જો વર્તમાન પ્રદેશ અધ્યક્ષ અમરિંદર સિંહ રાજા વડિંગને તાત્કાલિક પદ પરથી હટાવવામાં નહીં આવે, તો પંજાબમાં કોંગ્રેસનો સફાયો નક્કી છે.

કોંગ્રેસની અંદર ચાલી રહેલો આ આંતરિક કલહ હવે ચંદીગઢના રસ્તાઓ પર આવી ગયો છે. ચન્નીની આગેવાનીમાં ભેગા થયેલા બળવાખોર નેતાઓનું કહેવું છે કે, રાજા વડિંગની તાનાશાહી અને મનસ્વી નિર્ણયોના કારણે પંજાબમાં પાર્ટી બરબાદ થઈ રહી છે. સિનિયર નેતાઓની સતત અવગણના કરવામાં આવી રહી છે. હાઈકમાન્ડ સામે સીધો મોરચો માંડતા આ જૂથે સ્પષ્ટ કહી દીધું છે કે, હવે સમજૂતીનો કોઈ અવકાશ નથી. જો દિલ્હી બેઠેલા નેતાઓ સમય રહેતા નહીં જાગે, તો પંજાબમાં કોંગ્રેસના અસ્તિત્વ સામે જ સવાલ ઊભો થઈ જશે.

આ આખી આંતરિક લડાઈ વચ્ચે સૌથી મોટો ભૂકંપ ત્યારે આવ્યો જ્યારે પંજાબ કોંગ્રેસના એક દિગ્ગજ સાંસદ દિલ્હીમાં દેશના ગૃહમંત્રી અમિત શાહને મળવા પહોંચી ગયા! રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા છે કે, કોંગ્રેસના આંતરિક કલહનો સીધો ફાયદો ઉઠાવવા માટે ભાજપે પોતાની 'ચાણક્ય નીતિ' શરૂ કરી દીધી છે. જો કોંગ્રેસના સાંસદો અને ધારાસભ્યો કેસરિયો ધારણ કરી લેશે, તો આંચકો માત્ર પંજાબને નહીં પણ રાષ્ટ્રીય સ્તરે રાહુલ ગાંધીની રણનીતિને લાગશે.

મોટો સવાલ: જે પંજાબમાં કોંગ્રેસ પોતાની વાપસીના સપના જોઈ રહી છે, ત્યાં પોતાના જ નેતાઓ પક્ષને ડૂબાડવા કેમ બેઠા છે? શું આ બળવો કોંગ્રેસ મુક્ત પંજાબ તરફનો નવો ઈશારો છે?

'પાક્કો ગુજરાત' ના વેધક સવાલો:

એકબાજુ દેશ બચાવવાની વાતો કરતી કોંગ્રેસ પોતાના જ રાજ્યોમાં પોતાના નેતાઓને કેમ સાચવી શકતી નથી? ચરણજીત સિંહ ચન્નીનો આ આક્રોશ ખરેખર પાર્ટી બચાવવા માટે છે કે પછી ફરીથી સત્તાની મલાઈ મેળવવાની આખરી લડાઈ છે?

# રામમંદિરમાં મહાચોરીનો વિસ્ફોટ: બજરંગદળના સ્થાપક વિનય કટિયારનો સનસનાટીપૂર્ણ દાવો

અયોધ્યાના ભવ્ય અને પવિત્ર રામમંદિરમાં ચોરીના મુદ્દે હવે દેશના રાજકારણમાં અને હિન્દુત્વવાદી સંગઠનોમાં એક બહુ મોટો ભૂકંપ આવી ગયો છે. અત્યાર સુધી જે અફવાઓ અને ચર્ચાઓ ચાલી રહી હતી, તેના પર ભાજપના ફાયરબ્રાન્ડ નેતા અને બજરંગદળના સ્થાપક પ્રમુખ વિનય કટિયારે મહોર મારી દીધી છે.




વિનય કટિયારે બેબાક અંદાજમાં મોટો ઘટસ્ફોટ કરતા સ્વીકાર્યું છે કે, રામમંદિરમાં મોટી ચોરી થઈ છે એ વાત બિલકુલ સ્પષ્ટ અને સત્ય છે! આ નિવેદન બાદ સમગ્ર દેશના રામભક્તોમાં ભારે આક્રોશ અને ચિંતાની લહેર દોડી ગઈ છે.

આ કોઈ નાની-મોટી ઘટના નથી, પરંતુ કરોડો હિન્દુઓની આસ્થાના કેન્દ્ર સમાન રામલલાના દરબારમાં થયેલી સુરક્ષાની બહુ મોટી ચૂક અને કથિત ભ્રષ્ટાચારનો મામલો છે. વિનય કટિયારે ખુલાસો કર્યો છે કે, આ આખી ઘટનાની ગંભીરતાને જોતાં તેમણે પોતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી (Narendra Modi) સાથે સીધી વાતચીત કરી છે અને સમગ્ર પરિસ્થિતિથી તેમને વાકેફ કર્યા છે. રામમંદિર આંદોલનના અગ્રણી નેતા દ્વારા ખુદ દેશના વડાપ્રધાન સમક્ષ આ મુદ્દો ઉઠાવવામાં આવતા હવે દિલ્હીથી લઈને લખનૌ સુધીના સરકારી અને વહીવટી ગલિયારાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

જે રામમંદિરની સુરક્ષા માટે હાઈટેક કમાન્ડો, આધુનિક કેમેરા અને સેંકડો સુરક્ષાકર્મીઓની ફોજ તૈનાત હોય, ત્યાં આટલી મોટી ચોરી કેવી રીતે થઈ શકે? આ સવાલ અત્યારે દરેક રામભક્ત પૂછી રહ્યો છે. વિનય કટિયારના આ ખુલ્લા સ્વીકાર બાદ હવે મંદિર ટ્રસ્ટ અને સ્થાનિક વહીવટી તંત્રના દાવાઓ પર ગંભીર સવાલો ઊભા થયા છે. શું આમાં કોઈ અંદરના જ લોકોની મિલીભગત છે કે પછી સુરક્ષા એજન્સીઓની ઘોર લાપરવાહી?

સૌથી મોટો સળગતો સવાલ: કરોડો શ્રદ્ધાળુઓએ પોતાની આજીવિકામાંથી જે દાન આપ્યું છે, તે પ્રભુના ચરણોમાં પણ સુરક્ષિત નથી? આ કાળા કારોબાર પાછળ અસલી ચહેરા કોના છે?




છોટાઉદેપુરમાં ખેડૂતોને કંગાળ કરવાનું મોટું ષડયંત્ર

# હાટ બજારોમાં નકલી બિયારણનું બેફામ વેચાણ!



દર વર્ષે ગુણવત્તાયુક્ત બિયારણના મોટા-મોટા દાવા કરતું કૃષિ વિભાગ આ ગંભીર મામલે ઘોર નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ચોમાસાની ધમાકેદાર શરૂઆત થતાં જ છોટાઉદેપુર જિલ્લાના ભોળા આદિવાસી અને સ્થાનિક ખેડૂતોને આર્થિક ગર્તામાં ધકેલવાનું એક બહુ મોટું કૌભાંડ સામે આવ્યું છે. છોટાઉદેપુરના પરંપરાગત હાટ બજારોમાં કોઈપણ જાતના સરકારી માર્કા કે ઓથોરિટી વગરના બિયારણોનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. ભોળા ધરતીપુત્રોને છેતરીને મોટો નફો કમાવવા માટે લેભાગુ ફેરિયાઓની આખી ટોળકી મેદાને પડી છે, જેમના પર લગામ કસવામાં સ્થાનિક વહીવટી તંત્ર સદંતર નિષ્ફળ સાબિત થયું છે.

હાટ બજારોમાં વેચાતા આ બિયારણોના આકર્ષક પેકેટો પર ન તો કોઈ કાયદેસરની કંપનીનું નામ છે, ન ઉત્પાદકનું સરનામું કે ન તો કોઈ જરૂરી વિગતો. ચોંકાવનારી વિગત તો એ છે કે આ બિયારણો કોઈપણ જાતના પાકા બિલ વગર રોકડેથી વેચવામાં આવી રહ્યા છે. સરકારી નિયમોના લીરેલીરા ઉડાડીને થતું આ વેચાણ સાબિત કરે છે કે બિયારણ માફિયાઓને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. બિલ વગર ખરીદેલા આ બિયારણોની ગુણવત્તા અને અસલિયત અંગે અત્યારે ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા છે. સળગતો સવાલ: જો આ બિયારણ વાવ્યા પછી પાક નિષ્ફળ જશે, તો ખેડૂત માથે પડનારા દેવાના ડુંગરની જવાબદારી કોણ લેશે? એ બિયારણ વેચીને ગાયબ થઈ જનારા ફેરિયાઓ કે પછી એસી ચેમ્બરમાં બેસીને તમાશો જોતું કૃષિ વિભાગ?

દર વર્ષે ગુણવત્તાયુક્ત બિયારણના મોટા-મોટા દાવા કરતું કૃષિ વિભાગ આ ગંભીર મામલે ઘોર નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. જો નકલી બિયારણના કારણે ખેડૂતોનો આખો પાક નિષ્ફળ જશે તો ગ્રામીણ અર્થતંત્ર પડી ભાંગશે. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને સ્થાનિક ખેડૂતોએ હવે આરપારની લડાઈના મૂડમાં કૃષિ વિભાગ પાસે તાત્કાલિક દરોડા પાડીને યોગ્ય કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરી છે.

'પાક્કો ગુજરાત' ના વેધક સવાલો: હાટ બજારોમાં ખુલ્લેઆમ ગેરકાયદેસર બિયારણ વેચવાની હિંમત આ ફેરિયાઓમાં ક્યાંથી આવી? શું સ્થાનિક અધિકારીઓની મિલીભગત છે?

બિયારણના પેકેટ પર કંપનીનું નામ કે સરનામું ન હોવા છતાં કૃષિ વિભાગની ફ્લાઈંગ સ્કવોડ કેમ એક્શનમાં નથી આવતી?

મોંઘા ભાવના ખાતર અને બિયારણ ખરીદતા ખેડૂતો સાથે થતી આ છેતરપિંડી રોકવા માટે સરકાર ક્યારે જાગશે?

જો સમય રહેતા આ નકલી બિયારણના વેપલા પર રોક લગાવવામાં નહીં આવે, તો છોટાઉદેપુરના હજારો ખેડૂતો બરબાદીના આરે આવી જશે. 'પાક્કો ગુજરાત' ખેડૂતોના ન્યાય માટે આ મુદ્દાને અંજામ સુધી પહોંચાડશે.

કાળજું કંપાવતા દ્રશ્યો CCTVમાં કેદ!

# લુણાવાડામાં બેફામ સ્પીડે આવતી કારે રોડ પર ચાલતી બે યુવતીને હવામાં ફંગોળી

## અકસ્માતની ભયાનક ઘટના નજીકના સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાઇરલ થતાં લોકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે

મહિસાગર, વિજય ડામોર

મહીસાગરના લુણાવાડામાં મુસ્તુફા મસ્જિદ પાસે કારચાલકે બે યુવતીઓને અડફેટમાં લીધી હતી. પૂરપાટ ઝડપે આવતી કારે રોડ પર ચાલતી યુવતીઓને ટક્કર મારતા બંને ફંગોળાઈ રોડ પર પટકાઈ હતી. ગંભીર ઈજાગ્રસ્ત યુવતીઓને 108 દ્વારા હોસ્પિટલ ખસેડાઈ. આ ભયાનક અકસ્માત CCTVમાં કેદ થયો છે, જેના દ્રશ્યો વાયરલ થતાં અરેરાટી વ્યાપી છે. પોલીસે તપાસ હાથ ધરી છે.

મહીસાગર જિલ્લામાં એક ચકચારી અને કાળજું કમ્પાવી દે તેવો અકસ્માત સામે આવ્યો છે. લુણાવાડા શહેરમાં મુસ્તુફા મસ્જિદ પાસે ઉષ્માનીય નગર સોસાયટીમાં એક કારચાલકે પૂરપાટ અને બેફામ ગતિએ કાર હંકારી રોડના કિનારે ચાલીને જઈ રહેલી બે યુવતીઓને જોરદાર અડફેટમાં લીધી હતી. આ સમગ્ર અકસ્માતની ભયાનક ઘટના નજીકના સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાઇરલ થતાં લોકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે.





ફંગોળાઈને રોડ પર પટકાઈ યુવતીઓ

મળતી માહિતી અનુસાર, બે યુવતીઓ રોડ પરથી સામાન્ય રીતે પસાર થઈ રહી હતી, ત્યારે પાછળથી કાળ બનીને આવેલી ઈકોચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બંને યુવતીઓને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને યુવતીઓ ફંગોળાઈને રોડ પર પટકાઈ હતી. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં બંને યુવતીઓને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેમની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

ઘટના બનતાની સાથે જ સ્થાનિકો દ્વારા તાત્કાલિક 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસને જાણ કરવામાં આવી હતી. 108ની ટીમ ઘટનાસ્થળે પહોંચીને લોહીલુહાણ હાલતમાં રહેલી બંને યુવતીઓને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં લઈ ગઈ હતી, જ્યાં હાલ તબીબો દ્વારા તેમની સારવાર કરવામાં આવી રહી છે. બીજી તરફ, અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ પણ તપાસ હાથ ધરી છે.

# ઈડરમા સમગ્ર મુસ્લિમ સમાજ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું

ઈડર, જાકીર મેમણ

નાઝીયા ઈલાહી ખાન સામે ધાર્મિક લાગણી દુભાવવા કાર્યવાહીની માંગ ઈડર ખાતે મુસ્લિમ સમાજ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. આ આવેદનપત્ર નાઝીયા ઈલાહી ખાન વિરુદ્ધ ધાર્મિક લાગણીઓ દુભાવવા બદલ કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ સાથે આપવામાં આવ્યું હતું.આવેદનપત્રમાં જણાવાયું છે કે પશ્ચિમ બંગાળ (કોલકાતા)ના રહેવાસી નાઝીયા ઈલાહી ખાને તાજેતરમાં સોશિયલ મીડિયા અને વિવિધ ઈન્ટરવ્યુમાં હઝરત મુહમ્મદ પયગંબર (સ.અ.વ.) અને પવિત્ર કુરાનપાક વિશે અત્યંત અશોભનીય અને અશ્લીલ ટિપ્પણીઓ કરી છે.

આ કૃત્યથી સમગ્ર ભારતના મુસ્લિમ સમુદાયની આસ્થા અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે. મુસ્લિમ જમાત દ્વારા ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ 299 અને IT એક્ટની કલમ 67 હેઠળ નાઝીયા ઈલાહી ખાન વિરુદ્ધ ગુનો નોંધી કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.



આ કૃત્યને ભારતીય કાયદા અંતર્ગત ગંભીર ગુનાહિત કૃત્ય ગણાવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં વધુમાં જણાવાયું છે કે નાઝીયા ખાને જાણીજોઈને ધાર્મિક લાગણીઓ દુભાવતી વાણીનો પ્રયોગ કર્યો છે, જેનો મુખ્ય હેતુ દેશની કોમી એકતા અને શાંતિપૂર્ણ વાતાવરણને બગાડવાનો છે. તેણીએ પોતાની જાતને ચોક્કસ પક્ષ સાથે જોડીને રાજકીય વગનો દુરુપયોગ કરવાનો પ્રયાસ કર્યો હોવાનો પણ આરોપ છે.

તેમણે પોતાને વકીલ તરીકે જાહેર કરીને કાયદાની પકડમાંથી બચવા અને તપાસ સંસ્થાઓને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હોવાનું પણ આવેદનપત્રમાં ઉલ્લેખ છે.

# પ્રથમ વરસાદમાં જ મહાનગર પાલિકા–PGVCLની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખુલ્લી

ગોસા(ઘેડ), વિરમભાઈ કે.આગઠ

પોરબંદર મહાનગરપાલિકા અને પીજીવીસીએલ દ્વારા ચોમાસા પૂર્વે કરાયેલી કામગીરી સામે પ્રથમ વરસાદમાં જ ગંભીર બેદરકારીના આક્ષેપો સામે આવ્યા છે. સ્માર્ટ સ્ટ્રીટલાઇટ પ્રોજેક્ટ, નવા વીજપોલ, અંડરગ્રાઉન્ડ કેબલ અને વીજ વ્યવસ્થાના સુધારાની મોટી મોટી જાહેરાતો વચ્ચે ધરમપુર ગામમાં નવા સ્ટ્રીટલાઇટના પોલમાં કરંટ ઉતરવાની ઘટનાએ સમગ્ર કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે. પોરબંદર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ધરમપુર ગામમાં તા. ૨ જુલાઈની રાત્રે વરસાદ બાદ સ્ટ્રીટલાઇટના વીજપોલમાંથી જમીનમાં કરંટ ઉતરતાં આશરે ૧૦ જેટલા ગૌવંશને કરંટ લાગ્યો હતો. સ્થાનિક ગ્રામજનોએ સમયસર પીજીવીસીએલને જાણ કરી વીજ પુરવઠો બંધ કરાવતાં ગૌવંશના જીવ બચી ગયા હતા અને મોટી દુર્ઘટના ટળી હતી.

**ધરમપુરમાં સ્ટ્રીટલાઇટના પોલમાં કરંટ ઉતરતાં પહેલા 10 ગૌવંશ બચ્યા, બીજા જ દિવસે એક ગાયનું મોત; સ્થાનિકોમાં ભારે રોષ, જવાબદારી નક્કી કરવાની માંગ**

સ્થાનિકોના જણાવ્યા મુજબ આ વીજપોલ તાજેતરમાં જ સ્થાપિત કરવામાં આવ્યા છે. પ્રથમ વરસાદમાં જ આવી સ્થિતિ સર્જાતા કામગીરીની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. આ ઘટનાને પગલે સ્થાનિકોએ મહાનગરપાલિકા અને પીજીવીસીએલની કામગીરી સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. આરોપ છે કે ગંભીર ઘટના બન્યા છતાં સંબંધિત તંત્ર દ્વારા ફોલ્ટ શોધી જરૂરી સમારકામ કરવામાં આવ્યું નહોતું. પરિણામે બીજા જ દિવસે, તા. ૩ જુલાઈની રાત્રે લગભગ ૧૦:૩૦ વાગ્યે ધરમપુર પંચાયત કચેરી પાસે ફરી એકવાર સ્ટ્રીટલાઇટના પોલમાંથી જમીનમાં કરંટ ઉતર્યો હતો. આ વખતે એક ગાયને કરંટ લાગતાં તેનું મોત નીપજ્યું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ધરમપુરના અનેક સ્ટ્રીટલાઇટના પોલમાં જમીનમાં કરંટ આવવાની સમસ્યા જોવા મળી રહી છે, જેના કારણે પશુઓ ઉપરાંત લોકોના જીવને પણ જોખમ ઊભું થયું છે. જીવદયા પ્રેમી અને મ્હેર સમાજના મહિલા અગ્રણી સમાજસેવક લીલુબેન ભૂતિયાએ આ ઘટનાને ગંભીર બેદરકારી ગણાવી જણાવ્યું હતું કે, 'જો સમયસર યોગ્ય કાર્યવાહી કરવામાં આવી હોત તો ગૌમાતાનું મોત અટકાવી શકાય તેમ હતું. હવે જો આ જ પ્રકારની સ્થિતિમાં કોઈ માનવીનો જીવ જશે તો તેની જવાબદારી કોણ લેશે?' તેમણે સમગ્ર ઘટનાની ઉચ્ચસ્તરીય તપાસ કરી જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# ઝાલોદની દીકરી ડીંકી ઉપાધ્યાયે રાષ્ટ્રીય સ્તરે ઝાલોદનું નામ કર્યું રોશન

## કોલકાતાના વંદેમાતરમ્ કેમ્પમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ વિશેષ સન્માન, યુવાનો માટે બની પ્રેરણાસ્ત્રોત

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદની દીકરી કુ. ડીંકી કૈલાશભાઈ ઉપાધ્યાયએ પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના વંદેમાતરમ્ કેમ્પમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી ઝાલોદ સહિત સમગ્ર દાહોદ જિલ્લાનું નામ દેશભરમાં ગૌરવભેર ઉજ્જવળ કર્યું છે. તેમની આ સિદ્ધિને લઈને ઝાલોદ પંથકમાં ગૌરવ અને આનંદની લાગણી વ્યાપી છે. ખેલ અને યુવા મંત્રાલય, ભારત સરકારના માર્ગદર્શન હેઠળ માયભારત દ્વારા તા. 24 જૂનથી 30 જૂન, 2026 દરમિયાન આ પ્રતિષ્ઠિત કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, ગુજરાત, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, મેઘાલય, અંદમાન-નિકોબાર સહિતના વિવિધ રાજ્યોમાંથી આશરે 150 જેટલા પ્રતિભાશાળી યુવાનોને પસંદ કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યમાંથી પસંદગી પામનાર દાહોદ જિલ્લાની બે દીકરીઓમાં ઝાલોદની ડીંકી ઉપાધ્યાયનો સમાવેશ થવો જિલ્લાની માટે ગૌરવની બાબત બની હતી.






કેમ્પ દરમિયાન ડીંકીએ નેતૃત્વ વિકાસ, રાષ્ટ્રપ્રેમ, સાંસ્કૃતિક એકતા, વ્યક્તિત્વ વિકાસ અને સામાજિક જવાબદારી જેવા વિવિધ વિષયો પર યોજાયેલી પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો હતો. વિવિધ રાજ્યોના યુવાનો સાથે વિચારવિમર્શ, ટીમ બિલ્ડિંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ ડીંકીએ પોતાની પ્રતિભા અને ક્ષમતાનો ઉત્તમ પરિચય આપ્યો હતો. ખાસ કરીને ગુજરાતની સંસ્કૃતિ અને યુવા શક્તિનું રાષ્ટ્રીય મંચ પર અસરકારક પ્રતિનિધિત્વ કરીને સૌનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કર્યું હતું.

પોલીસ દ્વારા વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાની કડક સૂચના આપવામાં આવી

# ચોમાસાની શરૂઆતમાં જ બોડેલી ઓરસંગ બ્રિજ પર ગાબડું પડ્યું : વાહન વ્યવહાર બંધ કરાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ગુજરાતમાં હજુ તો ચોમાસાની વિધિવત શરૂઆત જ થઈ છે, ત્યાં તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા ઉડાવતો કિસ્સો સામે આવ્યો છે. છોટાઉદેપુર જિલ્લાને જોડતા નેશનલ હાઈવે પર બોડેલી નજીક આવેલા મહત્વપૂર્ણ ઓરસંગ બ્રિજ પર ગાબડું પડી ગયું છે. બ્રિજની જર્જરિત હાલત વચ્ચે આ ઘટના ઘટતાં તંત્રમાં દોડધામ મચી ગઈ છે. ઓરસંગ બ્રિજ પર ગાબડું પડવાની ઘટના બનતા સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તે માટે સુરક્ષાના ભાગરૂપે તાત્કાલિક ધોરણે બ્રિજ પરથી તમામ પ્રકારના વાહનોની અવરજવર સંપૂર્ણપણે



બંધ કરી દેવામાં આવી છે. વાહનચાલકો ભારે મુશ્કેલીમાં ન મુકાય તે માટે પોલીસ દ્વારા વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાની કડક સૂચના આપવામાં આવી છે. આશ્ચર્યની વાત એ છે કે, આ જર્જરિત ઓરસંગ બ્રિજ પર છેલ્લા કેટલાય સમયથી એક તરફ સમારકામ (રિપેરિંગ)ની કામગીરી ચાલી રહી છે. તંત્ર હજુ સમારકામ પૂરું કરે તે પહેલા જ બ્રિજના મોટું ગાબડું પડી જતાં 'એક સાંધતા તેર તૂટે' જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. લાખો કરોડો રૂપિયાના ખર્ચે થતી સરકારી મરમ્મતની કામગીરીની ગુણવત્તા સામે પણ હવે સ્થાનિકો સવાલો ઉઠાવી રહ્યા છે. હજુ તો માંડ એક-બે વરસાદી અણસારા આવ્યા છે ત્યાં જ હાઈવેના મુખ્ય બ્રિજની આવી દયનીય સ્થિતિ સામે આવતા સમગ્ર જિલ્લાના નાગરિકો ચિંતિત બન્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, માત્ર ઓરસંગ બ્રિજ જ નહીં, પરંતુ જિલ્લાના અન્ય અનેક નાના-મોટા બ્રિજો પણ હાલ બિસ્માર અને જર્જરિત હાલતમાં છે. ચોમાસાની શરૂઆતમાં જ જો આ હાલત હોય, તો આગામી દિવસોમાં જ્યારે ભારે વરસાદ પડશે ત્યારે શું થશે? 'ખરા ચોમાસામાં શું થશે, હવે તો ભગવાન જ જાણે!' તેવા નિસાસા પ્રજા નાખી રહી છે. સ્થાનિક જનતા હવે માંગ કરી રહી છે કે તંત્ર માત્ર થીગડા મારવાનું બંધ કરે અને યુદ્ધના ધોરણે આ બ્રિજનું મજબૂત કાયમી સમારકામ કરવામાં આવે, જેથી રોજબરોજ મુસાફરી કરતા હજારો વાહનચાલકોનો જીવ જોખમમાં ન મુકાય.

# આંબલીમાળ ગામની સીમમાં જાહેર રોડ ઉપર થયેલ લુંટના ગુનાનો ભેદ ઉકેલતી અંબાજી પોલીસ

અંબાજી

અંબાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આંબલીમાળ ગામની સીમમાં જાહેર રોડ ઉપર થયેલ લુંટના ગુનાનો ભેદ ઉકેલતી અંબાજી પોલીસ. પરીક્ષિતા રાઠોડ, IPS, પોલીસ મહાનિરીક્ષક, બનાસકાંઠા રેન્જ, પાલનપુર તથા શ્રી પ્રશાંત સુંબે, IPS, પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠા, પાલનપુર નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા કરેલ સુચના આધારે, વી.બી.બારડ નાયબ પોલીસ આધિક્ષકશ્રી દાંતા વિભાગ દાંતા નાઓના માર્ગ દર્શન હેઠળ,ડી.આર. પારગી પો.ઈન્સ. અંબાજી પોલીસ સ્ટેશન નાઓની સાથે પો.સ્ટે.નો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન ટેક્નીકલ સર્વેલન્સ તથા હ્યુમનાસોર્સ આધારે અંબાજી પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૨૨૬૦૬૦૯/૨૦૨૬ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૧૧૫(૨),૨૯૬(બી), ૩૫૧(૩),૩૦૯(૬),૩૧૧,૩(૫) મુજબના ગુનાનો મુદ્દામાલ તેમજ આરોપીઓ પકડી ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

RTI માહિતી ન આપતા તલાટીને દંડ

# ગુજરાત માહિતી આયોગનો નાનાસાંજા ગ્રામ પંચાયત સભ્યની અરજી ઉપર નિર્ણય લેવાયો

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના નાનાસાંજા ગામે RTI માહિતી સમયસર ન આપવા બદલ તલાટીને ગુજરાત માહિતી આયોગ દ્વારા 1,000નો દંડ ફટકારવામાં આવ્યો છે. ગ્રામ પંચાયત સભ્ય દ્વારા ગામની ખળીની જમીનમાં નવા બંધાનાર મંદિરની જગ્યાની ફાળવણી અંગે માહિતી માંગવામાં આવી હતી.

નાનાસાંજા ગામના ગ્રામ પંચાયત સભ્ય ભરતકુમાર હસમુખભાઈ પટેલે ગત તા. 13 જાન્યુઆરીના રોજ જાહેર માહિતી અધિકાર હેઠળ તલાટીને અરજી કરી હતી. તેમણે વર્ષ 2000માં મંદિરની સ્થિતિ, તે સમયના આધાર-પુરાવા અને વર્ષ 2013 થી 2024 દરમિયાન મંદિરની વર્તમાન સ્થાન-સ્થિતિના પંચો રૂબરૂ કરેલા અહેવાલની પ્રમાણિત નકલ સહિતની વિગતો માંગી હતી.





માહિતી અધિકાર અધિનિયમ મુજબ, માંગવામાં આવેલી માહિતી 30 દિવસમાં પૂરી પાડવી ફરજિયાત છે. જોકે, નાનાસાંજા ગ્રામ પંચાયતના તલાટી દ્વારા અરજદાર ભરતભાઈ પટેલને નિયત સમયમર્યાદામાં માહિતી આપવામાં આવી ન હતી.

માહિતી ન મળતા, અરજદારે ગત તા. 12 મે, 2026 ના રોજ ગુજરાત માહિતી આયોગમાં અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જાહેર માહિતી અધિકારી દ્વારા 30 દિવસમાં માહિતી પૂરી પાડવામાં આવી નથી અને અધૂરી તથા ખોટી માહિતી આપવામાં આવી છે. આયોગ દ્વારા બીજી અપીલના પક્ષકારોને તા. 1 જુલાઈ, 2026 ના રોજ કલેક્ટર કચેરી, ભરૂચ ખાતે સુનાવણી માટે હાજર રહેવા જણાવાયું હતું.

સુનાવણી દરમિયાન, ગુજરાત માહિતી આયોગે નોંધ્યું કે ગ્રામ પંચાયતના તલાટી, જે જાહેર માહિતી અધિકારી પણ છે, તેમણે અરજી મળ્યાના પાંચ માસ જેટલો સમય વીતી જવા છતાં અરજદારને માહિતી આપી ન હતી. તલાટીની સ્પષ્ટતા ગ્રાહ્ય ન હોવાનું જણાવી, આયોગે અધિનિયમની કલમ-20(1)ની જોગવાઈ અન્વયે નાનાસાંજા ગામના તલાટી જીગ્નેશભાઈ પટેલને 1,000નો દંડ ફટકાર્યો.

# ઉનામાં કાળજું કંપાવનારી ઘટના: નશાખોર પતિએ પત્નીના માથામાં પથ્થર ઝીંકી કરી ક્રૂર હત્યા, ગણતરીની મિનિટોમાં હત્યારો પોલીસ સકંજામાં!

ઉના

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ નશાબંધીના દાવાઓ વચ્ચે ઉના શહેરમાંથી એક અત્યંત સનસનાટીપૂર્ણ અને કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે. ઉનાના ભરચક ગણાતા માણેક ચોક વિસ્તારમાં એક નશાખોર પતિએ ક્રૂરતાની તમામ હદો વટાવીને પોતાની જ પત્નીની પથ્થરના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી નાખતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી ગઈ છે.

ઉનાના માણેક ચોક વિસ્તારમાં આ લોહીયાળ ખેલ ખેલાયો હતો. હત્યારો પતિ નશાની હાલતમાં ચૂર થઈને ઘરમાં આવ્યો હતો અને કોઈ અગમ્ય કારણોસર પત્ની સાથે ઝગડો ઉગ્ર બન્યો હતો. નશાના અંધારામાં હેવાન બનેલા પતિએ આવેશમાં આવીને પત્નીના માથાના ભાગે મસમોટો પથ્થરનો ઘા ઝીંકી દીધો હતો. ઘા એટલો ભયાનક અને જીવલેણ હતો કે લોહીલુહાણ હાલતમાં પત્નીનું ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

હત્યાના આ ગંભીર બનાવની જાણ થતાં જ ઉના પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

# ઝાલોદમાં "લૂટેરી દુલ્હન" ગેંગનો ખેલ! : લગ્નની લાલચમાં યુવકને ફસાવી ₹2.40 લાખ પડાવ્યા, બે દિવસમાં જ દુલ્હન ફરાર

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ઝાલોદ શહેરમાં લગ્નના સપના બતાવી ભોળા યુવક અને તેના પરિવારને લાખોની છેતરપીંડીનો ભોગ બનાવવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. "લૂટેરી દુલ્હન" અને દલાલોના ગૂંચવણભર્યા જાળમાં ફસાઈ એક પરિવારે પોતાના જમાપૂંજીના 2.40 લાખ ગુમાવ્યા હોવાની ફરિયાદ પોલીસ સુધી પહોંચી છે. ફરિયાદ મુજબ, ઝાલોદના હિતેશકુમાર પંચાલ માટે લગ્ન માટે છોકરી શોધતા હતા ત્યારે રણીયાર ગામના કૃષ્ણકાંત ઉર્ફે કીશનભાઈ પટેલ નામના દલાલે મધ્યપ્રદેશમાં છોકરી હોવાની વાત કરી સંપર્ક સાધ્યો હતો. વિશ્વાસમાં લઈ પરિવારને મનાવર અને કુક્ષી સુધી લઈ જઈ યુવતી "મમતા ચૌહાણ" બતાવવામાં આવી હતી. યુવતી પસંદ પડતાં "વ્યવહાર"ના નામે 2.40 લાખમાં લગ્ન નક્કી કરાયા. પહેલા બાના તરીકે રૂપિયા લેવાયા, પછી લગ્ન ખર્ચના બહાને વધુ રકમ ઉઘરાવી લેવામાં આવી. આખરે એક અજાણ્યા ગામમાં ફક્ત ફુલહાર પહેરાવી નકલી લગ્નવિધિ કરાવી દેવામાં આવી. લગ્ન બાદ યુવતી બે દિવસ સુધી સાસરે રહી, ઘરનો માહોલ અને પરિવારની સ્થિતિ જાણી. ત્યારબાદ "કાકાને અકસ્માત થયો છે" એવી ખોટી કહાની ગૂંથી પિયર જવાની વાત કરી. ફરિયાદી યુવક તેને લઈને મધ્યપ્રદેશ ગયો, જ્યાં બસ સ્ટેન્ડ પર એક અજાણ્યો શખ્સ બાઈક લઈને આવ્યો અને યુવતીને સાથે લઈ ગયો. ત્યારથી દુલ્હન ગાયબ અને ફોન બંધ! આ સમગ્ર ઘટનામાં સ્પષ્ટ થાય છે કે લગ્નની ઉતાવળ અને જીવનસાથીની ઈચ્છાનો ફાયદો ઉઠાવી કેટલાક દલાલો અને ઠગ ટોળકીઓ ભોળા લોકોને નિશાન બનાવી રહ્યા છે. યુવતીનો આધારકાર્ડ બતાવી વિશ્વાસ જીતવાનો પ્રયાસ પણ આ ગેંગની પૂર્વયોજિત ચાલ હોવાનું માનવામાં આવે છે. સમાજમાં વધતી આવી ઘટનાઓ હવે ચેતવણી સમાન બની રહી છે. પૈસા લઈને લગ્ન ગોઠવતા દલાલો સામે કડક કાર્યવાહી અને લોકોમાં જાગૃતિ લાવવી સમયની માંગ બની છે.



દલાલ : તરુણ (mp)



ભોગ બનનાર : હિતેશ પંચાલ



લૂટેરી દુલ્હન : મમતા ચૌહાણ



### 90ના દાયકામાં આવેલી 'અંદાજ અપના-અપના'-'દુલ્હેરાજા' જેવી કોમેડી ફિલ્મમાં લીડ રોલ પ્લે કર્યો

# બોલિવૂડમાં મહિલાઓ સાથે અન્યાય? રવીના ટંડને કર્યો એવો ખુલાસો કે ફેન્સ ચોંકી ગયા!

મુંબઈ

એક સમયની સફળ અભિનેત્રી રવીના ટંડન પોતાના એક નિવેદનને લઈને ચર્ચામાં છે. એક લાંબ બ્રેક બાદ 'વેલકમ-3'માં તે અક્ષય કુમાર સાથે સ્ક્રિન શૅર કરતી જોવા મળી છે. બોલિવૂડની કોમેડી ફિલ્મોમાં અભિનેત્રીઓના પાત્રને લઈ એક્ટ્રેસે પોતાનો મત વ્યક્ત કર્યો છે. 'વલકમ ટુ ધ જંગલ' ફિલ્મ દમદાર કમાણી કરી રહી છે. કોમેડીનો ડોઝ લઈને આવેલી ફિલ્મને ફેન્સ તરફથી સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. રવીનાએ કોમેડી ફિલ્મમાં અભિનેત્રીઓને મળતા સ્કિન ટાઈમ અને પાત્રને લઈ વાત કરી છે. એક્ટ્રેસ વિશે શું કહ્યું?

રવીનાએ 90ના દાયકામાં આવેલી ફિલ્મ 'અંદાજ અપના-અપના' અને 'દુલ્હેરાજા' જેવી કોમેડી ફિલ્મમાં લીડ રોલ પ્લે કર્યો છે. એક્ટ્રેસે કહ્યું કે, એ સમયમાં અભિનેત્રીઓને દિલ ખોલીને કોમેડી કરવાનો ચાન્સ મળતો હતો, આજકાલ કોમેડી ફિલ્મમોમાં લિમિટેશન આવી ગઈ છે. એક જ ફિલ્મમાં મોટી સંખ્યામાં કલાકારો હોય છે. આ કારણે એક્ટ્રેસના ભાગમાં હસાવવાનો સ્ક્રિનટાઈમ ખૂબ ઓછો આવે છે. 'મિસ્ટર ઈન્ડિયા' અને 'ચાલબાઝ' જેવી ફિલ્મો પરથી સાબિત થાય છે કે, એક્ટ્રેસ પણ સારી એવી કોમેડી કરી જાય છે. એક્સપ્રેશન અને અદાથી હસાવી શકે છે. શ્રીદેવીની ફિલ્મોનો ઉલ્લેખ કરીને તેણે જુહી ચાવલાની કોમિક ટાઈમિંગ અને ગીતાબાલી તથા મધુબાલા જેવી ટોચની અભિનેત્રીઓના કેટલાક મજાકીયા અંદાજના વખાણ કર્યા હતા. આજે દરેક એક્ટ્રેસ ખૂબ જ ટેલેન્ટેડ છે.પણ સ્ક્રિપ્ટ તેને માત્ર સુંદર દેખાવા પર ફોક્સ કરાવે છે. આ પહેલા અક્ષય વિશે બોલી\ મહિલાઓ માટે મસ્ત, મસ્તીખોર અને હસાવનારા સ્ક્રિપ્ટ રાઈટર્સ વિચાર્યા વગર દર વખતે એને પર્ફેક્ટ દેખાડવા માટે મથતા હોય છે. આ પહેલા રવીનાએ અક્ષય કુમારના પણ વખાણ કર્યા હતા. એક લાંબા બ્રેક બાદ બન્ને એકબીજા સાથે સ્ક્રિન શૅર કરી રહ્યા છે. આજે પણ જે કમિટમેન્ટથી અક્ષય કામ કરે છે એ કમિટમેન્ટના વખાણ કર્યા હતા. વેલકમ ટુ ધ જંગલ ફિલ્મ વર્લ્ડ લેવલ પર 100 કરોડની કમાણી કરી ચૂકી છે. મ્યુઝિક વિડિયોમાં આવ્યા બાદ રવીનાએ ફિલ્મ ક્ષેત્રે ફરી એક્ટિંગની દુનિયામાં પોતાની ટેલેન્ટ સાબિત કરી છે. રવીનાએ અક્ષય અને સુનિલ શેટ્ટી એમ બન્ને ટોપ અને એક્શન સ્ટાર સાથે કામ કર્યું છે. હકીકત એ પણ છે કે, સુનિલ શેટ્ટીનો આ ફિલ્મમાં એક અલગ અંદાજ જોવા મળી રહ્યો છે. એક સમયની સફળ અભિનેત્રી રવીના ટંડન પોતાના એક નિવેદનને લઈને ચર્ચામાં છે.

**રવીનાએ કોમેડી ફિલ્મમાં અભિનેત્રીઓને મળતા સ્કિન ટાઈમ અને પાત્રને લઈ વાત કરી**

# આ વખતે કપિલ શર્માના શોની પાંચમી સિઝન આવી રહી છે

## દમદાર ઓબઝર્વેશન અને એકથી એક દમદાર કોમેન્ટથી કોમેડી કરનાર કપિલ શર્મા વધુએ નવા શૉનું નિર્માણ કરી રહ્યો છે

મુંબઈ

કોમેડિયન કપિલ શર્મા પોતાનો એક નવો શૉ લઈને આવી આવી રહ્યો છે. આ નવા શૉ માટેના શુટિંગ આગામી સમયમાં શરૂ થવાના છે. આ શૉના ફોર્મેટ અને ગેસ્ટને લઈને કેટલીક વિગત સામે આવી છે. 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શૉ'ની પાંચમી સીઝન શરૂ થવાની છે. આ માટે શુટિંગ પણ ધીમે ધીમે શેડ્યુલ થઈ રહ્યું છે. દમદાર ઓબઝર્વેશન અને એકથી એક દમદાર કોમેન્ટથી કોમેડી કરનાર કપિલ શર્મા વધુએ નવા શૉનું નિર્માણ કરી રહ્યો છે. બે વર્ષથી એનો શૉ નેટફ્લિક્સ પર સ્ટ્રિમ થઈ રહ્યો હતો. આ શૉની હવે પાંચમી સીઝન આવી રહી છે. સીઝનને લઈને શુટિંગની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે.

ઓગસ્ટમાં શરૂ થશે શુટિંગ નવી સીઝનના શુટિંગ માટે કેટલીક પ્રાથમિક તૈયારીઓ શરૂ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રો જણાવે છે કે, આગામી ઓગસ્ટ મહિનામાં આ નવી સીઝન માટેનું શુટિંગ શરૂ થશે અને પછી તેને નેટફ્લિક્સ પર સ્ટ્રિમ કરવામાં આવશે. નવી સીઝનમાં કપિલ સાથે કૃષ્ણા અભિષેક, કીકુ શારદા, સુનીલ ગ્રોવર અને રાજીવ ઠાકુર જેવા કોમેડી કલાકાર જોવા મળશે. આ તમામ શૉને એક નવી ઊંચાઈ પર લઈ જશે. કોમેડીનો વધુ એક મસ્ત ડોઝ આપશે. જજ તરીકે નવજોતસિંહ સિદ્ધુ અને અર્ચના પૂરનસિંહ યથાવત રહેશે. આનો સીધો અર્થ એ થયો કે, નવી સીઝનમાં કપિલની ટીમમાં કોઈ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત શૉના ફોર્મેટમાં પણ કોઈ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. 'ધ કપિલ શર્મા શૉ' પહેલા ટીવી પર આવતો હતો. એ પછી 'કોમેડી નાઈટ વીથ કપિલ' શૉ શરૂ થયો હતો. 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શૉ'ની પહેલી સીઝન 30 માર્ચ 2024ના રોજ નેટફ્લિક્સ પર આવી હતી. નેટફ્લિક્સ પર ચાર સીઝન આવી ચૂકી છે અને હવે પાંચમી સીઝન આવી રહી છે. ચારેય સીઝનને દર્શકો તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. નવી સીઝનમાં ક્રિકેટ, સિનેમા, સંગીત ક્ષેત્ર, બિઝનેસ જેવા સેક્ટરમાંથી કોઈ મોટી હસ્તી મહેમાન તરીકે આવી શકે છે.




# સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિ'ની રિલીઝ અટકી

## સેન્સર બોર્ડે સર્ટિફિકેટ પર પ્રતિબંધ મૂક્યાનો દાવો; અગાઉ ચીનના વિરોધ બાદ ફિલ્મનું નામ બદલાયું હતું

મુંબઈ

સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)એ બોલિવૂડ સ્ટાર સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ'નું ક્લિયરન્સ સર્ટિફિકેટ આગામી આદેશ સુધી રોકી દીધું છે. આ ફિલ્મ વર્ષ 2020માં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ગલવાન ઘાટીમાં થયેલી સૈન્ય અથડામણ પર આધારિત છે. પહેલા આ ફિલ્મનું નામ 'બેટલ ઓફ ગલવાન' રાખવામાં આવ્યું હતું. ફિલ્મને પહેલા 17 એપ્રિલે ઈદના અવસરે રિલીઝ કરવાની હતી, પરંતુ બાદમાં તેની રિલીઝ ડેટ વધારીને ઓગસ્ટ નક્કી કરવામાં આવી હતી. સેન્સર બોર્ડના આ નિર્ણય બાદ હવે ફિલ્મની ઓગસ્ટ રિલીઝ પણ ટળવાની આશંકા છે. સેન્સર બોર્ડે આગામી આદેશ સુધી સર્ટિફિકેટ રોક્યું NDTVના રિપોર્ટ અનુસાર, સેન્સર બોર્ડે ફિલ્મ 'માતૃભૂમિ'ને સર્ટિફિકેટ આપવા પર હાલ પૂરતી રોક લગાવી દીધી છે. ફિલ્મના મેકર્સને આશા હતી કે, તેને સ્વતંત્રતા દિવસના વીકએન્ડ પર ઓગસ્ટમાં રિલીઝ કરવામાં આવશે, પરંતુ નવું સર્ટિફિકેટ ન મળવાને કારણે હવે આવું થવું મુશ્કેલ લાગી રહ્યું છે. આ ફિલ્મનું નિર્માણ સલમાન ખાન ફિલ્મ્સના બેનર હેઠળ સલમા ખાને કર્યું છે અને તેના ડિરેક્ટર અપૂર્વ લાખિયા છે. ફિલ્મમાં સલમાન ખાન સાથે એક્ટ્રેસ ચિત્રાંગદા સિંહ, અભિલાષ ચૌધરી અને અંકુર ભાટિયા મુખ્ય ભૂમિકાઓમાં છે. ફિલ્મનું સંગીત હિમેશ રેશમિયાએ તૈયાર કર્યું છે. ચીની સોશિયલ મીડિયા પર વિરોધ બાદ નામ બદલવામાં આવ્યું હતું આ ફિલ્મને લઈને રિલીઝ પહેલા જ વિવાદ શરૂ થઈ ગયો હતો. ગયા વર્ષે ડિસેમ્બરમાં જ્યારે ફિલ્મનું ટીઝર સામે આવ્યું હતું, ત્યારે ચીનના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વીબો (Weibo) પર તેને લઈને ઘણો વિરોધ જોવા મળ્યો હતો. ચીની યુઝર્સે મેકર્સ પર ગલવાન ઘાટીની ઘટનાને ખોટી રીતે દર્શાવવાનો આરોપ લગાવ્યો હતો. આ વિવાદ બાદ મેકર્સે ફિલ્મનું નામ 'બેટલ ઓફ ગલવાન' થી બદલીને 'માતૃભૂમિ' કરી દીધું હતું. નામ બદલવાની સાથે જ ફિલ્મની સ્ક્રિપ્ટ અને દ્રશ્યોમાં પણ કેટલાક ફેરફારો કરવામાં આવ્યા હતા. ફિલ્મ પર વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી આ જ વર્ષે જાન્યુઆરીમાં ભારતના વિદેશ મંત્રાલય (MEA) ને પણ આ ફિલ્મ વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.






# આલિયાની 'આલ્ફા'એ પહેલા દિવસે કેટલા કરોડ છાપ્યાં

## વિદેશમાં આ ફિલ્મે 5 કરોડ રૂપિયાનો વેપાર કર્યો છે. એટલે કુલ મળીને આ ફિલ્મે પહેલા દિવસે 15.80 કરોડ રૂપિયાની કમાણી કરી

મુંબઈ

બોલિવુડ દર અઠવાડિયે એક નવી ફિલ્મ લઈને આવે છે. અત્યારે બોક્સ ઓફિસ પર આલિયાની ફિલ્મ 'આલ્ફા'એ દસ્તક દીધી છે. આલિયા ભટ્ટ અને શરવરીની ફિલ્મ 'આલ્ફા' લાંબા સમય બાદ મોટા પરદા પર આવી છે. આ ફિલ્મને એકદમ સારો પણ નહીં અને એકદમ ખરાબ પણ નહીં એવો રિવ્યૂ મળ્યો છે. આ પહેલા આવેલી સ્પાઈ ફિલ્મો કરતા આલિયાની આ ફિલ્મ કેટલી કમાણી કરશે તેના પર દરેકની નજર છે.

આ ફિલ્મમાં લીડ રોલમાં આલિયા ભટ્ટ છે, બાકી પણ અનેક મોટા અભિનેતાઓ ફિલ્મમાં જોવા મળશે. તો ચાલો જોઈએ કમાણીના આંકડા...ૉ બોક્સિ ઓફિસના રિપોર્ટ્સ પ્રમાણે 'આલ્ફા'એ પહેલા દિવસે આશરે 9 કરોડ રૂપિયાની કમાણી કરી છે. વિદેશમાં આ ફિલ્મે 5 કરોડ રૂપિયાનો વેપાર કર્યો છે. એટલે કુલ મળીને આ ફિલ્મે પહેલા દિવસે 15.80 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ ફિલ્મને 3 જુલાઈએ એક સાથે ભારતના 7534 શો સાથે રિલીજ કરવામાં આવી હતી. તેમ છતાં ઓપનિંગ ડેની કમાણી એટલી કઈ ખાસ રહી નહીં. રિપોર્ટ્સ પ્રમાણે યશ રાજ ફિલ્મની સ્પાઈ યુનિવર્સ ફિલ્મો 'આલ્ફા' અત્યાર સુધીમાં સૌથી ઓછી ઓપનિંગ વાળી ફિલ્મ બની છે. જો કે, અત્યારે ચાલી રહેલી ફિલ્મોમાં આલિયાની ફિલ્મ આગળ ચાલી રહી છે. ખાસ કરીનું હુમા કુરેશાની ફિલ્મ 'બેબી ડુ ડાઈ ડુ'ને પણ 'આલ્ફા'એ જોરદાર ટક્કર આપી છે. જો કે, હુમા કુરેશની ફિલ્મ 'બેબી ડુ ડાઈ ડુ'ને દેશભરમાં માત્ર 778 શો જ મળ્યાં છે. જેથી તે ફિલ્મે પહેલા દિવસે માત્ર 40 લાખની કમાણી કરી છે.

અત્યારે બોક્સ ઓફિસ પર જે ફિલ્મો ચાલી રહી છે, જેને જોતા આલિયાની 'આલ્ફા' સારી કમાણી કરી રહી છે. હુમા કુરેશની ફિલ્મ 'બેબી ડુ ડાઈ ડુ' આલ્ફા સામે ટકી શકે તેમ નથી. દાવો એવો પણ છે કે, આલિયા અને શારવરીની આ એક્શન ફિલ્મ પહેલા દિવસની કમાણીમાં તો કઈ ખાસ કમાલ કરી શકી નથી, પરંતુ હવે આગામી દિવસોમાં કેવી કમાણી કરે છે તે જોવાનું રહેશે.

# મલાઈકા અરોરાનો બોલ્ડ અવતાર જોવા મળ્યો

મુંબઈ

બોલિવૂડની ડાન્સ ક્વિન ગણાતી એક્ટ્રેસ મલાઈકા અરોરા કાયમ પોતાના એક ગ્લેમરસ અંદાજમાં જોવા મળે છે. રીયાલિટી શૉમાં જજની વાત હોય કે કોઈ ફિલ્મમાં આઈટમ સોંગ, હંમેશા એનો એક અલગ લૂક ચર્ચામાં રહ્યો છે. આ વખતે એનો બોલ્ડ લૂક સામે આવતા ફેન્સ દિલ ખોલીને કોમેન્ટ કરી રહ્યા છે. 52 વર્ષની એક્ટ્રેસના બિકિની ફોટોએ ઈન્ટરનેટ પર ફેન્સને પાગલ કર્યા છે. તાજેતરમાં વેકેશનમાં બિચ એક્સપ્લોર કરવા પહોંચેલી મલાઈકાએ એકથી એક ચડિયાતા પોઝ આપ્યા હતા. આ ફોટોમાં તે રેડ કલરની પ્રિન્ટેડ મોનોકની પહેરીને પોઝ આપી રહી છે. સૂતા સૂતા ફોટો પોઝ આપ્યા સમુદ્ર કિનારે કાઉચ પર સૂતા સૂતા ફોટો ક્લિક કરાવ્યા હતા. બ્લેક કલરના સનગ્લાસ અને પિંક કલરની લિપસ્ટિકથી પોતાનો લૂક કંપ્લિટ કર્યો હતો. પણ આ વખતે તેણે કોઈ પ્રકારનો મેકઅપ કર્યો ન હતો.અન્ય એક ફોટોમાં એનું કટ્સ અને ટોન્ટ ફિગર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. એકથી એક બેસ્ટ પોઝ આપીને તેણે ફેન્સને પાગલ કર્યા હતા. બોલ્ડ અદા અને સ્ટનિંગ પોઝ સાથે પોતાના વેકેશનના ફોટોગ્રાફ શૅર કર્યા હતા. ફેન્સે કોમેન્ટ બોક્સમાં ફાયરવાળુ ઈમોજી પોસ્ટ કરીને મયાઈકા ફાયર ટેગ બનાવ્યું હતું. આ પહેલા પણ એક્ટ્રેસનો બોલ્ડ અવતાર જોવા મળ્યો હતો. ફોટોની ક્લેરિટી અને પોઝ જોઈને એક ફેન્સે તે એવી કોમેન્ટ કરી દીધી કે, આવા મસ્ત કોણે ક્લિક કર્યા? મલાયકા સાથે આ કોણ વેકેશન પર ગયું છે? ફેન્સે એવું લાગે છે કે, તે પોતાના કોઈ મિસ્ટ્રી બોય સાથે ગયા છે. પોતાના ઈન્સ્ટાગ્રા પર તેણે એક વિડિયો પણ પોસ્ટ કર્યો છે. જેમાં તે એકથી એક ચડિયાતા પોઝ આપી રહી છે. આ ઉપરાંત ગુકીની ફૂલપિસ બ્લેક બિકિનીમાં બ્લેક કલરની કેપ સાથે તેણે પોતાનો લૂક પૂરો કર્યો હતો. આ ફોટોમાં તેના હાથ રહેલું ટેટુ પણ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આ સાથે તેણે પોતાના હાથમાં મોકટેલ સાથે ફોટો ક્લિક કરાવ્યો હતો. યુઝર્સ આ લોકેશન સર્ચ કરવા લાગ્યા હતા. ક્લિન બિચ અને એક શાંત વાતાવરણ વચ્ચે એક્ટ્રેસે ફોટો ક્લિક કરાવ્યા હતા. માત્ર બિકિની પોઝી જ વાત નથીં. મલાયકા જ્યારે પણ કોઈ નવા ડીઝાઈનર્સના આઉટફિટ ટ્રાય કરે છે ત્યારે તેને ક્રેડિટ સાથે પોસ્ટમાં મેન્શન કરે છે.



### સાઈ સુદર્શનની સદી, પડિકલ સાથે 181 રન જોડ્યા

# ઈન્ડિયા-Aનું બીજા દિવસે કમબેક, 247/1 રન બનાવ્યા, શ્રીલંકા-Aથી 119 રન પાછળ

ગૉલ

ઈન્ડિયા-A એ શ્રીલંકા-A સામેની બીજી અનઓફિશિયલ ટેસ્ટમાં કમબેક કર્યું છે. બીજા દિવસની રમત સમાપ્ત થઈ ત્યાં સુધીમાં ઈન્ડિયા-Aએ પહેલી ઈનિંગમાં 1 વિકેટે 247 રન બનાવ્યા છે. સાઈ સુદર્શન 104 અને દેવદત્ત પડિકલ 94 રન બનાવીને અણનમ છે. બંને વચ્ચે બીજી વિકેટ માટે 181 રનની ભાગીદારી થઈ ચૂકી છે. ઈન્ડિયા-A હજુ શ્રીલંકા-Aના પ્રથમ દાવના સ્કોરથી 119 રન પાછળ છે.

આ પહેલા ગૉલમાં શ્રીલંકા-Aએ પોતાની પહેલી ઈનિંગ્સમાં 366 રન બનાવ્યા. કેપ્ટન સહાન અરાચિગેએ શાનદાર 127 રનની ઈનિંગ્સ રમી. ઈન્ડિયા-A તરફથી ગુરનૂર બરાર અને સારાંશ જૈને 4-4 વિકેટ લીધી, જ્યારે યશ ઠાકુરને 2 સફળતા મળી. ઈન્ડિયા-Aની શરૂઆત સારી રહી. અમન મોખાડે અને સાઈ સુદર્શને પ્રથમ વિકેટ માટે 66 રન



જોડ્યા. મોખાડે 48 બોલમાં 38 રન બનાવીને કેશરા નુવાંથાનો શિકાર બન્યો. આ પછી સુદર્શને દેવદત્ત પડિકલ સાથે ઈનિંગ્સ સંભાળી.

બંને બેટર્સે બીજી વિકેટ માટે 181 રનની અણનમ ભાગીદારી કરી. સાઈ સુદર્શને 13 ચોગ્ગાની મદદથી અણનમ 104 રન બનાવ્યા. દેવદત્ત પડિક્કકલ 11 ચોગ્ગાના સહારે 94 રન બનાવીને ક્રિઝ પર હાજર છે. આ પહેલા શ્રીલંકા-Aએ પોતાની પ્રથમ ઈનિંગમાં 110 ઓવરમાં 366 રન બનાવ્યા. કેપ્ટન સહાન અરાચિગેએ 127 રનની ઈનિંગ રમી. તેણે 13 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા. વિકેટકીપર અંજલા બંડારાએ 42 રન, નુવાનિડુ ફર્નાન્ડોએ 44 રન, પવંથા વીરાસિંઘેએ 39 અને અશેન બંડારાએ 34 રનનું યોગદાન આપ્યું. ઈન્ડિયા-A તરફથી ફાસ્ટ બોલર ગુરનૂર બરાર અને સારાંશ જૈન સૌથી સફળ બોલર રહ્યા. બંનેએ 4-4 વિકેટ લીધી. બરારે 77 રન આપીને ચાર વિકેટ લીધી. સારાંશે 92 રન આપીને ચાર બેટર્સને આઉટ કર્યા. યશ ઠાકુરે કરકસરભરી બોલિંગ કરતા 20 ઓવરમાં માત્ર 46 રન આપીને 2 વિકેટ લીધી.



## ભારત સામેની વન-ડે સિરીઝ માટે ઇંગ્લેન્ડની ટીમ જાહેર

લંડન

ભારત સામે રમાનારી ત્રણ મેચની વન-ડે સિરીઝ માટે ઈંગ્લેન્ડે 16 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. સસેક્સના ઓલરાઉન્ડર જેમ્સ કોલ્સને પહેલીવાર વન-ડે ટીમમાં સ્થાન મળ્યું છે. જ્યારે ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર આઠ મહિના પછી વન-ડે ટીમમાં પરત ફર્યો છે. તેણે છેલ્લી વન-ડે નવેમ્બર 2025માં રમી હતી. ટીમની કપ્તાની હેરી બ્રૂક કરશે. ફાસ્ટ બોલર જોશ ટંગને પણ પ્રથમ વખત વન-ડે ટીમમાં સામેલ કર્યો છે. આ ઉપરાંત, ગસ એટકિન્સન અને સાકિબ મહમૂદ પણ શ્રીલંકાનો પ્રવાસ ચૂકી ગયા પછી ટીમમાં પરત ફર્યા છે. શ્રીલંકાના પ્રવાસે ગયેલી ટીમની સરખામણીમાં ઈંગ્લેન્ડે ચાર ફેરફારો કર્યા છે. જેમ્સ કોલ્સ, જોફ્રા આર્ચર, ગસ એટકિન્સન અને સાકિબ મહમૂદને ટીમમાં સામેલ કર્યા છે. જ્યારે બ્રાયડન કાર્સે, જેક ક્રોલી, જેમી ઓવરટન અને લ્યુક વુડને બહાર કર્યા છે. 14 જુલાઈથી શરૂ થશે સિરીઝ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની વન-ડે સિરીઝનો પ્રથમ મુકાબલો 14 જુલાઈએ એજબેસ્ટનમાં રમાશે. બીજી મેચ 16 જુલાઈએ કાર્ડિફ અને ત્રીજી અને છેલ્લી વન-ડે 19 જુલાઈએ લોર્ડ્સમાં રમાશે. ઈંગ્લેન્ડની વન-ડે ટીમ હેરી બ્રુક (કેપ્ટન), રેહાન અહેમદ, જોફ્રા આર્ચર, ગસ એટકિન્સન, ટોમ બેન્ટન, જેકબ બેથેલ, જોસ બટલર, જેમ્સ કોલ્સ, સેમ કરન, લિયામ ડોસન, બેન ડકેટ, વિલ જેક્સ, સાકિબ મહમૂદ, આદિલ રાશિદ, જો રૂટ અને જોશ ટંગ. ભારતીય ટીમમાં કોહલીની વાપસી 21 જૂને ભારતીય ટીમની જાહેરાત કરી હતી. ટીમના કેપ્ટન શુભમન ગિલ છે. શ્રેયસ અય્યરને વાઈસ કેપ્ટનશીપ સોંપી છે. વિરાટ કોહલી અને રોહિત શર્મા પણ સ્ક્વોડનો ભાગ છે. શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર (વાઈસ-કેપ્ટન), કેએલ રાહુલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, નીતિશ કુમાર રેડ્ડી, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, ગુરનૂર બરાર.

### વૈભવ ડેબ્યૂ કરશે તો સચિનનો રેકોર્ડ તોડશે

## વૈભવને મોઢા પર કહી દો કે અત્યારે જગ્યા નથી: પાર્થિવ પટેલ

લંડન

ભારતીય ક્રિકેટના 15 વર્ષના અત્યંત પ્રતિભાશાળી ઓપનિંગ બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ પોતાના શાનદાર પ્રદર્શનના જોરે ટીમ ઈન્ડિયામાં સ્થાન તો મેળવી લીધું છે, પરંતુ ચાહકો હજુ પણ તેના ઈન્ટરનેશનલ ડેબ્યૂની રાહ જોઈ રહ્યા છે. આયર્લેન્ડ સામેની બે મેચની ટી20 શ્રેણી બાદ હવે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટી20 મેચમાં પણ તેને પ્લેઈંગ-11 માં સ્થાન મળ્યું નથી. આ બાબતે ભારતના પૂર્વ વિકેટકીપર બેટ્સમેન પાર્થિવ પટેલે મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને ટીમ મેનેજમેન્ટને એક મહત્વની સલાહ આપી છે. પાર્થિવે જણાવ્યું છે કે વૈભવ હજી ખૂબ નાનો છે, તેથી તેની સાથે




સ્પષ્ટ વાતચીત કરવી અત્યંત જરૂરી છે. સ્ટાર સ્પોર્ટ્સ સાથેની વાતચીતમાં પાર્થિવ પટેલે જણાવ્યું કે, 'મને આશા છે કે ઈંગ્લેન્ડ સામેની આ ટી20 શ્રેણીમાં કોઈને કોઈ સમયે વૈભવ સૂર્યવંશીને ચોક્કસ તક મળશે, પરંતુ અત્યારે તેની સાથે વાતચીત કરવી ખૂબ જરૂરી છે. જ્યારે તમે કોચિંગ સ્ટાફનો હિસ્સો હોવ, ત્યારે તમારે એ સુનિશ્ચિત કરવું પડે કે તમે બેટ્સમેનને યોગ્ય સંકેત આપી રહ્યા છો. ભલે તમે તેને ટીમમાં ન રમાડવાના હોવ, તો પણ તેને પ્રેમથી આ વાત સમજાવવી પડશે. તે માત્ર 15 વર્ષનો બાળક છે, તેથી તેની સાથે ખૂબ જ કાળજીપૂર્વક વાત કરવી પડશે અને તેને થોડી ધીરજ રાખવાનું શીખવવું પડશે.' પાર્થિવ પટેલે ટીમ ઈન્ડિયાના પ્લેઈંગ-11 નું સમીકરણ સમજાવતા કહ્યું કે, હાલમાં ઓપનિંગ અને ટોપ ઓર્ડરમાં અભિષેક શર્મા, સંજુ સેમસન અને ઈશાન કિશન જેવા સિનિયર ખેલાડીઓ વૈભવ કરતાં આગળ ચાલી રહ્યા છે. આ તમામ ખેલાડીઓએ ભારતને ટી20 વર્લ્ડ કપ 2026 જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

## લિયોનેલ મેસ્સીએ રચ્યો ઈતિહાસ પણ આર્જેન્ટિના હારતા હારતા બચ્યું

### આર્જેન્ટિનાએ રોમાંચથી ભરપૂર મુકાબલામાં કેપ વર્ડેને 3-2થી હરાવીને રાઉન્ડ ઓફ-16માં પ્રવેશ કરી લીધો

મુંબઈ

ફીફા વર્લ્ડ કપમાં વર્તમાન ચેમ્પિયન આર્જેન્ટિનાએ રોમાંચથી ભરપૂર મુકાબલામાં કેપ વર્ડેને 3-2થી હરાવીને રાઉન્ડ ઓફ-16માં પ્રવેશ કરી લીધો છે. શનિવારે મિયામી ગાર્ડન્સમાં રમાયેલા આ મુકાબલામાં પ્રથમ વખત વર્લ્ડ કપ રમી રહેલી કેપ વર્ડેએ આર્જેન્ટિનાને છેલ્લી ક્ષણો સુધી આકરી ટક્કર આપી હતી, પરંતુ એક્સ્ટ્રા ટાઈમની 111મી મિનિટે થયેલા ઓન ગોલે મેચનો ફેંસલો કરી દીધો હતો. આર્જેન્ટિનાની જીતનો નિર્ણાયક ગોલ કેપ વર્ડેના ડિફેન્ડર ડાઈની બોર્જેસના નામે ઓન ગોલ (own goal) તરીકે નોંધાયો. ક્રિસ્ટિયન રોમેરોના હેડરને રોકવાના પ્રયાસમાં બોલ બોર્જેસ સાથે અથડાઈને ગોલમાં જતો રહ્યો અને આર્જેન્ટિનાએ 3-2ની લીડ મેળવી લીધી હતી, જે મેચના અંત સુધી જળવાઈ રહી હતી. લિઓનેલ મેસ્સીનો શાનદાર ગોલ આ પહેલાં કેપ્ટન લિઓનેલ મેસ્સીએ 29મી મિનિટે શાનદાર ગોલ કરીને આર્જેન્ટિનાને 1-0ની લીડ અપાવી હતી. ત્યારબાદ લિસાન્દ્રો માર્ટિનેઝે એક્સ્ટ્રા ટાઈમની 103મી મિનિટે ગોલ ફટકારીને સ્કોર 2-1કર્યો હતો. કેપ વર્ડેની શાનદાર વાપસી જોકે, કેપ વર્ડેની ટીમે બે વખત શાનદાર વાપસી કરી હતી. સિડની લોપેસ કેબ્રાલે પ્રથમ ગોલ કરીને સ્કોર સરભર કર્યો હતો, જ્યારે ડેરોય ડુઆર્ટેએ બીજો ઈક્વલાઈઝર ફટકારીને સાઉથ ફ્લોરિડામાં હાજર મોટી સંખ્યામાં આર્જેન્ટિનાના સમર્થકોને ચોંકાવી દીધા હતા. હવે આર્જેન્ટિનાનો સામનો ઈજિપ્ત સામે થશે હવે રાઉન્ડ ઓફ-16માં આર્જેન્ટિનાનો સામનો ઈજિપ્ત સામે થશે. ઈજિપ્તે આ પહેલાં ઓસ્ટ્રેલિયાને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવીને આગામી રાઉન્ડમાં જગ્યા બનાવી હતી. બંને ટીમો વચ્ચેનો આ મુકાબલો મંગળવારે એટલાન્ટામાં રમાશે. કેપ વર્ડેએ ચાહકોના દિલ જીત્યા હાર છતાં કેપ વર્ડેએ પોતાના પ્રથમ જ વર્લ્ડ કપમાં યાદગાર પ્રદર્શન કર્યું. પશ્ચિમ આફ્રિકાના દરિયાકાંઠા પાસે આવેલા આ નાના એવા ટાપુ દેશે ઈતિહાસ રચતાં નોકઆઉટ સ્ટેજમાં જગ્યા બનાવી હતી. 40 વર્ષીય ગોલકીપર વોજિન્હાની શાનદાર ગોલકીપિંગ આ સફળતા પાછળનું સૌથી મોટું કારણ રહી હતી. કેપ વર્ડેએ ગ્રુપ સ્ટેજમાં સ્પેન, ઉરુગ્વે અને સાઉદી અરેબિયા જેવી ટીમો સામે ડ્રો રમીને સૌ કોઈને ચોંકાવી દીધા હતા. આર્જેન્ટિના સામે પણ વોજિન્હાએ 10 શાનદાર સેવ કર્યા હતા, જેમાં મેસીના પાંચ પ્રયાસો સામેલ હતા. મેસ્સીએ ફરી બનાવ્યો રેકોર્ડ મેસ્સીએ મેચની 29મી મિનિટે લિસાન્દ્રો માર્ટિનેઝના શાનદાર લોન્ગ પાસ પર શાનદાર રન લગાવ્યો, ફર્સ્ટ ટચ કર્યો અને ત્યારબાદ ગોલકીપર વોજિન્હાના ઉપરથી જોરદાર શોટ લગાવીને બોલને સીધો નેટની છતમાં પહોંચાડી દીધો.



## બિઝનેસ

### જૂન મહિનામાં સિલ્વર ઈટીએફમાં અંદાજિત રૂ. 4,900 કરોડનું ચોખ્ખું રોકાણ ઠલવાયું

# જૂન મહિનામાં ગોલ્ડ-સિલ્વર ETFમાં રોકાણમાં ઉછાળો

મુંબઈ

છેલ્લા ચાર મહિનાથી સોના-ચાંદીના એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ)માં રોકાણકારોનો રસ ઘટી રહ્યો હતો. પરંતુ જૂન મહિનામાં તેમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. સોના અને ચાંદીના ભાવમાં મોટા ઘટાડાને કારણે રોકાણકારોએ ફરીથી તેમાં નાણાં રોકવાનું શરૂ કર્યું છે. જેના કારણે રોકાણના આ સાધનની સક્રિયતામાં વધારો જોવા મળ્યો છે. જૂન મહિનામાં સિલ્વર ઈટીએફમાં અંદાજિત રૂ. ૪,૯૦૦ કરોડનું ચોખ્ખું રોકાણ ઠલવાયું હતું. આ અગાઉ સતત ચાર મહિનામાં કુલ મળીને અંદાજે રૂ. ૩,૭૭૦ કરોડનો ચોખ્ખો ઉપાડ નોંધાયો હતો. મે મહિનામાં એક વર્ષથી વધુ સમયગાળામાં પ્રથમ વખત માસિક ઉપાડ જોયા બાદ, ગોલ્ડ ઈટીએફમાં પણ જૂનમાં



અંદાજિત રૂ. ૨,૯૦૦ કરોડનું ચોખ્ખું રોકાણ આવ્યું છે અને અહીં ફરીથી હકારાત્મક સ્થિતિ બની છે. સોના-ચાંદીના ભાવમાં ભારે ઘટાડા પછી તેમાં ફરીથી રસ વધ્યો છે. જૂનમાં દેશમાં સોનાના ભાવમાં આશરે ૯.૭ ટકાનો ઘટાડો, જ્યારે ચાંદીના ભાવ ૧૪.૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આ બંને ધાતુઓ છેલ્લા ઘણા મહિનાના નીચલા સ્તરે ઉતરી આવી હતી. આ ઘટાડો મુખ્યત્વે યુએસ ડોલર મજબૂત થવા અને અમેરિકન ટ્રેઝરી યીલ્ડમાં વધારો થવાને કારણે આવ્યો છે. સાથે જ એવી આશાથી પણ ભાવ ઘટયા કે અમેરિકન ફેડરલ રિઝર્વ વ્યાજ દરોને લાંબા સમય સુધી ઊંચા રાખશે. ભૌગોલિક રાજકીય તણાવ ઓછો થવાથી પણ સુરક્ષિત રોકાણની માંગ પણ ઘટી ગઈ હતી. નિષ્ણાતોનું કહેવું છે કે જૂનમાં થયેલા રોકાણ પરથી સાબિત થાય છે કે તાજેતરના મહિનાઓમાં દૂર રહ્યા બાદ ઘણા રોકાણકારોએ કિંમતોમાં આવેલા ઘટાડાને ખરીદીની ઉત્તમ તક માની છે. તેમણે એમ પણ કહ્યું કે જાન્યુઆરીમાં રોકાણમાં થયેલા રેકોર્ડ વધારા પછી ભલે તેમાં થોડો ઘટાડો આવ્યો હોય, પરંતુ કિંમતી ધાતુઓમાં લાંબા ગાળાના રોકાણનો આધાર હજી પણ મજબૂત છે.

### વૈશ્વિક ખાંડના ભાવમાં લગભગ સાત ટકાનો વધારો

# નબળા ચોમાસાને કારણે ખાંડના ભાવમાં વધારો, શેરડીનું વાવેતર ઘટતા ઉત્પાદનમાં ઘટાડો થશે

મુંબઈ

વિશ્વભરમાં બદલાતા હવામાન પેટર્નને કારણે કોમોડિટી બજારમાં નોંધપાત્ર ઉથલપાથલ થઈ છે. અલ નીનો અને નબળા ચોમાસાને કારણે ખરીફ પાકના વાવેતરમાં ઘટાડો થયો છે. વૈશ્વિક પુરવઠાની અછતના ભયથી ખાંડના ભાવમાં વધારો થઈ રહ્યો છે. જો કે, સ્થાનિક બજારમાં ખાંડના ભાવને નિયંત્રિત કરવા માટે સરકારે નિકાસ પર પ્રતિબંધ લાદી દીધો છે. મોસમમાં વિલંબ અને વરસાદના અભાવને કારણે, શેરડીના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો થવાની ધારણા છે, જેના કારણે આ સિઝનમાં ખાંડના ઉત્પાદનમાં ઘટાડો થશે. ઓછા ઉત્પાદનના અહેવાલો વચ્ચે ખાંડના ભાવ વધવા લાગ્યા છે. છેલ્લા મહિનામાં, સ્થાનિક જથ્થાબંધ બજારમાં ખાંડના ભાવમાં ત્રણ ટકાથી વધુનો વધારો થયો છે, જ્યારે રિટેલ ભાવમાં આઠ ટકાથી વધુનો વધારો થયો છે.



એક અઠવાડિયામાં વૈશ્વિક ખાંડના ભાવમાં લગભગ સાત ટકાનો વધારો થયો છે. સ્થાનિક બજારમાં પણ ખાંડના ભાવ વધવા લાગ્યા છે. એક મહિના પહેલા, દિલ્હી અને મુંબઈ સહિત દેશના લગભગ તમામ શહેરોમાં ખાંડનો છૂટક ભાવ રૂા. ૪૬ પ્રતિ કિલો હતો, જે હવે લગભગ રૂા. ૫૦ પ્રતિ કિલોગ્રામ થઈ ગયો છે. જથ્થાબંધ બજારમાં, સ્-૩૦ ખાંડનો ભાવ હાલમાં દિલ્હીમાં રૂા. ૪,૫૮૦ પ્રતિ ક્વિન્ટલ, કાનપુરમાં રૂા. ૪,૬૦૦, મુંબઈમાં રૂા. ૪,૪૦૦, કોલકાતામાં રૂા. ૪,૬૦૦ અને ચેન્નાઈમાં રૂા. ૪,૬૮૦ છે. એક મહિના પહેલા, દિલ્હીના જથ્થાબંધ બજારમાં ખાંડનો ભાવ રૂા. ૪,૪૪૦, કાનપુરમાં રૂા. ૪,૪૫૦, મુંબઈમાં રૂા. ૪,૨૪૦, કોલકાતામાં રૂા. ૪,૪૫૦ અને ચેન્નાઈમાં રૂા. ૪,૬૦૦ પ્રતિ ક્વિન્ટલ હતો. ભારતથી બ્રાઝિલ સુધી, ઓછા વરસાદ અને વિલંબિત પાકને કારણે વૈશ્વિક પુરવઠા શૃંખલા પર ગંભીર અસર પડી છે. ઉત્પાદન અને પુરવઠામાં ઘટાડો થવાની આશંકા વચ્ચે, આંતરરાષ્ટ્રીય બજારમાં ખાંડના ભાવમાં તીવ્ર વધારો થયો છે. એક અઠવાડિયામાં ભાવમાં ૭%નો વધારો થયો છે. વૈશ્વિક બજારમાં ખાંડના ભાવ દોઢ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી ગયા છે. હવામાન પર અલ નીનોની અસરથી બજારની ચિંતા વધી છે.

### રોકાણકારો-ટ્રેડરોની મૂડી ડૂબે તો સરકાર કે કોઈ જવાબદાર નથી

# ક્રિપ્ટોકરન્સીનું નિયમન કરવું મુશ્કેલ : ભારત સહિત વિકાસશીલ અર્થતંત્રો માટે ખતરો : RBI

### ક્રિપ્ટોકરન્સી જેવી વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ ભારત જેવા ઊભરતા-વિકાસશીલ અર્થતંત્ર માટે ખતરો છે અને આવી એસેટ્સને દેશમાં કાયદેસર બનાવવી જોઈએ નહીં

નવી દિલ્હી

ક્રિપ્ટોકરન્સી જેવી વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ ભારત જેવા ઊભરતા-વિકાસશીલ અર્થતંત્ર માટે ખતરો છે અને આવી એસેટ્સને દેશમાં કાયદેસર બનાવવી જોઈએ નહીં, એમ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ સંસદીય પેનલને સ્પષ્ટ જણાવી દીધું છે. ભારતમાં સરકારની કોઈપણ નિયામક સંસ્થા-બોડી દ્વારા ક્રિપ્ટોકરન્સી જેવી વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સનું નિયમન થતું નથી એટલે આવી કોઈપણ કરન્સીમાં ખેલો કરનારા કે રોકાણ સમજીને રોકાણ કરનારાની મૂડી ડૂબે તો સરકાર કે કોઈપણ ડિપાર્ટમેન્ટ જવાબદાર રહેતું નથી. ભાજપના મેમ્બર ભર્તૃહરિ મહતાબની આગેવાની હેઠળની સંસદીય સ્થાયી સમિતિને આરબીઆઈએ એમ પણ કહ્યું હતું કે, ચીન અને કતાર એવા દેશોમાં સામેલ છે, જેમણે આવી નાણાકીય પ્રવૃતિઓ પર પ્રતિબંધ મૂક્યો છે, જ્યારે યુરોપે ખૂબ જ કડક, નિયંત્રિત રીતે વર્ચ્યુઅલ ડિજિટલ કરન્સી-એસેટ્સને



મંજૂરી આપી છે. સમિતિએ 'વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ (વીડીએ) પર અભ્યાસ અને આગળ વધવાનો માર્ગ' વિષય પર આરબીઆઈના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. સમિતિએ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ના પ્રતિનિધિઓ સાથે વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ અને આગળ વધવાનો માર્ગ વિષય પર પણ ચર્ચા કરી હતી. ચર્ચાથી વાકેફ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરબીઆઈ એ પેનલને જણાવ્યું હતું કે, વીડીએ ભારત જેવા ઊભરતા અર્થતંત્ર માટે ખતરો છે અને આ તબક્કે ભારતમાં તેને કાયદેસર બનાવવું જોઈએ નહીં. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રજૂઆત કરી હતી કે, ડિજિટલ નાણાનો ઉપયોગ આતંકદાવી ભંડોળ અને નાર્કોટિક્સ દાણચોરી જેવી ગેરકાયદેસર પ્રવૃતિઓ માટે થઈ શકે છે. આ ઉપરાંત જણાવ્યું હતું કે, ક્રિપ્ટો ટ્રેડિંગમાં સામેલ ઓફશોર એન્ટિટી પર નજર રાખવી ખૂબ જ મુશ્કેલ છે, જે નિયમનકારી સત્તાવાળાઓ માટે નોંધપાત્ર પડકારો ઊભા કરે છે. મીટિંગ બાદ, મહતાબે સંવાદદાઓને જણાવ્યું હતું કે, આરબીઆઈ ભારતમાં વીડીએ ને કાયદેસર બનાવવાનો વિરોધ કરે છે. ભાજપના નેતાએ એમ પણ કહ્યું હતું કે, સમિતિ આવકવેરા કાયદા અનુસાર વીડીએ ના ભાગનું ઓડિટ કરી રહી છે. દેશના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોની સર્વોચ્ચ સંસ્થાએ પણ સમિતિને રજૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે, તેઓ વ્યાપક વીડીએ કાયદાને સમર્થન આપે છે. આઈસીએઆઈએ જણાવ્યું હતું કે, તે હિસ્સેદારો માટે સ્પષ્ટતા વધારવા અને વીડીએ સંબંધિત નાણાકીય રિપોર્ટિંગ અને પાલન માળખાને મજબૂત બનાવવા માટે સિદ્ધાંત-આધારિત અભિગમ અને માર્ગદર્શન પૂરું પાડીને મદદ કરી શકે છે.

## ઊંચા ભાવ છતાં જૂનમાં દેશમાં પેટ્રોલ, ડીઝલના વપરાશમાં વધારો

- પેટ્રોલનો વપરાશ ગયા વર્ષની સરખામણીમાં 7 ટકા, જ્યારે ડીઝલની માંગ 5.52 ટકા વધી

મુંબઈ

બળતણની કિંમતો વધવા છતાં, જૂન મહિનામાં ભારતમાં પેટ્રોલનો વપરાશ ગયા વર્ષની સરખામણીમાં ૭ ટકા વધી ગયો, જ્યારે ડીઝલની માંગ ૫.૫૨ ટકા વધી છે. આ માહિતી પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના પ્રારંભિક આંકડાઓ પરથી મળી છે. જૂનમાં પેટ્રોલનો વપરાશ ૩૭.૬૮ લાખ ટન રહ્યો હતો, જ્યારે ગયા વર્ષે આ જ મહિનામાં તે ૩૫.૨૨ લાખ ટન હતો. ખરીફ પાકની વાવણીના કારણે ખેતી-ખેડૂતોમાં ડીઝલની માંગ વધી છે. જૂનમાં ડીઝલનં વેચાણ ૮૫.૫૨ લાખ ટન રહ્યં. જે ગયા વર્ષે જૂનમાં ૮૧.૦૫ લાખ ટન હતું. તાજેતરમાં જ પેટ્રોલ અને ડીઝલના ભાવ પ્રતિ લીટર આશરે ૭.૫ રૂપિયા વધ્યા હતા. આનું કારણ અમેરિકા-ઈરાન યુદ્ધ દરમિયાન ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ ૧૦૦ ડૉલરથી ઉપર પહોંચી ગઈ હતી. હવે બંને દેશો વચ્ચે અસ્થાયી સમજૂતી થવા અને હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખુલવાને કારણે ક્રૂડ ઓઈલની કિંમત ઘટીને ૭૨ ડૉલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. ભારતની સૌથી મોટી ખાનગી બળતણ (ઈંધણ) કંપની, નાયરા રૂએનર્જીએ ૧ જુલાઈના રોજ પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર ૫ રૂપિયા અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૩ રૂપિયાનો ઘટાડો કર્યો છે. આ પહેલા કંપનીએ માર્ચ મહિનામાં કિંમતો વધારી હતી. હવે નાયરાના ભાવ સરકારી તેલ કંપનીઓ ની સમકક્ષ થઈ ગયા છે.જૂનમાં વિમાન ઈંધણ (એટીએફ) ની માંગ ૦.૫૮ ટકા ઘટીને ૭.૨૬ લાખ ટન રહી હતી, જ્યારે ગયા વર્ષે જૂનમાં તે ૭.૩૦ લાખ ટન હતી. આનું કારણ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને લીધે હવાઈ મુસાફરીની માંગમાં ઘટાડો થવાનું જણાવાયું છે. જૂનમાં રાંધણ ગેસ (એલપીજી) નું વેચાણ ૧૬.૭૦ ટકા ઘટીને ૨૧.૮૪ લાખ ટન રહ્યંછે.

# PMએ સાણંદમાં CG સેમિ. પ્લાન્ટમાં ચિપના ઉત્પાદનનો પ્રારંભ કરાવ્યો

## મોદીએ કહ્યું કે, અહીં વર્ષે 20 કરોડ ચિપ નીકળશે અને 500 કરોડનો લક્ષ્યાંક છે. સેમિકોન ઇન્ડિયા પ્રોગ્રામ તેજ ગતિ પકડી રહ્યો છે




**'20 વર્ષ પહેલાં યોજના બનાવી હતી, હું આજે અંદરથી ખૂબ ખુશ છું': PM**

**અમદાવાદ**

PM નરેન્દ્ર મોદીએ સાણંદ ખાતે CG સેમિ આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ઉદ્ઘાટન કર્યું છે. આ સાથે 4 મહિનામાં ત્રીજા પ્લાન્ટમાં ચિપનું ઉત્પાદન શરૂ થઈ ગયું છે. આ સાથે જ છેલ્લા 5 મહિનામાં જ ગુજરાતના 4 પ્લાન્ટમાંથી ત્રણમાં ચિપનું ઉત્પાદન થવા લાગ્યું છે.

સાણંદના કાર્યક્રમ બાદ પીએમ મોદી અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા. જ્યાં તેમણે રાજ્યના મંત્રીમંડળ સાથે બેઠક યોજી છે. આ બેઠકમાં મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી સહિતનું સમગ્ર મંત્રીમંડળ હાજર છે.

મોદીએ કહ્યું કે, અહીં વર્ષે 20 કરોડ ચિપ નીકળશે અને 500 કરોડનો લક્ષ્યાંક છે. સેમિકોન ઇન્ડિયા પ્રોગ્રામ તેજ ગતિ પકડી રહ્યો છે. સ્ટેપ બાય સ્ટેપ, બ્રિક બાય બ્રિક અને હવે ચિપ બાય ચિપ. આજે 20 વર્ષ જૂનું સપનું પૂર્ણ થયું છે.

CG સેમિનો પ્લાન્ટ જાપાન અને થાઈલેન્ડ સાથે ઇન્ડસ્ટ્રી પાર્ટનર સાથે જોડવાનો પ્રયાસ છે. આ ભારતની સેમિ કંડકટર યાત્રાને આગળ વધારશે. આજે કોમર્શિયલ ઉત્પાદન શરૂ થશે. દર વર્ષે 20 કરોડ ચિપ નીકળશે. દર વર્ષે 500 કરોડ ચિપ બનાવવાનો લક્ષ્યાંક છે. દરરોજ 1.5 કરોડ જેટલી બનશે જે ખુબ જ જલ્દી કરશો એવો ભરોસો છે.

20 વર્ષ પહેલાં મેં ગુજરાતમાં સેમિ કન્ડક્ટરનો પ્લાન્ટ લગાવવા માટે યોજના બનાવી હતી. ગાંધીનગર અને પ્રાંતિજ પાસે 350-400 એકર જમીન નક્કી કરી હતી. કંપનીઓ સાથે વાત કરી હતી.

પરંતુ તે સમયે ભારત સરકારને શું થઈ ગયું કે, વાત આગળ વધી શકી નહીં. મારું 20-22 વર્ષ જૂનું સપનું પૂર્ણ થયું છે. દેશમાં તે સમયે ચિપની કોઈ ચર્ચા કરતું નહીં અને કોઈ વાત કરે તો મીડિયા મજાક ઉડાવતું હતું. હું આજે અંદરથી સૌથી વધુ ખુશી અનુભવું છું.

સાણંદમાં દેશનું એક સેમિ કંડકટર કલસ્ટર શરૂ થયું છે. અનેક કંપનીઓ આવશે અલગ અલગ સેક્ટરની કંપનીઓ પણ આવશે.લાખો રોજગાર મળતાં અર્થતંત્ર મજબૂત બની રહ્યું છે.આપણે મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગથી શરૂઆત કરી હતી. આજે ભારતમાં મોબાઈલ ફોન પહેલા કરતાં 33 ટકા વધુ થઈ રહ્યું છે.

2014 પહેલાં મોબાઈલ ફોન બહારથી લાવતાં હતા. હવે દુનિયામાં સૌથી મોટું બીજું ઉત્પાદન કરે છે. ઈલેક્ટ્રોનિક ઉત્પાદન 7 ગણું વધી ગયું છે. ભારત હવે માત્ર મોબાઈલ , ઈલેક્ટ્રિક ઉત્પાદન નહીં પરંતુ ઈલેક્ટ્રિકની દુનિયા ચાલે છે એવી ચિપ પણ બનાવીશું.

### ■ દેશને સેમિ કન્ડક્ટર હબ બનાવવાનો 5 વર્ષ પહેલા સંકલ્પ કર્યો હતો: મોદી

OSAT ફેસિલિટીના ઉદ્ઘાટન બાદ મોદીએ સંબોધન કરતા કહ્યું કે, કેમ છો બધા? આજનો કાર્યક્રમ એ વાતનું પ્રમાણ છે કે, ભારત જે નક્કી કરી લે એ કરી બતાવે છે. 5 વર્ષ પહેલાં ભારતે સંકલ્પ લીધો હતો કે, દેશને સેમિ કન્ડક્ટર હબ બનાવીશું. અમે મેક ઈન ઈન્ડિયાના મંત્રને લઈ આગળ વધ્યા છીએ.

### ■ 'C2-95 વિમાન વડોદરામાં બન્યું અને ઉડાન ભરી'

હમણાં C2-95 વિમાન વડોદરામાં બન્યું અને ઉડાન ભરી હતી. એક જમાનામાં સાયકલ બનાવનાર આવતા તો મીઠાઈ વેચતા આજકાલ તો વિમાનો બનાવી રહ્યા છીએ. આપણે દુનિયાના ઔદ્યોગિક ઈતિહાસને જોઈએ તો એક વાત સ્પષ્ટ થાય છે કે, કોઈપણ ઈન્ડસ્ટ્રીયલ પાવરનો પાવર ક્લસ્ટર હોય છે.

### ■ 5000 સીધી અને પરોક્ષ રોજગારીની તકોનું સર્જન

આ OSAT સુવિધામાં QFN, QFP જેવી લિગેસી ચીપ્સ અને આધુનિક FC-BGA અને FC-CSP ચિપ્સનું નિર્માણ કરવામાં આવશે જે ઓટોમોટિવ, ઈલેક્ટ્રોનિક્સ, ઈન્ડસ્ટ્રીઅલ સાધનો, 5G સાધનો અને પાવર એપ્લિકેશન ક્ષેત્રની જરૂરિયાતોને પૂર્ણ કરશે. આ કંપનીમાં અત્યારે 300થી વધુ કર્મચારીઓ કાર્યરત છે. આ પ્લાન્ટ શરૂ થવાથી આગામી પાંચ વર્ષમાં 5000 સીધી અને પરોક્ષ રોજગારીની તકોનું સર્જન થશે.

---

**હાઈવેની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા દાવો**

## આપત્તિ વ્યવસ્થાના આદેશો કરાયા, કલેક્ટરની પ્રિ-મોન્સૂન બેઠક યોજાઇ

**અમદાવાદ**

ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને અમદાવાદ કલેક્ટર દ્વારા તમામ વહીવટી અધિકારીઓ સાથે એક મહત્ત્વપૂર્ણ પ્રિ-મોન્સૂન સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં સંભવિત કુદરતી આપત્તિઓ, અતિવૃષ્ટિ અને પૂર જેવી પરિસ્થિતિઓને પહોંચી વળવા માટેના આગોતરા આયોજન અંગે વિગતવાર ચર્ચા થઈ હતી. કલેક્ટરે તમામ વિભાગોને 24 કલાક એલર્ટ રહીને લોકો તથા પશુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા કડક આદેશો આપ્યા છે.

જો કે, દર વર્ષે ચોમાસા પહેલા આવી બેઠકો અને આદેશોનો દોર ચાલે છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી ન થતાં આદેશોનું ઉલ્લંઘન થતું જોવા મળે છે. ત્યારે આ વખતે વહીવટી સુકાન સંભાળનારા નવા કલેક્ટરના આદેશોનું અધિકારીઓ કેટલું પાલન કરે છે અને દર વર્ષે ચોમાસામાં હાલાકી ભોગવતી



જનતાને કેટલી રાહત મળે છે તે જોવું રહ્યું.

ચોમાસા દરમિયાન અમદાવાદ-બાવળા હાઈવે પર ભારે પાણી ભરાવાની જૂની અને જટિલ સમસ્યા છે. કલેક્ટરના જણાવ્યાનુસાર, આ સમસ્યાના કાયમી ઉકેલ માટે અલગ-અલગ નાના-મોટા પ્રોજેક્ટ્સ હેઠળ અત્યારે યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે. આગામી કેટલાક મહિનાઓમાં આ સમસ્યાનું કાયમી નિરાકરણ આવી જશે. આ સાથે જ, ચાલુ કામગીરી દરમિયાન વાહનચાલકો અને સ્થાનિક લોકોને કોઈ મુશ્કેલી ન પડે તેનું ખાસ ધ્યાન રાખવા પણ નિર્દેશ અપાયા છે.

---

**અમદાવાદ ભાજપમાં મોટું ગાબડું**

## બારેજા નગરપાલિકા અને દશક્રોઈ તાલુકા પંચાયતના હોદ્દેદારો કેસરિયો છોડી કોંગ્રેસમાં જોડાયા

**આ લોકપ્રિય નેતાઓના પક્ષમાં આવવાથી જનસેવાની ભાવના વધુ મજબૂત બનશે અને સ્થાનિક સ્તરે લોકહિત માટેનો સંઘર્ષ વધુ સશક્ત બનશે : કોંગ્રેસ**

**અમદાવાદ/બારેજા**

ગુજરાતના રાજકારણમાં અને ખાસ કરીને અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક બહુ મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. સત્તાના નશામાં ચૂર શાસક પક્ષ ભાજપને ધોળા દિવસે તારા દેખાઈ જાય તેવો જોરદાર ફટકો વાગ્યો છે. અમદાવાદ જિલ્લાની મહત્વની ગણાતી બારેજા નગરપાલિકા તેમજ દશક્રોઈ તાલુકા પંચાયતના અનેક દિગ્ગજ હોદ્દેદારો, પદાધિકારીઓ અને સક્રિય કાર્યકરો ભાજપ સાથેના છેડા ફાડીને વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાઈ ગયા છે. આ સામૂહિક પક્ષપલટાથી દશક્રોઈ પંથકના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ મુકુલ વાસનિક (Mukul Wasnik) અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ (Gujarat Congress) ના ઉચ્ચ નેતાઓની હાજરીમાં આ તમામ પદાધિકારીઓનું તિલક કરીને અને કોંગ્રેસનો ખેસ પહેરાવીને ભવ્ય સ્વાગત



કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ નેતાગીરીએ આ જોડાણને આવકારતા જણાવ્યું છે કે, આ લોકપ્રિય નેતાઓના પક્ષમાં આવવાથી જનસેવાની ભાવના વધુ મજબૂત બનશે અને સ્થાનિક સ્તરે લોકહિત માટેનો સંઘર્ષ વધુ સશક્ત બનશે. બીજી તરફ, પોતાના ગઢ ગણાતા દશક્રોઈ અને બારેજામાં આટલું મોટું ગાબડું પડતાં જ ભાજપના સ્થાનિક નેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ સરકારના આંતરિક આટાપાટા, વહાલા-દવાલાની નીતિ અને સ્થાનિક પ્રજાના કામો ન થતા હોવાના કારણે આ હોદ્દેદારો લાંબા સમયથી નારાજ ચાલી રહ્યા હતા.

---

**પેન્ડિંગ ફાઇલોનો ફટાફટ નિકાલ થશે**

## અમદાવાદ-સુરત સહિત 6 નવી કચેરીઓના ઇન્ચાર્જ DEOના નામ જાહેર

**અમદાવાદ**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા મોટા જિલ્લાઓમાં વહીવટી ભારણ ઘટાડવા માટે નવી 6 જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમજ મોટા જિલ્લાઓની કચેરીઓનું વિભાજન કરી ગ્રામ્ય અને વિસ્તારવાર કચેરીઓ બનાવી છે. જે માટે હવે નવા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં ઈન્ચાર્જ DEO તરીકેના શિક્ષણ વિભાગ દ્વારા હુકમ કરવામાં આવ્યા છે. 6 જેટલી નવી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં ઈન્ચાર્જ DEOની નિમણૂક કરવામાં આવી છે.

અમદાવાદ પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી તરીકે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. તો ગાંધીનગર ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી તરીકે ગાંધીનગર શહેરના જિલ્લા શિક્ષણાધિકારી ભગવાન પ્રજાપતિને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

વડોદરા ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી તરીકે વડોદરા શહેરના જિલ્લા શિક્ષણાધિકારી મુકેશકુમાર પાંડેને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. તો સુરત ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી તરીકે સુરત શહેર જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથસિંહ પરમારને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

કચ્છ અંજાર જિલ્લા શિક્ષણાધિકારી તરીકે કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. તો રાજકોટ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી તરીકે રાજકોટ શહેર જિલ્લા દીક્ષિત પટેલને વધારાનો ચાર્જ શિક્ષણ વિભાગ દ્વારા સોંપવામાં આવ્યો છે.

---

**બુટલેગરો અને વ્યાજખોરો પર કસાશે સકંજો**

## અમદાવાદના નવા સુકાની : કમિશનર તરીકે અનુપમસિંહ ગહેલોતે વિજય મુહૂર્તમાં સંભાળ્યો ચાર્જ

### અમદાવાદ પોલીસ દ્વારા તેમને પરંપરાગત રીતે 'ગાર્ડ ઓફ ઓનર' આપીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

**અમદાવાદ**

ગુજરાતના આર્થિક પાટનગર અને મેગા સિટી અમદાવાદના કાયદો અને વ્યવસ્થાના વડા તરીકે આખરે કડક અને બાહોશ આઈપીએસ (IPS) અધિકારી અનુપમસિંહ ગહેલોતે વિધિવત રીતે ચાર્જ સંભાળી લીધો છે. કમિશનર કચેરી ખાતે શાસ્ત્રોક્ત વિધિ અને વિજય મુહૂર્તના પવિત્ર સમયે તેમણે પદભાર ગ્રહણ કર્યો હતો. સત્તા સંભાળતાની સાથે જ તેમણે પોલીસ બેડાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને સ્પષ્ટ સંકેત આપી દીધા છે કે અમદાવાદ શહેરમાં ગુનાખોરી અને અસામાજિક તત્વો સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવવામાં આવશે.

નવા પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોત કમિશનર કચેરી ખાતે પહોંચતા જ અમદાવાદ પોલીસ દ્વારા તેમને પરંપરાગત રીતે 'ગાર્ડ ઓફ ઓનર' આપીને ભવ્ય સ્વાગત



કરવામાં આવ્યું હતું. વડોદરા, સુરત અને રાજકોટ જેવા સંવેદનશીલ શહેરોમાં સફળતાપૂર્વક કમિશનર તરીકે ફરજ બજાવી ચૂકેલા ગહેલોત પોતાની કડક છાપ અને આયોજનબદ્ધ પોલીસિંગ માટે જાણીતા છે. વિજય મુહૂર્તમાં ચાર્જ સંભાળીને તેમણે સાબિત કરી દીધું છે કે તેમનો એકમાત્ર સંકલ્પ અમદાવાદ શહેરને ગુનામુક્ત અને સુરક્ષિત બનાવવાનો છે.

ચાર્જ સંભાળ્યા બાદ તુરંત જ નવા કમિશનરે શહેરના ટ્રાફિક, સાયબર ક્રાઈમ, મહિલા સુરક્ષા અને ડ્રગ્સ માફિયાઓ સામે કડક પગલાં ભરવાની પ્રાથમિકતા દર્શાવી છે. ખાસ કરીને પૂર્વ અને પશ્ચિમ અમદાવાદમાં ધમધમતા ગેરકાયદેસર ધંધાઓ, બુટલેગરોની દાદાગીરી અને ગરીબોનું લોહી ચૂસતા વ્યાજખોરો સામે આગામી દિવસોમાં મોટું ડ્રાઈવ શરૂ થાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

નવા સુકાનીની એન્ટ્રી થતાં જ ખાખી વર્દીનો રોફ જમાવીને હપ્તાખોરી કરતા કેટલાક ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

મોટો પડકાર: વિકસતા જતા અમદાવાદ શહેરમાં ટ્રાફિકની જટિલ સમસ્યા અને સાયબર ફ્રોડના વધતા કેસો સામે નવું મોનિટરિંગ તંત્ર કેવી રીતે કામ કરશે તેના પર સૌની નજર રહેશે.

---

## દવા નથી પીવી કહી ઉપરના માળે જઇ ગળાફાંસો ખાધો : ઓઢવ નારી સંરક્ષણ ગૃહમાં માનસિક અસ્થિર મહિલાએ આપઘાત કર્યો

**અમદાવાદ**

અમદાવાદના ઓઢવ નારીગૃહ સંરક્ષણ ગૃહમાં એક માનસિક અસ્થિર મહિલાએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. ગઈકાલે(3 જુલાઈ) રાત્રિના સમયે બધી મહિલાઓ નીચે હતી ત્યારે દવા નહીં પીવાનું કહી ઉપરના માળે જઈને આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા ઓઢવ પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસે અકસ્માતે મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ શહેરના ઓઢવ વિસ્તારમાં નારી સંરક્ષણ ગૃહ આવેલું છે. નારી સંરક્ષણ ગૃહમાં માનસિક અસ્થિર મહિલાઓને પણ રાખવામાં આવે છે. ગઈકાલે રાત્રે 9 વાગ્યાની આસપાસ તમામ મહિલાઓ નારી સંરક્ષણ ગૃહમાં હાજર હતી અને દવા લેવાનો સમય થયો હતો ત્યારે નેહાબેન નામની મહિલા જેને ગઈકાલે જ હોસ્પિટલથી લાવવામાં આવી હતી તેને પણ દવા લેવાનું કીધું હતું, પરંતુ પોતે દવા પીવી નથી એમ કહી દીધું હતું. બધી મહિલાઓ નીચે હતી અને પોતે દવા નથી પીવું એમ કહી ઉપરના માળે જતી રહી હતી. ઉપરના માળે જઈને નેહાબેને આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ ઓઢવ પોલીસને કરવામાં આવતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી.

---

## અમદાવાદના વાડજ જંક્શન ફ્લાયઓવરની કામગીરી સુપર ફાસ્ટ મોડમાં : 41 મીટર લાંબા સ્પાન ઉપર ગર્ડર લોન્ચિંગ શરૂ


### આ મહત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થતાં જ વાડજ જંક્શન ફ્લાયઓવર પ્રોજેક્ટની પ્રગતિમાં એક નવો માઈલસ્ટોન ઉમેરાશે અને સમગ્ર બ્રિજ નિર્ધારિત સમયમાં જનતા માટે ખુલ્લો મૂકવા વધુ ગતિ મળશે

**અમદાવાદ**

મેગા સિટી અમદાવાદના સૌથી વ્યસ્ત અને ટ્રાફિકથી ઉભરાતા એવા વાડજ જંક્શન પર બની રહેલા ફ્લાયઓવર બ્રિજની કામગીરીને લઈને અત્યંત મહત્વના અને સારા સમાચાર સામે આવ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વાડજ જંક્શનથી ગાંધી આશ્રમ તરફના બ્રિજ પર ૪૧ મીટર લાંબા સ્પાન માટે PG-1 થી GP-3 વચ્ચે ગર્ડર લોન્ચિંગની અત્યંત જટિલ અને મહત્વપૂર્ણ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. પ્રોજેક્ટને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે તંત્ર અત્યારે ફુલ એક્શન મોડમાં જોવા મળી રહ્યું છે.

અમદાવાદીઓને ટ્રાફિકની આ ભયાનક સમસ્યામાંથી વહેલી તકે મુક્તિ અપાવવા માટે પાલિકાના ઈજનેરો અને મજૂરોની ટીમ રાત-દિવસ એક કરી રહી છે. ૩ જુલાઈની રાત્રિથી



જ આ ગર્ડર લોન્ચિંગનો મોટો ટાસ્ક શરૂ કરી દેવામાં આવ્યો છે, જેને આગામી ૫ જુલાઈની રાત સુધીમાં કોઈપણ ભોગે પૂર્ણ કરવાનો મક્કમ લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થતાં જ વાડજ જંક્શન ફ્લાયઓવર પ્રોજેક્ટની પ્રગતિમાં એક નવો માઈલસ્ટોન ઉમેરાશે અને સમગ્ર બ્રિજ નિર્ધારિત સમયમાં જનતા માટે ખુલ્લો મૂકવા વધુ ગતિ મળશે.

વાડજ એ અમદાવાદનો એવો વિસ્તાર છે જ્યાં લાખો વાહનોની અવરજવર રહે છે. તેને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા ટ્રાફિક મેનેજમેન્ટનું બહુ સચોટ આયોજન કરવામાં આવ્યું છે. ગર્ડર લોન્ચિંગની આ ભારે કામગીરી દરમિયાન વાહનચાલકોને કોઈ હાલાકી ન ભોગવવી પડે તે માટે માત્ર રાત્રિના સમયે જ એક તરફનો રોડ બંધ રાખવામાં આવી રહ્યો છે. જ્યારે દિવસ દરમિયાન ટ્રાફિક સંપૂર્ણપણે રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવે છે, જેથી નોકરિયાતો અને ધંધાર્થીઓને કોઈ મુશ્કેલી ન નડે.

વિકાસની નવી રફતાર: વાડજ જંક્શન પર આ બ્રિજ બની જતાં ગાંધી આશ્રમ, સુભાષબ્રિજ અને રાણીપ તરફ જતા હજારો વાહનચાલકોનો કિંમતી સમય અને ઈંધણ બંને બચશે.

શું AMC ના અધિકારીઓ આ ગર્ડર લોન્ચિંગ બાદ બ્રિજના બાકીના કામો પણ આવી જ સુપર-ફાસ્ટ સ્પીડથી પૂરા કરશે ખરા?

---

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI